DAYANAND SARASWATI (Gujarati Edition)

Meghani, Jhaverchand

VISIT...

LANZAROTE Caliente.COM

દયાનંદ સરસ્વતી

ઝવેરચંદ મેઘાણી



DAYANAND SARASWATI
By JHAVERCHAND MEGHANI
Published by Gurjar Granthratna Karyalay,
Gandhi Road, Ahmedabad 380 001



પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-380001
ફોન : 079-22144663, 09227044777
e-mail : goorjar@yahoo.com
ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006.
ફોન : 26564279 email : bhagwatioffset@yahoo.com

Table of Contents

નિવેદન

સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિરના જાણીતા પ્રકાશન 'ઝંડાધારી'માં બે કલમનું સહકર્તૃત્વ હતું. તેને બદલે મારી એક જ કલમે મેં એનું સંસ્કરણ કર્યું, ને પહેલો ખંડ મેં નવેસરથી લખ્યો. તે છપાઈને તૈયાર થયું ત્યારે મને ખબર પડી કે અસલ 'ઝંડાધારી'ના હક્કો શ્રી આણંદવાળા આર્ય સમાજને સ્ટેટસ પીપલ તરફથી અપાયા છે. તે પછી, 'ઝંડાધારી' નામ નીચે તેને પ્રગટ કરવાનો હક્ક મને રહેતો નહોતો.

મૂળ આધારનાં અનેક પુસ્તકો તેમ જ ખુદ સ્વ. મહર્ષિજીની આત્મકથા ફરીવાર ઝીણવટથી વાંચી જઈને આ નવા આલેકનમાં મેં પુષ્કળ વિગતો ઉમેરી છે.

આ પુનરાલેખનમાં મેં નજર સામે એક જ લક્ષ્ય રાખ્યું છે, કે આર્યસમાજની એક પંથ કે સંસ્થા તરીકેની કશી મીમાંસામાં પડ્યા વગર કેવળ એક પુરુષવરનો જ જીવનવિકાસ કહેતી કથાને ઉપસાવી કાઢવી અને તેમના ચારિત્રને બને તેટલું વધુ ઘટનામય બનાવવું. તેમાં ભાષાને શબ્દાડમ્બરથી મુક્ત અને સરળ ચિત્રાત્મક બનાવવા મહેનત લીધી છે. લખતાં લખતાં મારી દ્રષ્ટિ સામે મુખ્યત્વે કિશોરો, કુમારો અને યુવાનો, તેમ જ બિનસંપ્રદાયી આમજનતા રહી છે. અનેક જીવનપ્રસંગો ઉમેરાયા છે. તકરારી પ્રશ્નોના ગુણદોષોમાં હું ઊતર્યો નથી.

1-4-'44 – ઝવેરચંદ મેઘાણી
રાણપુર

પુનર્મુદ્રણવેળાએ

1944માં પ્રથમ આવૃત્તિ પ્રગટ થયા પછી, 77 વર્ષે ગૂર્જર સાહિત્ય ભવન દ્વારા ‘દયાનંદ સરસ્વતી’નું પુનર્મુદ્રણ થઈ રહ્યું છે, એનો અમને આનંદ છે. કિશોરો, કુમારો તથા યુવાનોને આ મહર્ષિના જીવનમાંથી પ્રેરણા મળશે એવી આશા છે.

એપ્રિલ, 2021 મેઘાણી-પરિવાર વતી
મંજરી મેઘાણી

અનુક્રમ

બાળક મૂળશંકર

સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ)માં મોરબી નામે રાજ્ય છે. તેમાં ટંકારા નામે ગામ છે. આ ગામમાં એકસો ને સત્તર વર્ષ પહેલાં કરસનજીભાઈ નામના એક અૌદીચ્ય બ્રાહ્મણ રહેતા હતા. પોતે જમીનદાર હતા, લેણદેણનો ધંધો પણ કરતા; ભિક્ષાવૃત્તિ નહોતા કરતા. પોતે ચુસ્ત શિવભક્ત હતા.

તેમને ઘેર મૂળશંકર નામે દીકરો હતો. દીકરાને માતાપિતા કુળની રીતિ મુજબ શિક્ષણ દેતાં હતાં. પાંચ વર્ષની વયે તો મૂળશંકરે દેવનાગરી કક્કો ભણવા માંડ્યો. માબાપ એને ધર્મશાસ્ત્રોના શ્લોકો અને સૂત્રો પણ મોંયે કરાવતાં હતાં.

મૂળશંકર આઠ વર્ષનો થયો, એને જનોઈ દીધી, ગાયત્રી, સંધ્યા અને તેની ક્રિયા પણ શીખવવામાં આવ્યાં. યજુર્વેદની સંહિતાઓ પણ એને ભણાવવા લાગ્યા, ઉપરાંત પિતા એને માટીનું શિવલિંગ બનાવીને પૂજા કરવાનું પણ કહ્યા કરતા.

દીકરાનો અાવો કઠોર ઉછેર મૂળશંકરની બાને ગમતો નહિ. છોકરો માંદો પડશે, છોકરાને સવારે પહેલાં જમવાની ટેવ છે, એ મોડે સુધી ભૂખ્યો ન રહી શકે, અને પૂજાપાઠ કરે તો-તો વહેલા જમાય નહિ, એવું કહીને બા વિરોધ કરતાં. બાપુ હઠ કરતા કે પૂજા તો કરવી જ જોઈએ, કારણ કે એ તો કુટુંબની રીતિ છે. એમ કરતાં-કરતાં અા વિરોધ એટલો બધો વધ્યો કે બા અને બાપુ વચ્ચે કંકાસ પણ મચવા લાગ્યો.

આ અરસામાં મૂળશંકરે તો કંઈક વ્યાકરણ, વેદ વગેરેનો અભ્યાસ કરી કાઢ્યો. બાપુ એને પોતાની સાથે મંદિરોમાં ને સંમેલનોમાં લઈ જતા તથા કહેતા કે શિવની ઉપાસના જ સર્વથી શ્રેષ્ઠ છે. ચૌદ વર્ષનો થતાં સુધીમાં તો મૂળશંકરે યજુર્વેદની સંહિતા પૂરી શીખી લીધી, બીજા વેદોના પાઠ પણ ખતમ કર્યા, નાના-નાના વ્યાકરણગ્રંથો પણ ભણી કાઢ્યા. પછી તો

જ્યાં-જ્યાં શિવપુરાણ વગેરેની કથા થતી હોય ત્યાં બાપુ એને બેસારતા હતા અને બાની ના છતાં માટીના શિવલિંગનું પૂજન પણ એની પાસે કરાવતા હતા.

એમ કરતાં શિવરાત્રિ આવી. તેરશને દિવસે બાપુએ એને શિવરાત્રિની કથાનો મહિમા સંભળાવીને વ્રત કરવાનો પણ નિશ્ચય લેવરાવ્યો. બા કહે કે એનાથી બાપડાથી વ્રત નહિ રહેવાય, પણ વ્રત તો લેવાઈ ચૂક્યું હતું.

ચૌદશની સાંજ પડી. વસ્તીના મોટા-મોટા શિવભક્તો પોતપોતાના પુત્રોને લઈ મંદિરમાં જાગરણ કરવા ગયા. મૂળશંકર પણ બાપુ સાથે ત્યાં ગયો, શિવરાત્રિના પહેલા પહોરની પૂજા પૂરી કરીને પૂજારીઓ તો બહાર નીકળી ઊંઘી ગયા, પણ ન સૂતો એક મૂળશંકર. એણે સાંભળી રાખ્યું હતું કે સૂવાથી તો શિવરાત્રિનું ફળ ન મળે. આંખે પાણી છંટકોરી-છંટકોરીને અે જાગતો રહ્યો. પછી તો બાપુ પણ સૂઈ ગયા.

*

'બાપુ! બાપુ! જાગોને!'

'કેમ મૂળશંકર? શું છે?'

'હેં બાપુ, આ મંદિરના જે મહાદેવ છે, તે પેલા શિવરાત્રિની કથાવાળા મહાદેવ, કે કોઈ બીજા?'

'એમ કેમ પૂછે છે?'

'કથાના મહાદેવ તો પોઠિયાના વાહનવાળા, ફરતા- હરતા, ખાતા-પીતા, હાથમાં ત્રિશૂળ રાખતા, ડમરુ બજાવતા, વર દેતા ને શાપ અાપતા કૈલાસપતિ છે, તો અા મહાદેવ કેમ નિર્જીવ છે?'

'નિર્જીવ કેમ?'

'આ મહાદેવના લિંગ ઉપર તો ઊંદરડા ચડે છે ને ગંદકી કરે છે. મહાદેવજી અેમ કેમ કરવા દે છે?'

'તેં ક્યારે જોયું?'

'અત્યારે જોયું. તમે બધા સૂઈ ગયા હતા, હું જાગતો હતો.'

'છોકરા, આ તો કળિયુગ છે. કૈલાસના મહાદેવ સાક્ષાત દર્શન દેતા બંધ પડ્યા છે. એટલે જ એની મૂર્તિનું આવાહન કરવાનું છે. આંહીં એની મૂર્તિને પૂજીએ એટલે ત્યાં કૈલાસમાં એ પ્રસન્ન થાય.'

મૂળશંકર ચૂપ બની ગયો. મનમાં ને મનમાં એને થયું કે નક્કી આ બાબતમાં કાંઈક ગોટાળો છે. રાત હજુ ઘણી બાકી હતી. પણ મૂળશંકરને કકડીને ભૂખ લાગી હતી. એણે બાપુને પૂછ્યું, 'ઘેર જાઉં?'

'હા, સિપાહીને લઈને જા, પણ ખબરદાર! સવાર પહેલાં ખાઈ ન લેતો.'

ઘેર પહોંચીને મૂળશંકરે બાને કહ્યું, 'બા, ભૂખ બહુ લાગી છે. રહેવાતું નથી.' બાએ મીઠાઈ આપી, એ ખાઈને રાતના એક વાગે મૂળશંકર સૂઈ ગયો.

બાપુએ સવારે ઘેર આવીને જાણ્યું કે મૂળશંકરે શિવરાત ભાંગી! બહુ ગુસ્સે થયા. કહે કે તેં મહાપાપ કર્યું.

મૂળશંકરે જવાબ દીધો : 'એ કથાવાળા મહાદેવ તો નથી, તો પછી હું શીદ એની પૂજા કરું? તમે કહો છો કે ભણ, પણ મને અા પૂજાપાઠમાંથી વખત જ ક્યાં મળે છે?'

એવું મનમાં તો નહોતું, છતાં ઉપરથી કહીને પિતાને શાંત પાડ્યા. બાએ ને કાકાએ પણ બાપુનો રોષ ઓછો કરાવ્યો. બાપુ કહે, ભલે ભણે. નાનકડા મૂળશંકરે ભણવા માંડ્યું : નિઘંટુ, નિરૂક્ત અને પૂર્વમીમાંસા જેવાં અઘરાં શાસ્ત્રો ગોખવા લાગ્યો અને કર્મકાંડ પણ શીખવા

લાગ્યો.

*

મૂળશંકર સોળ વર્ષનો થયો ત્યારે એની બહેન ચૌદ વર્ષની હતી. બહેન એને બહુ વહાલી હતી. અેક રાત્રિએ એક ઠેકાણે નાચનો જલસો હતો ત્યાં મૂળશંકર પોતાના કુટુંબીઓ સાથે બેઠો હતો. નોકરે આવીને ખબર આપ્યા કે બહેનને ઝાડા-ઊલટી થઈ આવ્યાં છે. બધા ઘેર આવ્યા, વૈદોને બોલાવ્યા, દવાઓ દીધી, પણ ચાર કલાકમાં તો બહેનનો જીવ ઊડી ગયો.

જન્મ ધરીને પહેલી જ વાર મૂળશંકરે માનવીને મરતું જોયું. એના હૃદય પર વજ્રપાત થયો. બીજાં બધાં રોકકળ કરવા લાગ્યાં, પણ મૂળશંકરને રડવું આવ્યું જ નહિ. એના દિલ પર તો મોતની જ ધાક પડી ગઈ. એ ડઘાઈ ગયો. અરે, સંસારમાં શું કશું જ નથી! હું યે શું કોઈક દિવસ આમ ઊડી જવાનો! તો-તો કંઈક એવું કરવું જોઈએ કે જેથી આ જન્મમરણનાં દુ:ખોમાંથી છુટકારો મળે. આ વિચાર એ બહેનના શબ સામે કરતો રહ્યો. વિચાર એણે મનમાં જ સંઘર્યો. કોઈને કશું કહ્યું નહિ.

આખું કુટુંબ રડી રહ્યું હતું. મૂળશંકર પાષાણની પ્રતિમા જેવો સૂનમૂન ઊભો હતો. વિચારો વેગ કરતા હતા : નક્કી એક દિવસ મૃત્યુ આવી ઊભું રહેશે. એ દુ:ખના નિવારણની દવા હું તે ટાણે ક્યાં શોધવા જઈશ? કોના વિશ્વાસે રહીશ? મુક્તિનો ઇલાજ મારે ચોક્કસ હાથ કરવો જ જોઈએ : એ મનસૂબો કરતાં-કરતાં સંસાર પરથી એનું મન તદ્દન ઊઠી ગયું.

*

ઓગણીસ વર્ષનો થયો, એટલે ફરી એક વાર મૂળશંકરને મૃત્યુએ દેખા દીધી. આ વખતે મૃત્યુએ એના વહાલા, એના પર અગાધ વહાલ વરસાવતા, ધર્માત્મા અને વિદ્વાન એવા એના કાકાને ઝપટમાં લીધા.

મરતી વેળા કાકાએ એને પાસે બોલાવ્યો. લોકો કાકાની નાડી જોતા હતા. એ પણ પાસે જઈ બેઠો હતો. એની સામે જોતાં જ કાકાની આંખોમાંથી દડ-દડ આંસુની ધારા વહેવા લાગી. એને પણ ખૂબ-ખૂબ રડવું આવ્યું, આંખો સૂઝી ગઈ. આટલું રડવું તો અેને અગાઉ કદી પણ આવેલ નહિ. અે વખતે અેને પ્રતીતિ થઈ કે હું પણ નક્કી એક દિવસ કાકાની જેમ જ મરવાનો છું. એ મૃત્યુથી મૂળશંકરે મનમાં ગાંઠ વાળી કે આ સંસારમાં કશો સાર નથી. બા-બાપુને તો આ વાત એણે કરી નહિ, પણ બીજા મિત્રોને જણાવ્યું કે પોતાનું દિલ ગૃહસ્થાશ્રમમાં જોડાવાનું નથી રહ્યું. મિત્રોએ જઈ આ વાત એનાં બા-બાપુને કહી. તેમણે બેઉએ વિચારી લીધું કે આને જલદી પરણાવી દેવા એ જ ઠીક છે.

*

‘ભાઈઓ!’ એણે મિત્રોને કહ્યું. ‘પિતાજીને વીનવો કે મને વીશ વર્ષ પૂરાં થવા દે. પછી હું પરણીશ.’

મિત્રોએ બાપુને કહ્યું, બાપુએ હા પાડી. જોતજોતામાં વીશ વર્ષ પૂરાં થયાં. મૂળશંકરે બાપુને વળી પાછા વીનવ્યા : મને કાશી મોકલો. હું વ્યાકરણ, જ્યોતિષ વગેરે વિદ્યા શીખી આવું.

એથી તો બાપુ સાથે બા પણ વીફર્યાં : કાશી ફાશી ક્યાંય નહિ જવા દઈએ. ભણવું હોય તો આંહીં ભણ. આવતી સાલે તો તારા વિવાહ પણ કરવા પડશે, કારણ કે કન્યાવાળા હવે ઢીલ કરવા માગતા નથી. અને હવે વધુ ભણીને આપણે કરવું છેય શું! ઘણું ભણ્યો. હવે તો ઘરનાં જરજમીનનો વહીવટ ઉપાડી લે.

‘ના, હું ભણીને આવું તે પછી વિવાહની વાત.’

'ત્યારે તો હવે જઈ રહ્યો! હમણાં જ વિવાહ કરી નાખીએ.' માબાપ વધુ વીફર્યાં.

મૂળશંકર ચેત્યો. વધુ હઠ હાનિકારક લાગી. એણે વચલો રસ્તો કાઢ્યો. ત્રણ ગાઉ છેટે બાપુની જમીનવાળા ગામડામાં એક સારા પંડિત હતા તેમની પાસે જઇ ભણવું, ને એકવીસમે વર્ષે લગ્ન કરવાં. માબાપે કબૂલ કર્યું.

ભણવા ગયો. એકવીસમું વર્ષ તો આવી ઊભું. વિવાહની તૈયારીઓ થવા લાગી. મૂળશંકરે જોઈ લીધું કે હવે તો મને માબાપ નહિ છોડે; મને બ્રહ્મચારી પણ નહિ રહેવા દે. હવે તો અેવું પગલું ભરવું રહ્યું કે જેથી જન્મભરને માટે લગ્નની પંચાતમાંથી બચી જવાય.

લગ્નની તૈયારી થઈ ચૂકી. સૌ સમજી બેઠેલાં કે મૂળશંકર ડાહ્યોડમરો થઈ ગયો છે. એના દિલની વેદનાની કોઈને ખબર નહોતી. ઢોલ-શરણાઈઓ વાગતાં હતાં, માંડવો નખાતો હતો, માળા નાખવાને વાર નહોતી. એવા સંવત 1903ના એક દિવસની સાંજે મૂળશંકર ઘર છોડીને ભાગ્યો.

ચા ર ગાઉ પર એક ગામ હતું ત્યાં એ પહેલો રાતવાસો રહ્યો. બીજો દિવસ ઊગવાને પહોર રાત બાકી હતી ત્યારે ઊઠીને ચાલ્યો, પંદર ગાઉનો પંથ કાપ્યો. પણ પછી તો જાણીતાં ગામો, ઓળખીતાનાં ગામો અને સડકથી દૂર તરીને, રોજ-રોજ ચાલતો એ આગળ વધ્યો. ત્રીજા દિવસે રસ્તામાં એણે અ ેક મુસાફર પાસેથી વાત સાંભળી કે ફલાણાનો દીકરો ઘેરથી નાસી ગયો છે, એની શોધમાં ઘોડેસવાર અને પેદલ માણસો આંહીં સુધી આવ્યાં હતાં. સાંભળીને મૂળશંકર મૂઠીઓ વાળી ભાગ્યો.

*

બાવાઓનું ટોળું ભગવાં ધરીને ભસ્મનાં તિલકો કરતું બેઠું હતું. વૈરાગ્યના પિપાસુ મૂળશંકરને એણે નજરમાં લીધો. એના હાથમાં હેમની વીંટી દેખી, બીજાં પણ કંઈક અ ાભૂષણો નિહાળ્યાં, પાસે બોલાવ્યો, પૂછ્યું, ‘કાં બચ્ચા, ક્યાં જાય છે?’

‘યોગી મહાત્માની શોધમાં.’ મૂળશંકરે આ ભભૂતધારીઓને સંસારત્યાગીઓ સમજી લીધા અને યાચના કરી : ‘મને અમર થવાનો માર્ગ બતાવશો?’

‘અરે બચ્ચા! એ માર્ગ કંઈ રેઢો પડ્યો છે! આ કંઈ વૈરાગ્યના ઢંગ છે! આ સોનું તો તારી છાતીએથી છૂટતું નથી! પાસે કાંઈ રૂપિયા પણ હશે, ખરું ના?’

‘હા મહારાજ.’

‘ત્યારે બચ્ચા, પક્કા વૈરાગ્યવાન બનવું હોય તો આ બધી માયા ત્યજી દેવી પડશે. સોનારૂપાનો તને સ્પર્શ છે ત્યાં સુધી તો તું સંસારને છોડી રહ્યો.’

‘શું કરું?’

‘અમને ઉતારી આપ. અમે કોઈ ધર્મકાર્યમાં વાપરી નાખશું.’

ભોળા મૂળશંકરે ભવાટવી કદી દીઠેલ નહિ. એનું મન પીગળ્યું. બાવાઓએ એના અંગ ઉપરથી બધી માયા ઉતારી લીધી. પછી બાવાઓ એને લાલ આંખ બતાવી રસ્તે પડ્યા.

*

ભટકતો-ભટકતો ને છુપાતો સંસાર-ચોર મૂળશંકર સાયલા ગામે પહોંચ્યો. સાંભળ્યું હતું કે લાલા ભગતની જગ્યામાં ઘણા સાધુઓ વસે છે, એ તને ભેખ દેશે, તને અમરત્વનો માર્ગ બતાવશે. મૂળશંકર અ ે લોકસંતના સ્થાનકમાં પહોંચ્યો. ત્યાં એક બ્રહ્મચારી ભેટ્યા, એણે મૂળશંકરને નૈષ્ઠિક બ્રહ્મચારીની દીક્ષા આપી અને અ ેનું નામ શુદ્ધ ચૈતન્ય બ્રહ્મચારી પાડ્યું. મૂળશંકર મટી ગયો, શુદ્ધ ચૈતન્ય બ્રહ્મચારીનો જન્મ થયો. ભગવાં પહેરી લીધાં પણ એને થોડા દિવસે ભાન થયું કે અમર થવાની વાટ અહીંયે કોઈ બતાવી શકશે નહિ. અમરતાની તાલાવેલીના વેગમાં શુદ્ધ ચૈતન્ય ઊપડ્યો, કોઠ ગાંગડ નામે ધોળકા નજીકના ગામે અ ાવ્યો, ત્યાં એણે સાંભળ્યું કે સિદ્ધપુરમાં કાર્તિકનો મેળો ભરાય છે, ત્યાં કોઈક અમરતાનો માર્ગ અજવાળનાર યોગી ભેટી જશે.

*

સિદ્ધપુરના મેળામાં ભગવી કંથાઓનો જાણે મહાસાગર ઊમટ્યો છે. ભોળો યુવાન પોતાના ગુરુપદને યોગ્ય એવા કોઈ યોગીરાજને ઢૂંઢી રહ્યો છે. રોજરોજ વીસ-વીસ ગાઉની મજલ કાપીને અને અરણ્યો વીંધીને એ આવી પહોંચ્યો છે. અચાનક એના બાવડા ઉપર એક વજ્રપંજો પ� ો. ઊંચું જુએ ત્યાં પોતાના જ પિતા!

“કુલાંગાર! તેં મારો વંશ લજાવ્યો.”

એવાં કૈં-કૈં વચન-પુષ્પોની વૃષ્ટિ કોપાયેલા પિતાની જીભમાંથી પડવા લાગી. બાળકનું

માથું પશ્ચાત્તાપથી નહિ પણ વિનયથી નીચે ઢળી રહ્યું. એની પાંપણો ધરતી ખોતરવા લાગી. આખરે ન સહેવાયું ત્યારે દોડીને એણે પિતાના પગ ઝાલી લીધા, અને છળભર્યો જવાબ દીધો કે 'હવે હું આવું નહિ કરું, ચાલો હું પાછો આવું.'

બાપુએ એના માથે બે ચોકીદારો મૂક્યા, એને એક ક્ષણ પણ રેઢો ન મૂકવા અને રાત્રિભર એના ઉપર પહેરો રાખવા કહી દીધું. શુદ્ધ ચૈતન્ય તે રાત્રિઅે ખડાપહેરા નીચે સૂતો.

રાતના ત્રણના ટકોરા થયા. પહેરેગીર બેઠો-બેઠો ઝોલે ગયો હતો. એને 'દિશાએ જાઉં છું' એમ કહી લોટો લઈને લપાતો-લપાતો ચૈતન્ય નાસી છૂટ્યો. અંધારી ઘોર રાતે અરધા ગાઉ પરના એક બગીચામાં અેક મંદિર હતું તેના શિખર પર એક ઝાડનો આધાર લઈને ચડી ગયો, છુપાઈને બેઠો. ચારનો અમલ થયો ત્યારે અેના કાન ચમક્યા. બગીચાના માળીને કોઈ પૂછતા હતા : 'અહીં કોઈ છોકરો પેસી ગયો છે?' સાંભળતાં અેને શરીરે કડકડતી ટાઢમાં પણ પસીનો વળી ગયો. હવે જો ઝલાઈ જઈશ તો બાપુ મારી-મારી લોથ કરી નાખશે! પણ અમરતાની વાટ એના નસીબમાં લખાઈ ચૂકી હતી. પૂછપરછ કરનારા એના પિતાના પહેરેગીરો ચાલ્યા ગયા. આખો દિવસ શુદ્ધ ચૈતન્ય એ મંદિરના શિખર ઉપર જ લપાઈ રહ્યો. સંધ્યાનું અંધારું ઘેરાયું ત્યારે અેણે ઊતરીને પલાયન કર્યું. રાત્રિ ઝમઝમ કરતી હતી. જનનીની ગોદ અેને રાત્રિના અંધાર-પાલવમાં સાંપડી હતી.

*

ત્યાંથી અમદાવાદ, અમદાવાદથી વડોદરા, વડોદરાથી ચાણોદ કરનાળીના જંગલમાં, ત્યાંથી ચાણોદ કરનાળીના ઘાટ ઉપર : ઠેરઠેર બ્રહ્મચારીઓ અને સંન્યાસીઓનો ભેટો, વેદાંતની વાતો, પરમહંસોનો મેળાપ, અને તેમની સાથે શાસ્ત્રોની ચર્ચા : ક્યાંઈક-ક્યાંઈક મહિનાઓ સુધી વાસો, વેદાન્તની પરિભાષાનાં નવાં પ્રકરણોનો અભ્યાસ : એમ કરતાં-કરતાં નવો વિચાર ઊઠ્યો : આ બ્રહ્મચારી–જીવનમાં કોઈ-કોઈ વાર હાથે રાંધીને ખાવાની કડાકૂટ કરવી પડે છે, અભ્યાસમાં વિક્ષેપ પડે છે; કોઈક મને સંન્યસ્ત આપે તો જ જાળમાંથી છૂટું. બ્રહ્મચારીની દશામાં છું તે દરમિયાન જો બાપુના દૂતો પકડી પાડશે ને, તો ઘેર ઘસડી જશે ને મારું જીવન ધૂળ મળશે, એ બીક પણ આ સંન્યસ્ત લેવાના વિચાર પાછળ ઘૂરકતી હતી.

પણ એવડા યુવાનને સંન્યસ્ત કોણ આપે? જેને અરજ ગુજારી તે દંડી સ્વામી ચેલાના લોભી નહોતા. મહારાષ્ટ્રના શૃંગેરી મઠવાળા એ પરમાનંદ સરસ્વતી આખરે આ બાળકની તાલાવેલી તેમજ યોગ્યતા વિશે ખાતરી પામ્યા અને તેમના હસ્તે ચૈતન્ય બ્રહ્મચારી સંન્યસ્તની દીક્ષા અને દંડ પામ્યો. શુદ્ધ ચૈતન્ય લુપ્ત બન્યો, દયાનંદ સરસ્વતી નામ સાંપડ્યું. પણ દંડ વળી શા માટે? દંડની પાછળ તો એટલી બધી ક્રિયા કરવી પડે છે કે મારા અભ્યાસમાં નડતર થાય! દીક્ષકની સામે જ દયાનંદે દંડ ધરી દીધો અને યોગાભ્યાસમાં ચિત્ત પરોવ્યું.

ત્યાંથી યોગીઓના સંગમાં અમદાવાદ, ત્યાંથી આબુરાજ પર્વત પર અર્બુદા દેવીના સ્થાનકમાં યોગીઓનો મેળાપ અને યોગાભ્યાસ, અને ત્યાંથી હરદ્વારના કુંભમેળામાં યોગીઓનો જ્ઞાનસમાગમ કરીને પછી ચંડીપર્વતના જંગલમાં (જેની તળેટીમાં જ અત્યારે કાંગડી ગુરુકુળનું રમ્ય તપોવન છે ત્યાં) ગૌરીકુંડના જળધોધ પર બેસીને એક માસ અઘોર તપ આદર્યું.

ક્યાં ય મને મહાત્મા મળે! કોઈ અમરતાનો ભોમિયો મળે! એ જ નાદમાં દયાનંદે ઋષિકેશ, ટિહરી, શ્રીનગર અને કેદારઘાટનાં ધામ પગતળે કાઢ્યાં. એને માંસાહારી પંડિતો મળ્યા, ને પાંચ મકારના ભોક્તા તાંત્રિકો ભેટ્યા. રુદ્રપ્રયાગ અને અગસ્ત્ય મુિનની સમાધ જોઈ વળ્યા. અેનાં ભ્રમણસ્થાનો અપાર હતાં અને અેના અનુભવો અવનવા હતા. અરણ્યોને પાર કરતાં અેની ચામડીના ને અેનાં વસ્ત્રોના લીરેલીરા થઈ ધજાઓ બની ગઈ. ઊખીમઠમાં એના આત્મબળની નવી કસોટી થઈ. પાખંડી સાધુઓથી ઊભરાતા એ મઠના મહંતે એને પ્રલોભન આપ્યું કે મારો ચેલો થા, તને મારી ગાદીનો વારસદાર બનાવું. લાખો રૂપિયાની પૂંજીનો તું ધણી બનીશ. દયાનંદે જવાબ દીધો કે ધનની લાલસા હોત તો તમારા આંહીંના ધનધાન્યથી વધુ મોટી અેવી પિતાની સંપત્તિને હું ન છોડી અાવત. જે ઉદ્દેશથી મેં ઘરબાર અને માબાપ છોડ્યાં છે તેના માટે તો હું તમને કશો યત્ન કરતા જોતો નથી, ન તો અે વિશેનું તમારામાં મને જ્ઞાન દેખાય છે. તો પછી હું આંહીં શા સારુ રહું?

મહંતે પૂછ્યું, ‘એ કયો ઉદ્દેશ?’

‘સાચી યોગવિદ્યા અને મોક્ષની પ્રાપ્તિ. અને અે નહિ મળે ત્યાં સુધી હું દેશબાંધવાની સેવા કરતો રહીશ.’

અેમ કહીને પોતે પાછા ફરી ગયા.

*

હવે તો હિમાલય પહોંચીને દેહ જ પાડી નાખવો, એવી ઇચ્છા થઈ. પણ સાથોસાથ એ વિચાર આવ્યો કે પહેલાં જ્ઞાનપ્રાપ્તિ કરીને પછી દેહ છોડવો. ગંગાતીર પર આવ્યા. પાસે કેટલાંક ધાર્મિક પુસ્તકો ઉપરાંત શિવસંધ્યા, હઠપ્રદીપિકા, યોગબીજ, કેશરાણિ સંગીત નામના ગ્રંથો હતા. લગભગ આ જ પુસ્તકો એ પ્રવાસમાં વાંચ્યા કરતા. એમાંનાં કેટલાંક પુસ્તકોમાં નાડીચક્રનો વિષય હતો. પણ એ ન તો સમજાતાં હતાં, ન તો એની વિગતો યાદ રહેતી. શંકા થઈ કે અામાં બધું સત્ય છે કે નહિ? પણ એ સંદેહ દૂર કરવાનો અવસર ક્યાંથી મળે? એ તો શરીરની અંદરની રચનાનાં વર્ણનો હતાં.

દૈવયોગે એક દિવસ એણે નદીમાં એક શબ તણાતું આવતું દીઠું. એને સાંભર્યું કે હાં, આ પુસ્તકોનું સાચજૂઠ ચકાસવાનો મોકો આવી પહોંચ્યો છે. પુસ્તકો હતાં તેને નદીકાંઠે મૂકી, નદીની અંદર જઈ પોતે શબને બહાર ઘસડી લાવ્યા. પછી એક ધારદાર ચાકુ વડે એણે શબને કાપવું શરૂ કર્યું. એમાંથી સાચવીને હૃદયનો ભાગ જુદો કાઢ્યો, પછી પુસ્તક ખોલ્યું અને એમાં જે હૃદયનાં અંગોનાં વર્ણનો હતાં તેની સાથે આ પ્રત્યક્ષ માનવ-હૃદયના વિભાગોની મેળવણી કરી. અે જ રીતે માથું છેદીને તેની રચના મેળવી જોઈ, ડોકનો ભાગ પણ કાપીને ઉખેળી જોયો. ખાતરી થઈ કે પુસ્તકમાં લખેલી એક પણ હકીકત આ સાચા માનવ-દેહની રચના સાથે મળતી નથી. ત્યાં ને ત્યાં પુસ્તકના ટુકડા કર્યા, એ ટુકડા શબની સાથે જ નદીના પ્રવાહમાં પધરાવી દીધા, અને એ જ વખતે ધીરે-ધીરે એની બુદ્ધિમાં એવો સાર નીકળ્યો કે વેદો, ઉપનિષદો, પાતંજલ અને સાંખ્ય-શાસ્ત્ર, એ સિવાયનાં વિજ્ઞાન અને યોગવિદ્યા પર લખેલાં તમામ પુસ્તકો જૂઠાં અને અશુદ્ધ છે.

*

અલખનંદા નદીનાં બરફમય થીજેલાં જળમાં અને ચોપાસની દુર્ગમ ગિરિમાળામાં સદ્ગુરુની શોધ માટે અને સાહસના તોરને સંતોષવા માટે દયાનંદ મૃત્યુની સાથે ભયંકર રમત કરી અાવ્યા. વિંધ્યાચલમાં ઘૂમ્યા ત્યારે એમની ઉંમર ત્રીશ વર્ષની હતી. બત્રીસમા વર્ષે દુર્ગાકુંડના

મંદિર પર ચંડાલગઢમાં પહોંચ્યા, ત્યાંથી અન્ન ખાવું છોડી દઈ શુદ્ધ દૂધાધારી બન્યા. દિવસ ને રાત યોગવિદ્યાના અભ્યાસ સિવાય કોઈ ધૂન નહોતી. પણ દુર્ભાગ્યે ત્યાંથી તેમને અેક બૂરી લત પડી – ભાંગ પીવાની. ભાંગના નશામાં અનેક વાર પોતે બેહોશ પડ્યા રહેતા. એક વાર બાજુને ગામ જતાં અેક જૂનો સાથી ભેટ્યો. ગામની બીજી બાજુ શિવાલય હતું. ત્યાં જઈને ભાંગ ટટકાવી. એના કેફની અચેતન સ્થિતિમાં રાત્રિઅે પડ્યાં-પડ્યાં એણે સ્વપ્નમાં શિવ-પાર્વતી દીઠાં. બેઉ વચ્ચે વાતો થતી સાંભળી. વાતોનો વિષય દયાનંદ પોતે હતા. પાર્વતીજી મહાદેવને કહેતાં હતાં કે ‘આ દયાનંદ સરસ્વતીનું લગ્ન થઈ જાય તો જ ઉત્તમ વાત છે.’

સ્વપ્ન જોતા-જોતા દયાનંદ જાગી ગયા અને સ્વપ્ન પર વિચાર કરવા લાગ્યા. નક્કી આ શિવ-પાર્વતી વચ્ચેના વાર્તાલાપનો ઝોક પોતાની ભાંગ પીવાની લત પ્રત્યે હતો, એમ લાગતાં પોતાને અત્યંત દુઃખ અને લજ્જા ઊપજ્યાં.

એ વખતે અનરાધાર વરસાદ વરસી રહ્યો હતો. પોતે ઊઠીને મંદિરની જાળીવાળી પરશાળમાં ગયા. ત્યાં મહાદેવના પોઠિયાની એક જબરી મૂર્તિ હતી. વસ્ત્રો અને પુસ્તકો એ પોઠિયાની પીઠ પર મૂકીને પોતે અેની પાછળ બેસી વિચારમાં પડી ગયા.

એકાએક એ પોઠિયાની મૂર્તિની અંદરના પોલાણમાં એમને કોઈ માનવી બેઠેલું લાગ્યું. પોતે અેના તરફ હાથ લંબાવતાં તો લપાયેલો માણસ ભયભીત બન્યો, છલાંગ મારીને નીચે કૂદ્યો, કૂદતોકને ગામ તરફ ભાગ્યો.

એના ગયા પછી દયાનંદ પોતે જ એ પોઠિયાના પોલાણમાં પેસી ગયા અને રાત્રિભેર ત્યાં જ સૂતા. પ્રભાતે એક બુઢ્ઢી ત્યાં અાવી, એણે તો દયાનંદ અંદર બેઠેલા હતા તે સ્થિતિમાં જ પોઠિયાની પૂજા કરી, પછી થોડી વારે બુઢ્ઢી ગોળ અને દહીં લઈને અાવી, અને દયાનંદને જ ભ્રાંતિથી સાક્ષાત દેવ સમજી લઈ અેની પૂજા કરીને કહ્યું, ‘લો નંદીદેવ! આમાંથી થોડું આરોગો.’

દયાનંદને તો પેટમાં ભૂખની આગ બળતી હતી, એટલે અેમણે દેવ બનવાનું જ પસંદ કરી અે બધું જ ઓહીઆં કરી લીધું. દહીં ખાટું તો લાગ્યું પણ ભાંગનો નશો ઉતારવાની એ અકસીર ઔષધિ હાથ લાગી ગઈ. નશો ઊતરી ગયો અને દેહને ભારી આરામ વળ્યો. એ હિસાબે પોઠિયા–દેવનો પાઠ ભજવવો ફળ્યો!

*

સંવત 1914 અને ચૈત્ર મહિનો ચાલતો હતો. વજ્રમાંથી ઘડ્યા હોય તેવા દયાનંદના તેજસ્વી, બ્રહ્મચારી દેહને તે વખતે તેત્રીસમું વર્ષ ચાલતું હતું. એમને ધૂન ઊપડી કે નદીમાતા નર્મદાજી જ્યાંથી નીકળ્યાં છે તે પર્વત, તે મૂળ સ્રોતનું સ્થાન તો જોયે જ છૂટકો! કોઈને માર્ગ પણ પૂછ્યા વગર ચાલવા લાગ્યા અને ચોમેર ઘનઘોર વનઘટાથી ઘેરાયેલા એક ઉજ્જડ સ્થાન પર પહોંચ્યા. ક્યાંક-ક્યાંક બબે ઝૂંપડીઓનાં જોડલાં ઊભાં હતાં. તેમાંની એકમાં જઈ પોતે દૂધ પીધું, આગળ વધ્યા, અને અેવે સ્થાને આવ્યા કે જ્યાંથી રસ્તો જ બંધ થતો હતો. અેકાદ જંગલી કેડી પકડી લઈને નિર્જન વનમાં પ્રવેશ કરતાં વાર તો અે ઊંચા-ઊંચા ઘાસમાંથી એક જબરદસ્ત કાળું રીંછ નીકળીને સામે અાવ્યું, જોરદાર અવાજે છીંક્યું, પોતાના બે પાછલા પગ પર ખડું થઈ ગયું, અને દયાનંદને ખાઈ જવા એણે મોં ફાડ્યું.

થોડી ક્ષણો તો દયાનંદ દિગ્મૂઢ બનીને હેબતાઈ રહ્યા, પછી ધીરે-ધીરે એમણે પોતાના હાથમાંનો સોટો ઉઠાવ્યો. એ દેખતાં જ રીંછ ભય પામીને પાછલે પગે જ પલાયન કરી ગયું.

રીંછની છીંક અને ગર્જના એટલી જોરાવર હતી કે બાજુનાં ગામડાંવાળા માણસો એ સાંભળી શિકારી કૂતરા સાથે એમની રક્ષા કરવા દોડી અાવ્યા. એમણે સ્વામીજીને સમજાવ્યું કે અા જંગલમાં ડગલું પણ આગળ વધશો તો જાન ગુમાવશો, હિંસક વનપશુઓનો પાર

નથી. દયાનંદે એમને જવાબ દીધો કે મારા અમંગળનો જરીકે ભય ન રાખજો, હું ક્ષેમકુશળ છું અને મારા તકદીરમાં પણ બધું મંગળ-મંગળ જ લખ્યું છે.

કારણ કે એમને તો ચાહે તેમ કરીને નર્મદાજીનું મૂળ જોવું હતું!

લોકોએ જ્યારે જોયું કે અા માણસ પર કશી ડરામણીની અસર નથી થતી, ત્યાર પછી તેઓ એને અેક મોટી ડાંગ દઈને પાછા ગયા. અે ડાંગ પણ દયાનંદે તુરત ફગાવી દીધી.

તે દિવસે, રાત્રિનો અંધારપછેડો ચોમેર ન ઢંકાઈ ચૂક્યો ત્યાં સુધી એમણે ચાલ્યા કર્યું. માનવી નામે ત્યાં કોઈ નજરે ન પડ્યું. ન કોઈ ઝૂંપડી દૃષ્ટિગોચર થઈ. માર્ગમાં હાથીઓએ જડમૂળથી ઊખેડી નાખેલાં ઝાડનાં થડો અાડાં પડ્યાં હતાં. તે પછીના એક વિશાળ વનમાં તો કાંટાળાં વૃક્ષોની એટલી ઘાટી ઝાડી હતી કે પગે તો ચાલવું જ અશક્ય હતું. દયાનંદે સર્પની જેમ પેટે ચાલીને એ અટવી પાર કરી, એમનાં વસ્ત્રો અને ચામડી બેઉના લીરેલીરા બની ગયા. પોતે પાર નીકળ્યા ત્યારે અધમૂઆ થઈ ગયેલા. અંધાર છવાઈ ગયો હતો. તિમિર સિવાય કોઈ પદાર્થ જ નહોતો દેખાતો. રસ્તા રૂંધાયેલ હતા, આંખો દેખતી નહોતી, પણ નર્મદાજીનું આદિઝરણ બોલાવી રહ્યું હતું : ચાલ્યો આવ, ચાલ્યો આવ! નિશ્ચય અતૂટ હતો. અને શ્રદ્ધા તો નિશ્ચલ હતી કે માર્ગ નીકળી જ આવવાનો.

ધીરે-ધીરે એ ભયાનક પહાડગાળાઓ વચ્ચે અેમણે વસ્તીનાં ચિહ્ન જોયાં. થોડી ઝૂંપડીઓ દેખાઈ. એને ફરતા છાણના મોટા ગંજ હતા. નજીકમાં એક નિર્મળ નદી-ઝરણ ચાલ્યું જતું હતું. તેને કાંઠે સંખ્યાબંધ બકરીઓ ચરતી હતી. ઝૂંપડીઓની ચિરાડો અને બાકોરામાંથી ટમટમતા દીવાનો પ્રકાશ મુસાફરને સ્વાગત દેતો હતો.

પોતે ત્યાં એક વિશાળ ઝાડ નીચે રાત ગાળી, પ્રભાતે ઊઠીને જખમી હાથપગ ધોઈ સંધ્યાપ્રાર્થનામાં બેસતા હતા ત્યાં જ જંગલી પશુઓની ત્રાડ કાને પડી. થોડી વારે સ્ત્રીપુરુષો ને બાળકોનું એક ટોળું અને તેમની પાછળ બકરીઓનું વૃંદ અાવતું દીઠું. અનુમાન થયું કે તેઓ આંહીં ગઈ રાતે કંઈક ધાર્મિક તહેવારની ક્રિયાઓ કરવા આવ્યાં હશે.

તેઓ સંધ્યાપૂજા કરતા અા અજાણ્યા માનવીની ચોપાસ આવી બેસી ગયાં. પછી મુખીએ પૂછ્યું, 'ક્યાંથી અાવો છો?' દયાનંદે કહ્યું કે 'કાશીથી આવું છું ને નર્મદા નદીના મૂળની શોધમાં નીકળ્યો છું.'

સાધુને એનું નિત્યકર્મ કરતો છોડીને એ લોકો ચાલ્યાં ગયાં, થોડી વારે પાછા આવ્યાં, અને મુખીએ વિનંતી કરી કે ઝૂંપડીઓમાં પધારો.

દયાનંદે એ નિમંત્રણના જવાબમાં ના પાડી, કારણ? કારણ કે પોતાને ખબર પડી ગઈ હતી કે આ તો મૂર્તિપૂજક લોકો છે!

એટલે પછી અે મુખીએ પોતાના બે સાથીઓને દયાનંદની રક્ષા કરવા ત્યાં આખી રાત જાગતા મૂક્યા, ભોજનનું પૂછ્યું. સ્વામીએ કહ્યું કે હું તો દૂધભર રહું છું, એટલે મુખી એમની તુંબી (કમંડલ) માગી લઈ, છલોછલ દૂધ ભરી લાવ્યો, તેમાંથી પીને દયાનંદ પોઢી ગયા. વળતા સૂર્યોદય સુધી સૂતા. સંધ્યાદિકથી પરવારી પાછા ઊપડ્યા, એમ નર્મદાજીના તીર પર ત્રણ વર્ષ સુધી ફરતા, મહાત્માઓનો સત્સંગ કરતા, નર્મદાના મૂળ સુધી જઈ આવીને પછી વધુ વિદ્યાપ્રાપ્તિ માટે પોતે મથુરા આવ્યા અને સંવત 1917ના કાર્તિક શુદ બીજને દિવસે મથુરા નગરના રેલવેસ્ટેશનથી વિશ્રામઘાટ જતા રાજમાર્ગની અેક મેડી પર ચડી બારણું ખખડાવ્યું.

ધૈર્યવાન શિષ્ય

'કોણ છે?' અંદરથી અવાજ આવ્યો.

'એક સંન્યાસી.'

'શું કામ છે?'

'અભ્યાસ કરવો છે.'

'કાંઈ વ્યાકરણ ભણ્યા છો?'

'જી હા મહારાજ! સારસ્વત આદિ વ્યાકરણ–ગ્રંથો ભણ્યો છું.'

તે પછી સામો પ્રશ્ન આવવાને બદલે બારણું જ ઊઘડ્યું. સ્વામીજી અંદર ગયા, અને ત્યાં બેઠેલા એક દંડી સંન્યાસીને પ્રણામ કર્યા. એ દંડીનું વય તે સમયે 81 વર્ષનું હતું. એની અાંખોના ડોળા ફરતા નહોતા. અે હતા દંડી સ્વામી વિરજાનંદ.

મૂળ પંજાબના એક ગામડાના વાસી. પાંચ વર્ષની વયે શીતળાએ એની આંખો હરી લીધેલી, અને અગિયાર વર્ષની ઉંમરે મૃત્યુએ એનાં માતપિતાને ઉપાડી લીધેલાં. મોટા ભાઈના જુલમોથી ત્રાસીને ઘર છોડી નાસેલા અે અંધ બાળકે, તીર્થો ફરી, સદ્ગુરુઓને શોધી-શોધી, છાતીનાં કપાટોમાં ઊઘડેલી પ્રજ્ઞાચક્ષુઓની અદ્ભુત શક્તિથી વિદ્યા પ્રાપ્ત કરી લીધી હતી અને એકાશી વર્ષની વયે ઘણુંખરું દૂધ પર જ રહેતાં-રહેતાં એમણે અેક-બે દેશી રાજાઓની મદદથી પાઠશાળા ચાલુ કરી હતી. વેદવ્યાકરણ ઇત્યાદિ વિદ્યામાં વિરજાનંદનો જોટો નહોતો.

વિનીત ભાવથી સામે બેસી ગયેલા દયાનંદને થોડાક જ પ્રશ્નોમાં ચકાસી લઈને પછી કહ્યું : 'દયાનંદજી! આજ સુધી તમે જે કાંઈ અભ્યાસ કર્યો છે તે તો અનાર્ષ (ઋિષઓના નહિ રચેલા) ગ્રંથો છે. એને જઈ જમનામાં પધરાવી દો. સાચા ગ્રંથો તે ઋિષકૃત છે. જૂની શૈલીને ભેજામાંથી તદ્દન ભૂંસી નાખો.'

'કબૂલ છે મહારાજ.' કહી પ્રસન્નતાપૂર્વક સ્વામી દયાનંદે એ શરતોનો સ્વીકાર કરી લીધો.

'પણ જુઓ,' દંડી વિરજાનંદજીએ ફરી કહ્યું; 'હું સંન્યાસીઓને નથી ભણાવતો એનું કારણ એ છે કે તેમના જમવા કરવાની કંઈ જોગવાઈ નથી હોતી. માટે ભણવા બેસતાં પહેલાં ભોજનની તજવીજ કરી લેવી પડશે.'

'મહારાજ, આપ સુખેથી ભણાવવું શરૂ કરી દો.' સ્વામી દયાનંદે ખાતરી આપી; 'હું થોડા જ દિવસોમાં એ વ્યવસ્થા કરી લઈશ.'

અભ્યાસના પ્રારંભસમયે અેક ત્રીજી શરત માલૂમ પડી! 'દયાનંદ!' ગુરુએ આજ્ઞા કરી; 'આ ભટ્ટોજી દીક્ષિતના નામ પર જૂતાં લગાવ.'

દયાનંદ ચકિત થયા. એમને ગુરુએ સ્પષ્ટ કર્યું; 'સિદ્ધાંત કૌમુદી (એ નામનો વ્યાકરણગ્રંથ)નું એણે કરેલું સંપાદન રદ્દી છે. હું એ સહન કરી શકતો નથી. લગાવ એ દુષ્ટના નામ પર જૂતાં.'

નવા ચેલાને ખબર પડી કે સિદ્ધાંતકૌમુદીના સંપાદક ભટ્ટોજી દીક્ષિત પ્રત્યે સન્માનનો છાંટો પણ વિદ્યાર્થીના હૃદયમાં ન રહી જાય તે માટે પોતે પ્રત્યેક વિદ્યાર્થી પાસે આમ ખાસડાં મરાવતા હતા અને દયાનંદને પણ એમ કર્યા પછી જ વિદ્યાભ્યાસનો પ્રારંભ કરાવવામાં આવ્યો. દંડીજીના કહેવાથી ગામમાં રૂ. 31નો ફાળો થયો ને તેનું દયાનંદજી માટે એક મહાભાષ્ય મંગાવવામાં આવ્યું.

ઉત્તર ભારતવર્ષ પર કારમા દુષ્કાળનો સપાટો તે કાળે ચાલી રહ્યો હતો. મથુરા નગર પણ તેમાંથી મુક્ત નહોતું. દયાનંદજીના આવવા પછી છ મહિના સુધી અે દુષ્કાળ ચાલુ રહ્યો. ઘણા મહિના માત્ર ચણા ચાવીને તેમને નિર્વાહ ચલાવવો પડ્યો. પછી બીજી તજવીજ થઈ ગઈ. ખાવાનું દેનારો એક ભક્ત મળી ગયો, દૂધ પીવાના માસિક રૂ. 2 દેનારો બીજો એક પથ્થરવાળો હતો, અને રાતે અભ્યાસ કરવાને દીવા માટે િદવેલની માસિક પાવલી એક ત્રીજા જણે બાંધી દીધી.

રોજ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને બહોળા પાણીથી સ્નાન કરનારા ગુરુને માટે દયાનંદજી

એથીયે વહેલા જાગી છેક યમુનાજીમાંથી ઘડા ખેંચી લાવી ગુરુને ધરવ થાય તેટલું જળ જમા કરતા, સાયંકાળના ગુરુ-સ્નાન માટે ફરી પાછા ઘડા ખેંચતા, પીવામાં પણ ગુરુને યમુનાજીનું પાણી જોઈતું તે સ્વામીજી નદીની અંદર પ્રવેશ કરી સ્વચ્છ પ્રવાહમાંથી ભરી લાવતા. કોઈ પણ ઋતુ-કઋતુમાં, શરીરની કોઈ પણ સ્થિતિમાં, અંધારિયા કે અજવાળિયામાં, વર્ષાનાં અનરાધાર જળમાં, કીચડમાં કે શરદીમાં, આ પંદર વીસ પાણીના ઘડા ખેંચવાની રોજિંદી ગુરુસેવામાં ઘડિયાળના કાંટા જેટલો પણ ફરક પડ્યો નહોતો.

સ્મરણશક્તિ તેજસ્વી હતી, ગુરુમુખેથી એકાદ બે વાર બોલાતો પાઠ પણ હૈયે ચોંટી જાય, એ શક્તિને કારણ ગુરુજી એના પર પ્રસન્ન પણ બહુ હતા; તેમાં એક વાર એક પાઠ ઘણો અઘરો આવ્યો, ભણીને ઘેર જતાં સ્વામીજીને એ યાદ ન આવ્યો. પહેલી જ વાર બનેલી આ સ્થિતિથી સ્વામીજીને ખેદ થયો, છેવટે ગુરુની પાસે જઈ એ વિસરાયેલો પાઠ ફરી પૂછ્યો.

છેડાઈ જઈને ગુરુજીએ કહી દીધું : 'જા, યાદ કરીને આવજે. આંહીં કંઈ એકનો એક પાઠ ફરી-ફરી અ ારડવા નથી બેઠા!'

બે-ત્રણ દિવસ બાદ આવીને સ્વામી રંક શબ્દે કરગર્યા, 'મહારાજ, બહુ મહેનત કરી પણ યાદ ચડતું નથી.'

ખિજાઈને વિરજાનંદે કહ્યું : 'એક વાર કહી દીધું છે કે અગાઉનો પાઠ નહિ સંભળાવે ત્યાં સુધી તારો અભ્યાસ હું આગળ નહિ ચલાવું. હવે કહી દઉં છું, કે જો અ ે પાઠ યાદ ન ચડે તો જમનાજીમાં ડૂબી મરજે પણ મારી પાસે ન અ ાવતો.'

ગુરુનો ચરણસ્પર્શ લઈને ચાલ્યા ગયેલા દયાનંદજીએ સાચે જ વિશ્રામઘાટ પર બેસીને નિશ્ચય કર્યો કે સાંજ સુધી જો અ ે પાઠ યાદ ન ચડે તો યમુનામાં જ પડીશ, ભલે મને જળચરો જમી જતાં!

બેસી રહ્યા, સ્મરણશક્તિને એકાગ્ર કરી, કેટલો કાળ વીત્યો તેનું ભાન ભુલાતું ગયું, જાણે સુષુપ્તિમાં પડ્યા, જાણે કોઈ સ્વપ્નાવસ્થા આવી, ને અ ેમાં કોઈક આવીને એને આખો જ વિસરાયેલો પાઠ ફરી સંભળાવી રહ્યું છે!.... ભાનમાં આવીને સ્વામી દોડ્યા ગુરુજી પાસે, અને કડકડાટ આખો પાઠ સંભળાવી દીધો.

ગુરુની આંખોમાંથી દડદડ હર્ષાશ્રુ નીકળી પડ્યાં. શિષ્યનું ધૈર્ય એને અદ્ભુત લાગ્યું. ખૂબ-ખૂબ આશીર્વાદ આપ્યા.

*

'ત્રણ દિવસ સુધી ક્યાં મરી રહ્યો હતો!' એક દિવસ શિષ્યને છેક ચોથે દિવસે આવેલો દેખીને ત્રાડ મારી પૂછ્યું અને સ્વામીજીએ નિસ્તેજ ચહેરે પોતાના પ્રાયશ્ચિત્તની કથા કહી સંભળાવી —

'ત્રણ દિવસ પર યમુનાતીરે બેસી ધ્યાન કરતો હતો. એકાએક મને કાંઈક ભીનો સ્પર્શ થતાં મારી અ ાંખ ઊઘડી ગઈ, મેં મારા પગ પર શિર ઢાળીને પડેલી એક સ્ત્રીને જોઈ. મેં ચમકીને પૂછ્યું કે માઈ! માઈ! તું અ ા શું કરે છે? એણે કહ્યું કે પરમહંસજી! પાય લાગું છું. એ બાપડી કેવળ ભક્તિભાવે જ પ્રેરાયેલી લાગી, પણ મારાથી સ્ત્રીસ્પર્શ થઈ ગયો તે ન સહેવાયું. મેં ગોવર્ધન પર્વત તરફ જઈ એક ભાંગેલા મંદિરમાં ત્રણ દિવસ ને ત્રણ રાત ચિંતનમાં વિતાવ્યાં. બીજે હું ક્યાંઈ નથી ગયો.'

ગુરુએ આ સાંભળી શાબાસી દીધી.

દયાનંદ સ્વામી તો પછવાડે આપની નકલ કરે છે વગેરે ભંભેરણી ગુરુજીને કાને અ ેક શિષ્યે કરી. વિરજાનંદજીએ ક્રોધાવેશમાં આવીને દયાનંદને એક લાકડી ઠઠાડી. દયાનંદજીના હાથ ઉપર ફુટ થઈ. લોહી વહેવા લાગ્યું. પરંતુ સત્યનો શોધક એટલેથી કેમ છેડાય? બે હાથ

જોડીને સુકોમળ અવાજે એ બોલ્યા, 'મહારાજ! મારું શરીર કઠોર છે અેટલે મને મારતાં તો ઊલટો આપનો સુંવાળો હાથ સમસમી ગયો હશે. મને અાપ ન મારો, કેમ કે આપને ઈજા થાય છે.'

એ લાકડીના પ્રહારનો ડાઘ, દયાનંદજીના હાથ ઉપર જીવનભર રહ્યો હતો અને જ્યારે-જ્યારે પોતાની દૃષ્ટિ ત્યાં પડતી ત્યારે-ત્યારે પોતાના ગુરુજીના ઉપકારોની સ્મૃતિઓથી એમનું અંતર ગદ્ગદિત થઈ જતું હતું.

*

ફડાક!..... લાકડીનો એક ફડાકો બોલ્યો.

એ લાકડી ગુરુ વિરજાનંદની હતી, અને અે પ્રહાર ગુરુએ શિષ્ય દયાનંદ પર કર્યો હતો. શિષ્ય એમની પાસે કંઈક ભણતા હતા. કશીક ભૂલચૂક થઈ હશે. ગુરુનો રોષ જીભ અને લાકડી દ્વારા શિષ્ય પર ઠલવાયો.

પ્રહાર પડ્યા પછી પણ શિષ્ય તો અેની એ જ સમતાથી પાઠમાં જ મગ્ન રહ્યા, પણ એ ન સહેવાયું નયનસુખથી.

નયનસુખ પણ એક નિશાળીઓ હતો. સ્વામીજીને એ અતિ પ્રિય હતો. બેઠો-બેઠો એ રોજ વિદ્યાર્થીઓ જે ભણતા તે સાંભળતો-સાંભળતો જ કંઠે કરી લેતો. ગુરુનો એ વહાલો હતો. આ લાકડી ગુરુએ મારી ત્યારે નયનસુખ ત્યાં બેઠો હતો. એણે હાથ જોડીને ગુરુને કહ્યું : 'મહારાજ! આ દયાનંદ એ કોઈ અમારા જેવા સંસારી શિષ્ય નથી, સંન્યાસી છે. એને અાપથી ન અપશબ્દ કહેવાય કે ન મરાય.'

'સાચું છે ભાઈ!' સદ્યક્રોધી ગુરુ પોતાનો દોષ દેખાતાં જ બોલ્યા; 'હવે હું એને અાદરપૂર્વક ભણાવીશ.'

પાઠ પૂરા થયે બધા શિષ્યો બહાર નીકળ્યા ત્યારે પોતાના પ્રેમબંધુ નયનસુખને સ્વામી દયાનંદજીએ ઠપકો દીધો : 'મારે ખાતર તમે ગુરુજીને કેમ ઠપકો આપ્યો? એને કંઈ મારા પર દ્વેષ નથી. કુંભાર જેમ માટીના લોંદાને ટીપી-ટીપી સુંદર ઘાટ ઘડે છે તેમ ગુરુજી પણ મારું કલ્યાણ કરવાને માટે જ મને મારે છે.'

*

'મહારાજ! કોઈ પણ રીતે મને દંડીજીનાં દર્શન કરાવો.' એમ કરગરતા એક પંજાબી ભાઈ સ્વામી દયાનંદ પાસે આવ્યા. એ વિરજાનંદજીના કોઈ સગા હતા.

પણ દંડી વિરજાનંદજીની આજ્ઞા હતી કે વિદ્યાર્થી સિવાય કોઈએ મારા નિવાસ પર ન આવવું.

પણ આ સંબંધી બહુ દૂરથી આવેલો હતો, તલસતો હતો, દયાનંદજીને ગળે પડ્યો, એણે સ્વામીજીના પગ પકડી લીધા, કહ્યું કે 'હું એમને બોલાવીશ નહિ, ચૂપચાપ દર્શન કરી પાછો ફરી જઈશ.'

સ્વામીજી એને ગુરુની સમક્ષ લઈ ગયા, ગુરુને ચૂપચાપ પ્રણામ કરાવી એને ઇશારતથી પાછો વાળ્યો. પણ અેક માણસ દેખી ગયો. એણે ગુરુજીને વાત કરી કે દયાનંદ કોઈક બહારવાળાને અહીં લાવેલા.

અંધ ગુરુનો પિત્તો દયાનંદજી પર ફાટી ગયો. 'શું તું મને આંધળો સમજીને અાવું કરી રહ્યો છે! ચાલ્યો જા અહીંથી. તારે માટે આ દરવાજા બંધ થાય છે.'

ગુરુનો ચરણસ્પર્શ લઈ સ્વામીજીએ ઘણી-ઘણી ક્ષમા માગી, પણ નિરર્થક હતું. ચાલ્યા જવું પડ્યું. પછી ઘણે દિવસે નયનસુખજીએ ગુરુને વિનવીને એ મનાઈ પાછી ખેંચાવી અને પવનથી હલેલા પુષ્પ પરથી ઊડેલો ભમરો જેમ પાછો આવીને બેસી જાય તે જ ભાવે દયાનંદ

પાછા ગુરુસેવામાં હાજર થયા.

ફરી અેક વાર એ દ્વાર બંધ થયાં. વાત એમ હતી કે ગુરુના ખંડમાં કચરો દેખી ત્યાં સ્વામીજી ઝાડુ લગાવી એ કચરો અેકઠો કરી અેને ઉપાડવા કંઈક વસ્તુ શોધવા ગયા. ગુરુજીનું અચાનક ત્યાં આવવું થતાં એમનો પગ અે કચરામાં પડ્યો. મિજાજ ફાટી ગયો. દયાનંદજીને દરિદ્રી નિરૂધમી કહી પોતાનું દ્વાર બંધ કરી દીધું.

સ્વામીજીનો અભ્યાસ પૂરો થવાને અે વખતે થોડો જ સમય બાકી હતો. અેમણે આવીને ક્ષમા માગી. દૂધના ઉફાળા સમા ગુરુ-રોષ પર પાણીની ધાર પડી ગઈ.

આવા ક્રોધાવેશી છતાં ગુરુ શિષ્યવત્સલ હતા. દયાનંદ પર તો અે મુગ્ધ હતા. કહેતા કે મારો ખરો શિષ્ય તો એ એક જ છે. એ જ મારી વિદ્યાને શોભાવશે. શિષ્ય સાથે શાસ્ત્રવાદ કરતા-કરતા કોઈ-કોઈ વાર તો અે કહેતા કે ‘દયાનંદ! તારી સાથે તે કોઈ શું વાદ કરવાનો હતો! તું તો કાળજિહ્વ છો. તમામ કુમતોના ખંડન માટે તારી જીભ કાળ જેવી બલવાન છે. દયાનંદ, મેં ઘણા શિષ્યોને ભણાવ્યા, પણ જે સ્વાદ તને ભણાવવામાં અાવે છે તે બીજા કોઈને ભણાવવામાં નથી અાવતો.’

એકાંતના અનેક અવસરોએ ગુરુશિષ્ય વચ્ચે રહસ્યગોષ્ટિ ચાલતી ને ગૂઢ તત્ત્વોની ચર્ચા થતી. ગુરુ-હૃદયમાં જીવનભર સંઘરાયેલાં અનેક જ્ઞાન-રત્નો એક-એક કરીને દયાનંદને સોંપાઈ ગયાં.

અઢી વર્ષે વિદ્યાપન પૂરું થયું. વિદાયનો દિન આવી પહોંચ્યો. કઈ ગુરુદક્ષિણા લઈને ગુરુ પાસે જવું? સંન્યાસીની પાસે શું હોય? યાદ આવ્યું. ગુરુજીને લવંગ વહાલાં છે. લવંગ લઈ જઈ, ગુરુ-ચરણે મૂકી બોલ્યા કે ‘મહારાજ! મારું રોમેરોમ આપને ધન્યવાદ દે છે. હું રંક બીજી તો શી ભેટ ધરું! આ લવંગની ચપટી સ્વીકારો.’

પગમાં પડેલા શિષ્યના શિર પર હાથ ફેરવતાં-ફેરવતાં, સંતાન-સ્નેહનો જીવનભરમાં પહેલી જ વાર ઉમળકો અનુભવતાં ગુરુએ કહ્યું, ‘વત્સ! તારું તો હું મંગળ જ ઇચ્છું છું. ઈશ્વર તારી વિદ્યાને સફળ કરે. પણ તારી પાસે ગુરુદક્ષિણા લેખે તો હું એક એવી વસ્તુ માગું છું કે જે કોઈની પાસે નથી, તારી જ પાસે છે.’

‘આજ્ઞા કરો.’

‘જીવનભર પાલન કરીશ?’

‘જીવનભર.’

ગુરુનો કંઠ ગદ્ગદ બન્યો. શિષ્યસ્નેહની સરવાણીઓ પ્રબલ વેગે રગેરગમાં વહેવા લાગી, અને પોતે બોલ્યા :

‘વત્સ! ભારતવર્ષમાં અનેક દુ:ખોથી પ્રજા પીડાઈ રહી છે. જા, એનો ઉદ્ધાર કરજે. મતમતાંતરોને પરિણામે જે કુચાલો પ્રવર્તી રહેલ છે તેનું નિવારણ કરજે. આર્ય જનતાની બગડેલી દશાને સુધારજે. હે પ્રિય પુત્ર! ગુરુદક્ષિણામાં આ જ વસ્તુ મને અાપ. બીજા કોઈ સંસારી પદાર્થ પ્રત્યે મને પ્રીતિ નથી.’

‘આપ જોશો, કે શિષ્ય ગુરુઆજ્ઞાનું પાલન કરી દેખાડશે, મહારાજ!’

‘બસ ત્યારે, જાઓ દયાનંદ! ઈશ્વર તમારા મનોરથ સફળ કરે. વિદાયવેળાની છેલ્લી ગાંઠ તને અા વળાવું છું, કે મનુષ્યકૃત ગ્રંથોમાં પરમાત્મા તેમજ ઋષિમુનિઓનાં વિકૃત ચિત્રો છે, આર્ષગ્રંથોમાં તેનાં યથાર્થ વર્ણન છે. એ બે વચ્ચેનો ભેદ પરખીને આગળ ચાલજે. એ કસોટીને કદી વિસારીશ નહિ.’

પહેલું પગલું

સંવત 1920ના વૈશાખ માસથી આશરે 36-37 વર્ષની વયે સ્વામી દયાનંદના કર્મયોગી જીવનની શરૂઆત થઈ. આર્યશાસ્ત્રોના સાચા પાઠ અને સાચા અર્થો જનતાને સમજાવવા, તે સમજાવવા માટે જાહેર વ્યાખ્યાનો કરવાં, પંડિતો અને કહેવાતા શાસ્ત્રજ્ઞો સાથે વાદમાં ઊતરવું, અને એ રીતે પ્રજાને ઘોર અવિદ્યામાંથી ઉપર ઊંચકવી, એ પોતાનું મુખ્ય કાર્ય બન્યું. એ માટે પોતે ભારતવર્ષનો પ્રવાસ આદર્યો.

પહેલો જ ગ્રંથ તેમણે ગીતાનો પસંદ કર્યો. ગીતા પર વ્યાખ્યાનો દેવા લાગ્યા અને ભાગવતનું ખંડન માંડ્યું. સાથોસાથ મૂર્તિપૂજાના પાખંડ પર પ્રબળ કુહાડા લગાવતા ચાલ્યા. પ્રથમ આગ્રા, પછી ધોલપુર, ગ્વાલિયર, કરૌલી, જયપુર, પુષ્કર, જ્યાં-જ્યાં ગયા ત્યાં-ત્યાં એણે ગીતાનાં જે રહસ્યો બતાવ્યાં તે રસીલાં ને સારગર્ભિત બની ગયાં. શાસ્ત્રાર્થ કરવા આવનારા પંડિતોને એમણે ચૂપ કરવા માંડ્યા. પણ એ પ્રભાવ એકલી એમની વાદવિદ્યાનો કે તર્કશક્તિનો હતો? નહિ, એના તપસ્વી જીવનનો, એના સંતોષ, ક્ષમા, શાંતિ અને સરલતાનો જ એ પ્રભાવ હતો, તેમજ પોતાના શ્રોતાસમૂહમાં હાજર થનાર મોટા રાવરાજાઓ કે કાળા-ગોરા સરકારી હાકેમોની શેહમાં ન અંજાવાની અને મોઢામોઢ સત્ય કહી દેવાની તેજસ્વિતાનો એ પ્રભાવ હતો.

ચાર વર્ષની અવિશ્રાંત ઘૂમાઘૂમ પછી સંવત 1924માં એમણે પોતાની સામે અ◌ેક મોટો સુઅવસર નિહાળ્યો. એ હતો હરદ્વારના કુંભમેળાનો પ્રસંગ. કુંભસંક્રાંતિના એ મહાપર્વ પૂર્વે એક માસ પર ફાગણ શુદ 7ના રોજ પોતે હરદ્વાર પહોંચ્યા. આશા હતી કે લાખો સાધુસંતો, જપી-તપી, તેમજ ચારે વર્ણનાં સંસારી ભારતવાસીઓના એ મહામિલનમાં પોતે જ્ઞાનનો પ્રચાર કરશે, અને જો એ હજારો સાધુઓના અખાડા જાગ્રત બની જશે તો અ◌ાર્યસંતાનોના શિર પરથી દુ:ખદારિદ્ર�ના દિનો આથમી જશે.

પરંતુ એમના ત્યાંનાં વ્યાખ્યાનો અને શાસ્ત્રાર્થોના ધુંવાધાર સત્રને અંતે એમણે નિ:શ્વાસ નાખ્યો. એક પણ સાધુ-સંન્યાસી એને સહાય દેનારો સાંપડ્યો નહિ. સાધુઓના વેશ હતા, નામ હતાં, આકૃતિઓ હતી, રંગ પણ હતા, પણ નહોતો એક અ◌ાત્મા. તે સમયે સ્વામીજીને ખાતરી થઈ ગઈ કે પોતે અ◌ા ભરસૃષ્ટિમાં એકલા-એકલા જ હતા!

આનું કારણ શું? પોતે વિચારમાં ઊતર્યા, કારણ હાથ લાગ્યું. પરોપકાર કરવા નીકળવું છે? પરોપકાર તો અ◌ેક મહાયજ્ઞ છે. એ મહાયજ્ઞને પૂર્ણ કરવા માટે હું પૂરો દીક્ષિત બન્યો છું? એ સર્વોપરી યજ્ઞને સિદ્ધ કરવા મેં એમાં મારું સર્વસ્વ સ્વાહા કર્યું છે? નહિ નહિ, હજુ તો મારા દેહ પર દુશાલા છે, ગેરુઆં વસ્ત્રો છે, કંઠમાં સ્ફટિકની માળા છે, અને પુસ્તકો પણ છે. પ્રથમ તો અ◌ેને સ્વાહા કરું.

પોતાની પાસેનું એક મહાભાષ્યનું પુસ્તક, એક સુવર્ણમુદ્રા અને અ◌ેક મલમલનો તાકો હતાં તે એમણે મથુરા ગુરુજીને મોકલી આપ્યાં. કોઈએ પૂછ્યું કે 'પુસ્તક પણ?'

'હા' સ્વામીજીએ જવાબ વાળ્યો, 'પૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે એનો પણ ત્યાગ જરૂરી છે.'

બધાથી પરવારીને પછી શરીરે ભસ્મ ચોળી, ફક્ત કૌપીન [લંગોટી] ધારણ કર્યું, અને વ્યાખ્યાનો શાસ્ત્રાર્થો બંધ કરી, પૂર્ણ મૌન ધરી, પોતાની પર્ણકૂટીમાં એકલા બેસી ગયા. સમસ્ત સાધુમઠોને હલમલાવતો, અનેક સાંપ્રદાયિકોને થર-થર ધ્રુજાવતો, પાખંડીઓનાં કલેજાં કમ્પાવતો એ કેસરીનાદ ચૂપ બની ગયો.

બીજું સર્વ તો સહેલાઈથી ત્યાગી દીધું પણ મૌન લાંબો વખત ન સાચવી શકાયું.

હરદ્વારમાં એક દિવસે કોઈએ એમની કુટિર પર આવીને કહ્યું કે ‘વેદથી ભાગવત ઉત્તમ છે.’ એટલે સ્વામીજીની સબૂરી રહી નહિ. એમણે એ વાક્ય સાંભળતાં જ મૌન છોડીને ભાગવતનું ખંડન આદરી દીધું.

પ્રશ્ન થાય છે : સ્વામીજી જો વધુ વાર મૌન સાચવી શક્યા હોત તો એમની શક્તિ કેટલી બધી પ્રબળ બનત!

હરદ્વાર છોડ્યું, ગંગાને તીરે-તીરે ચાલી નીકળ્યા, રસ્તે નિરાહારી રહેવા લાગ્યા. એક વાર ત્રણ દિવસના કડાકા ખેંચ્યા, પણ ભૂખની પીડા ન સહવાતાં રસ્તા પરની એક વાડીના માલિક પાસેથી ત્રણ રીંગણાં માગીને પેટમાં નાખ્યાં. બીજે એક ઠેકાણે, એક માછીમારની ઝૂંપડી સામેની રેતીમાં પંદરેક દિવસ પડ્યા રહ્યા. ત્યાં પણ શાસ્ત્રાર્થ કરવા આવનારાઓની સાથે સંસ્કૃતમાં વાર્તાલાપ ચાલુ હતો. અન્નની ઓશિયાળ નહોતી. ફરી એક વાર ત્રણ દિવસની ભૂખ ભેગી થઈ, ન કોઈ અન્ન આપવા આવ્યું કે ન પોતે માગવા ગયા, એ દેખીને માછીમારને દયા આવી. પોતાનું ભાત આવ્યું તેમાંથી એણે પોતાની રોટલીમાંથી અરધી ભાંગીને સ્વામીજીને પ્રેમથી વહોરાવી. સ્વામીજીએ એ ગ્રહણ કરી.

ફરી પાછો આત્મા તેજ કરવા લાગ્યો અને સ્વામીજીએ ગામતરાં માંડ્યાં. પણ સર્વ પ્રસંગોમાં મોટા માનવ-મેળા એમને વધુ આકર્ષતા. 1924ના ભાદરવા માસમાં કર્ણવાસને સ્નાન-મેળે પહોંચ્યા, 1925માં કંકોડાને વૈશ્નવ-મેળે, એમ ઠેર-ઠેર વેદવાણીના સાચા મર્મો સમજાવતા ફર્યા. પહેલેથી કોઈ ઠેકાણે પોતાના આગમનના ખબર દેતા નહિ, ઓચિંતા જ પહોંચી જતા અને રવાના પણ ચૂપચાપ જ થઈ જતા. ક્યાં જતા તેની કોઈને જાણ પણ નહોતી થતી. વસ્તુઓ બધી એમની કૂટીમાં જ પડી રહેવા દઈને રવાના થતા.

1925માં સ્વામીજીએ ગુરુ વિરજાનંદજીના દેહાન્તના સમાચાર સાંભળ્યા. પોતાનાં માતાપિતા, સગાંસ્નેહી, રિદ્ધિ-સિદ્ધિ અને સમસ્ત સંસારની સુકોમળ સ્નેહગાંઠો છેદતાં જેને કદી શોક નહોતો થયો તે ત્યાગીના મન પર ગુરુના મૃત્યુના સમાચારથી વેદનાની ઝાંખપ વળી. પણ એ વેદનાયે વિસારી દઈ પોતે વિકટમાર્ગ પર આગળ વધ્યા.

કોઈ વિરોધીઓ એમને જાહેરમાં મહાત ન કરી શકવાથી એમનું ખૂન કરવાના પ્રપંચો રચતા, તો કોઈ એમને ગાળો-અપમાનો દેતા, કોઈ ધર્મઘેલડા અંધશ્રદ્ધાળુ રાવ મહારાવ એને ભરસભામાં ખડગ ખેંચી હણવા ધસી આવતા, તે સર્વનો સામનો સ્વામીજી પ્રશાંત ભાવે કરતા અને પોતાની રક્ષા કરવા મથનાર શિષ્યો-ભક્તોને પણ પોતે હસી-હસીને વારતા, કે મને કોઈ નહિ મારી શકે, મારી ચિંતા ન કરો.

અને વિનોદી પણ કંઈ કમ હતા! અનુપ શહેરમાં એક ઉમેદો નામે વાળંદ રહેતો હતો. એના અંતરમાં પણ સ્વામીજીની વાણીએ ઘર કર્યું. એક દિવસ એ થાળીમાં ભોજન ઢાંકીને સ્વામીજીને જમાડવા લાવ્યો. એમણે જમવા માંડ્યું એટલે તો ત્યાં બેઠેલા વીસપચીસ બ્રાહ્મણો બોલી ઊઠ્યા; ‘છિ! છિ! છિ! સ્વામીજી, આ તો વાળંદની રોટી છે.’

‘નહિ રે!’ સ્વામીજીએ હસીને કહ્યું : ‘આ તો ઘઉંની રોટી છે.’

એક વાર ચાર-પાંચ મુસ્લિમોએ આવીને પોતાના ધર્મ અને પેગમ્બર સાહેબ સંબંધે કંઈક પ્રશ્નો કર્યા. તેનો સ્વામીજીએ ‘દૂભાતા નહિ હો કે!’ એમ કહી નિષ્કપટપણે જવાબ દીધો. અને પછી કહ્યું કે ‘ભાઇ, જો તમે ચોટલી કપાવી નાખી, તો પછી આટલી લાંબી દાઢીની પીડા શીદને પાછી વહોરી!’

માધુકરી કરવા પોતે બનતાં સુધી જતા નહિ, જે કંઈ મળે તે જમી લેતા. લૂખું-સૂકું ચાહે તે આવી પડે. ખાટું-મોળું કે તીખું છે એવી ફરિયાદ કદી પોતે કરતા નહિ. કોઈ ઠેકાણે વળી એમના માટે ખાસ રસોયો રોકી ઉત્તમ રસોઈની સામગ્રી મોકલવામાં આવતી, પણ સ્વામીજી

તો સાદું ને નિયમિત ભોજન જમીને પેલી ઉચ્ચ જમણની સામગ્રી લોકોને વહેંચી દેતા.

બનતાં સુધી તો પોતે કોઈ મંદિરમાં જ ધામા નાખતા અને ત્યાં બેઠા-બેઠા જ મૂર્તિપૂજાનું ખંડન માંડતા. એટલે એની પહેલી અસર તો મંદિરમાં આવવાવાળા લોકો પર જ પડતી. એથી મંદિરનો રોજિંદો વકરો ઘટતો હતો. અનેક ઠેકાણે પૂજારીઓ અકળાતા અને સ્વામીજી પાસે આવી અરજ કરતા કે ‘અમારો રોજગાર માર્યો જાય છે, આપ ઉતારો બદલો તો કૃપા!’ જવાબમાં સ્વામીજી હસતા.

ઊતરવાનાં બીજાં સ્થળો રાજામહારાજનાં મકાનો હતાં. ખુદ રાજાઓ જ એમને સત્કારતા. ત્યાં બેસીનેય પોતે રાજા-મહારાજાઓને પ્રિય એવી રામલીલાઓ વગેરે પર પ્રહારો કરતા, અને નિમંત્રણ મળતું તો જવાબ દેતા કે રામલીલા અધાર્મિક છે, એમાં જવાનું સંન્યાસીનું કર્તવ્ય નથી.

સંવત 1926માં સ્વામીજીની નજર કાશી નગર પર પડી. સમસ્ત ભારતવર્ષનું વિદ્યા-કેન્દ્ર જેમ કાશી છે તેમ રાષ્ટ્રભરનાં અનિષ્ટોનું મથક પણ કાશી છે એ વિચાર મનમાં ઘોળાવા લાગ્યો. વર્ષોના કાશીવાસથી અને સંસ્કૃત શાસ્ત્રાભ્યાસથી દેશભરના વિદ્યાર્થીઓના અંતરમાં પૌરાણિક કલ્પનાઓ ઘૂંટાય છે, વર્ષો-વર્ષ સેંકડોની સંખ્યામાં ત્યાંથી પુરાણ-પ્રચારકો નીકળે છે, એટલે જો કાશીમાં નવા સંસ્કાર અને કર્માચારની લહર પ્રસરાવાય તો પ્રાંતેપ્રાંતના વિદ્યાર્થીઓ પાછા જઈને પોતપોતાના પ્રાંતોમાં એક ભાષા, એક ધર્મ, એક આચારવિચાર અને એક જ નીતિરીતિના સૂત્રમાં પ્રજાને પરોવી લઈ શકે, રાષ્ટ્ર આખો એક સુંદર સુગંધી પુષ્પમાળા બની જાય.

શત્રુના મોરચા પર હલ્લો લઈ જનાર યુદ્ધનિપુણની માફક પ્રથમ તો સ્વામીજીએ કાશીના પંડિતોનું વિદ્યાબળ અને શાસ્ત્રસામર્થ્ય માપી લેવા માહિતી મેળવી લીધી અને પછી પોતાના એક શાસ્ત્રપ્રવીણ શિષ્યને લઈ ચાલી નીકળ્યા. કાશીમાં એમણે સં. 1926ના કાર્તિક વદ બીજના રોજ પગ મૂક્યો.

આક્રમણ લઈ આવેલ શત્રુની જાણ કાશીમાં વાયુવેગે પ્રસરી વળી. પંડિતો પોતાનાં કટક બાંધી કટિબદ્ધ બન્યા. જિજ્ઞાસુઓનાં પણ ધાડાં ને ધાડાં સ્વામીજી પાસે આવવા લાગ્યાં. વિદ્યાર્થીઓ ટોળે વળ્યા. કટાક્ષો અને કુચેષ્ટાઓ કરનારાઓ પણ કમ નહોતા. ચીઢવવા-ખીજવવાની કોશિશો ચાલી. સ્વામીજીને થકવવાના વ્યર્થ વાદો કરનારા પણ ટોળે વળ્યા. પણ ચિઢાવા-ખિજાવાની એમની પ્રકૃતિ નહોતી. થાકને એ ઓળખતા નહિ. આઠ-આઠ કલાક સુધી એકલા વાદ કરતા. ગંભીરતા એનો પરમ ગુણ હતો, અને એમણે તો કાશીનરેશને ખુદને જ કહાવ્યું કે મૂર્તિપૂજા આદિ વિષયો પર પદ્ધતિસરનો શાસ્ત્રાર્થ કરાવી સત્યાસત્યનો નિર્ણય આણવાની એમની જ ફરજ છે.

મહારાજા તો મૂળથી જ ગભરાયેલા હતા. એમણે પંડિતોને તેડાવ્યા. પંડિતો કહે કે દયાનંદ વેદોનું પ્રમાણ માગે છે માટે એ પ્રમાણો એકઠાં કરવા પંદરેક દિવસની મહેતલ અમને મળવી જોઈએ. મુદત મળી, પંડિતોએ દોડાદોડ મચાવી, દિવસ નક્કી થયો. એ મંગળવારે કાશીનરેશની પાલખીઓ છત્રચામર સાથે પંડિતોનાં ધામો પર પહોંચતી હતી, મંદિરોમાં પંડિતોના વિજયની પ્રાર્થના થતી હતી, અને પંડિતો કૈક શાસ્ત્રગ્રંથો ઊથલાવી-ઊથલાવી પ્રમાણો એકત્ર કરવાની ધમાલ બોલાવતા હતા.

એક શિષ્યે સ્વામીજીને જઈને થરથરતે અવાજે કહ્યું કે મહારાજ, આજ અહીં હજારોની ભીડ ઊમટશે, હુલ્લડ મચાવવાનાં પણ છમકલાં થશે, આપની રક્ષાનો પ્રશ્ન બહુ મોટો છે.

સ્વામીજીએ હસીને કહ્યું : ભાઈ બલદેવ, ચિંતા શાની કરે છે? પક્ષપાતરહિત બનીને જે માણસ લોકહિતને જ ખાતર ઈશ્વરાજ્ઞા મુજબ સત્યોપદેશ કરે છે તેને શાનો ભય? એક હું–

આત્મા છું, બીજો પરમેશ્વર છે, ને ત્રીજો ધર્મ પણ એક જ છે. બાકી કોણ છે કે જેનાથી ડરવું રહે? બધાને આવવા દો.

નક્કી કરેલ સમયે, શુકનો સાચવીને પ્રત્યેક પંડિત પોતપોતાની પાલખીમાં બેસીને પોતાના સેંકડો વિદ્યાર્થીઓનાં વૃંદો સહિત, ઝૂલતાં છત્રચામરે બજાર વીંધીને સવારી કાઢી નીકળ્યા. વિદ્યાર્થીઓના વિજયઘોષોએ કાશીનગરીને ઉપરતળે કરી મૂકી. સાધુસંન્યાસીઓ પણ વિધવિધ તિલકો અને વેશોમાં સુસજ્જિત બની મોટાં ટોળાંમાં શામિલ બન્યાં. જાણે કોઈ ભયંકર ચડાઈ આવી. સ્વામીજીનું પડાવસ્થાન આનંદ-ઉદ્યાન તો એક જનસાગર બની ગયું.

ધસારો કરીને પુરાણપ્રેમી મહાસેનાએ સ્વામીજીના સ્થાનના રસ્તા પણ રૂંધી નાખ્યા, એના સાથીઓને બહારથી અંદર પેસવાનો માર્ગ ન રહેવા દીધો. પણ સ્વામીજીએ તો શાસ્ત્રાર્થ-સ્થાન પર એક પોતાનું આસન, સામે એક પ્રતિપક્ષીનું આસન અને બાજુમાં એક કાશીનરેશનું આસન એમ ત્રણ જ આસનો બિછાવરાવ્યાં હતાં. એક પછી એક પ્રતિપક્ષીએ સામા આવીને વાદ કરવાનો હતો.

સ્વામીજીએ પૂછ્યું, ‘બધા ગ્રંથો લાવ્યા છો ને?’

કાશીનરેશ કહે, ‘કંઈ જરૂર નથી.’

‘પણ વેદગ્રંથો તો જોશે ને!’

‘નહિ રે, એ તો અમારા પંડિતોને કંઠસ્થ છે.’

એક પછી એક વિદ્વાન આવી-આવીને બેઠા, પ્રશ્નોની ઝડી વરસાવી, સ્વામીજીએ એના જવાબો વાળ્યા, એમ કરતે-કરતે તો અંધારું થયું. કાશીનરેશે ઊભા થઈને પોતાના પક્ષના વિજયની તાળીઓ પાડી, તે તાળીનાદને ઝીલતો મોટી મેદનીનો હર્ષનાદ ઊઠ્યો. ‘સ્વામી હારી ગયો! હારી ગયો!’ એવા ઘોષ થયા, અને ગાજવીજ પછીના વરસાદની જેમ સ્વામીજી પર ઈંટ પથ્થર છાણ અને ખાસડાંના મેઘ વરસ્યા. નગરભરમાં નીકળીને ટોળાં દયાનંદને ગાળો દેતાં ગયાં.

બીજી બાજુ એવા પણ કાશીમાં સેંકડો નીકળ્યા કે જેમણે સ્વામીજીની કહેવાતી હારને સ્વીકારવાને બદલે એમના વિચારોની ચોટ અનુભવી. એ પૌરાણિક વિચારોના પ્રચંડ ગઢમાં ગાબડાં પડ્યાં.

પૌરાણિકોના અડ્ડા જેવાં પ્રયાગ વગેરે તીર્થધામો, ખ્રિસ્તધર્મીઓની વટાળપ્રવૃત્તિનાં મથકો, મુસ્લિમોનાં મોરચાસ્થાનો વગેરે અનેક નગરોને નૂતન સુધાર-વાણીએ તરબોળ કરતા સ્વામીજીએ તે પછી કાલીના પૂજક કલકત્તા તરફ મીટ માંડી. કલકત્તા સમસ્ત બંગાળનું પ્રતિનિધિ-સ્થાન હતું. ત્યાં દેવીપૂજા, વૈષ્ણવપંથ અને વધારામાં પશ્ચિમના સુધારક પવનની ત્રેખડ મચી ગઈ હતી. રાજા રામમોહનરાય અને કેશવચંદ્ર સેન સમાએ નવો બ્રાહ્મસમાજ પ્રવર્તાવ્યો હતો, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર પેદા થયા હતા. તે વિભૂતિમાન પુરુષોની કર્મભૂમિ કલકત્તાનો સાદ દયાનંદે સાંભળ્યો.

કલકત્તામાં સંવત 1929ના પોષમાં પહોંચ્યા. નિમંત્રણ બૅરિસ્ટર ચંદ્રશેખર સેનનું હતું. એમને ઉતારો અાપવામાં ખુદ દેવેન્દ્રનાથ ટાગોરે પણ અાનાકાની કરી, રાજા સુરેન્દ્રમોહન સેન પણ ખચકાયા, છતાં એમના પર સ્વામીજીને લાદવા જેવું બન્યું. કેશવચંદ્ર (બ્રાહ્મસમાજના અગ્રણી) બહારગામ હતા તે પાછળથી આવ્યા અને સ્વામીજીના પરિચયે ઊંડી અસર અનુભવી. એમણે કહ્યું કે ‘અફસોસ છે કે વેદોના અદ્વિતીય વિદ્વાન અંગ્રેજી નથી જાણતા, નહિતર ઇંગ્લેંડ જતાં હું એમને મારા સાથી બનાવત.’ સ્વામીજીએ જવાબ વાળ્યો કે ‘અફસોસ, બ્રાહ્મસમાજના નેતા સંસ્કૃત નથી જાણતા અને લોકો સમજી જ ન શકે તેવી ભાષામાં (અંગ્રેજીમાં) ઉપદેશ આપે છે.’

કેશવચંદ્ર–આપ સંસ્કૃતમાં જ વ્યાખ્યાન કરો છો તેથી અણસમજુ લોકોને પૌરાણિકો કંઈનું કંઈ સમજાવી દે છે.

એમના કહેવાથી સ્વામીજીએ દેશભાષામાં વ્યાખ્યાન દેવાં શરૂ કર્યાં અને સભાસ્થાનોમાં જતી વેળા વસ્ત્રો ધારણ કરવાનું પણ સ્વીકાર્યું.

બ્રાહ્મસમાજનો ઉત્સવ આવ્યો; દેવેન્દ્રનાથ ટાગોરના પુત્ર દ્વિજેન્દ્રનાથ સ્વામીજીને સત્કારવા આવ્યા, બ્રાહ્મસમાજે મોટું માન દીધું, દેવેન્દ્રનાથ ટાગોરે પછી તો અેમને પોતાને ત્યાં જ ઉતારો કરવા કહ્યું, પણ સ્વામીજીએ કહ્યું કે, ‘આપનું ઘર અે એકાંત–સ્થાન નથી, હું તો પ્રમોદ–કાનનમાં જ રહીશ.’

બંગાળી નરનારીઓમાં પ્રિય બની ગયેલા સ્વામીજી એક વાર પ્રમોદ–કાનનમાં બેઠા-બેઠા લોકોને ઉપદેશ દઈ રહ્યા હતા, તે વખતે માણસે આવીને કહ્યું કે રાજા સુરેન્દ્રમોહન અાવ્યા છે ને અાપને બોલાવે છે. પોતે પરોણા જ રાજા સુરેન્દ્રમોહનના હતા, તે છતાં જવાબ દીધો કે એક વ્યક્તિને ખાતર હું ઘણા ભાવિકોને ગેરલાભ કરવા નથી ઇચ્છતો. જો રાજા મહાશયને મળવું હોય તો અહીં જ આવે.

રાજાસાહેબ રોષ કરીને પાછા ચાલ્યા ગયા.

*

સ્વામીજીની સાચી કસોટીનું સ્થાન બનવાનું તો મુંબઈને સરજાયું હતું. મુંબઈના નિમંત્રણને માન દઈ સં. 1931ના આસો માસમાં એમણે એ ટાપુ ઉપર પગ મૂક્યો અને ત્યાં પણ એમનું અાસન તો ગોસાંઈ મહારાજો તેમજ હરેડ વૈષ્ણવ લખપતિઓની લીલાભૂમિ વાલકેશ્વર પર જ હતું. મુંબઈ વલ્લભપંથના ઊતરેલ અનુયાયીઓના વામમાર્ગ માટે જાણીતું હતું.

સ્વામીજીને સહાયકોએ સલાહ દીધી કે બીજા કોઈ પંથને છેડ્યા વગર એકલા વલ્લભપંથનું જ ખંડન કરશો તો ઠીક થશે. સ્વામીજીને એવી કોઈ સગવડપંથી પદ્ધતિ મંજૂર નહોતી. એમણે તો જૂઠ અને પાખંડ જ્યાં-જ્યાં જોયું ત્યાં-ત્યાં સાફસૂફી આદરી અને સર્વત્ર ગભરાટ ફેલાવ્યો.

વૈષ્ણવોના તન-મન-ધનના અર્પણનું તો સ્વામીજીએ ઘોર ખંડન આરંભ્યું. ગોસાંઈઓમાંના એક જીવણજી નામના ધર્માચાર્યે સ્વામીજીને ઝેર દેવરાવીને જાન લેવાનો પ્રયત્ન ખુદ સ્વામીજીના સેવક બલદેવસિંહને હસ્તક કર્યો. એક હજાર રૂપિયાના લોભમાં પડીને સ્વામીજીને વિષ દેવા તત્પર બનેલો સેવક મુકામ પર આવ્યો કે તુરત જ સ્વામીજીએ એને ‘બેટા!’ કહી એના અંતરની વાત પૂછતાં એ સેવકે રડતે-રડતે બધું જ કાવતરું કબૂલ કરી નાખ્યું. બલદેવને સ્વામીજીએ પોતાના સ્નેહની ગોદમાં લીધો.

બીજા પણ પ્રયત્નો થયા. સ્વામીજીનો પ્રાણ હરવા માટે રાતવેળાએ મુકામ પર ઘાતકો છુપાયા. તે બધાને સ્વામીજીએ મહાત કર્યા અને અા કરપીણ કાવતરાંનો કરનારો જીવણજી ગોસાંઈ પલાયન કરી મદ્રાસ ચાલ્યો ગયો.

મુંબઈમાં પણ વ્યાખ્યાન વખતે ધાંધલો મચ્યાં, ઈંટો-પથ્થરો વરસ્યા અને બીજી તરફ સેંકડો માણસો અેમનો ઉપદેશ પામીને ગોસાંઈ-ધર્મથી મોં ફેરવી ગયા. રમૂજની વાત તો અે હતી કે જેઓ સ્વામીજીને નિમંત્રણ કરીને મુંબઈ તેડાવનારા હતા તેઓમાંથી કેટલાક સરકી ગયા. કારણ કે તેમની મતલબ તો સ્વામીજીને શસ્ત્ર બનાવી અમુક જ પંથોને દબાવી દેવાની હતી, સત્યના સંપૂર્ણ સ્વીકારની નહોતી. બાકી જે રહ્યા તેઓ નિશ્ચલ સેવકો બન્યા. અને તેમની પ્રેરણાથી જ ‘આર્યસમાજ’ નામનું એક સત્સંગ મંડળ સ્થપાયું. કૉંગ્રેસ જેવી રાષ્ટ્રવ્યાપી સંસ્થાની જેમ આર્યસમાજ નામનો સંસ્કાર-વડલો પણ સૌપહેલો મુંબઈની જ ભૂમિમાં રોપાયો.

સ્વામીજીએ લખી તૈયાર કરેલો 'સત્યાર્થ-પ્રકાશ'નો ગ્રંથ પણ મુંબઈમાં જ છપાયો.

તે પછી ગુજરાતમાં પ્રચાર-પ્રવાસનો વારો અાવ્યો. ભરૂચ, સુરત, અમદાવાદ અને છેક રાજકોટ સુધી સ્વામીજીએ ભ્રમણ કર્યું, તેમાં પણ તેમની અવિચલ સત્યનિષ્ઠા અને સમતાની અગ્નિપરીક્ષા થઈ. અમદાવાદ સ્ટેશને તેમને લેવા અાવેલ એક શેઠજીની સાથે ગાડીમાં બેસી શહેરમાં જતાં રસ્તે શેઠજીએ એક આલેશાન મંદિર તરફ આંગળી ચીંધી કહ્યું કે 'આ મેં બે લાખ રૂપિયાને ખરચે બંધાવ્યું. કેટલું સુંદર છે!'

'ધૂળ સુંદર!' સ્વામીજીએ ત્યાં ને ત્યાં સંભળાવ્યું; 'આવાં અવિચારી દાનોથી જ આપણી દુર્દશા થઈ છે. આટલું દ્રવ્ય પાઠશાળા સ્થાપવામાં ખરચ્યું હોત તો ત્યાંથી વેદના જ્ઞાતાઓનો પ્રવાહ વહેત.'

ઠેર-ઠેર ધર્માંધોએ પથ્થરો-ઈંટો ફેંક્યાં તેને સ્વામીજીએ પોતાનાં ભાઈઓએ કરેલી પુષ્પવૃષ્ટિ સમાન માન્યાં, કૈકે ગાળો દીધી પણ તેમને હાથ સરખો અડકાડવાની સ્વામીજીએ સેવકોને મના કરી. કોઈ એમને ભોજન કરાવવા લઈ ગયા અને કીમતી શાલની ભેટ આપવા લાગ્યા તેના જવાબમાં સ્વામીજીએ કહ્યું કે 'હું આવે સમયે એ ભેટો લઉં તો પેટભરા પુરોહિતોમાં ને મારામાં શો ફરક!'

સુરતવાસીઓએ તો હદ કરી. તેઓએ સમજી લીધું કે સ્વામીજીની અહીંની મહેમાનીનું ખર્ચ તો મુંબઈના શેઠીઆ ઉપાડવાના છે, એટલે કોઈએ પાઈ પણ ન પરખાવી. પરિણામે પાછલા દિવસોમાં ખરચીની તંગી પડતાં સ્વામીજીએ પોતાના સેવકોનું રસોડું નરી ખીચડી પર ચલાવ્યું, પણ કોઈ પાસે પૈસાની માગણી ન કરી.

ભરૂચમાં એક ખ્રિસ્તી બની ગયેલો પારસી બ્રાહ્મણોની સહાયતાથી મૂર્તિપૂજાના પક્ષમાં વ્યાખ્યાન દેતો હતો તેની સભામાં હાજરી અાપવા જતાં સ્વામીજીએ, પોતાને માટે લોકોએ ઊંચું આસન મંડાવેલું તે પર ન બેસતાં સૌની સાથે બેસી જઈને કહ્યું કે, 'હું પણ આજનો એક શ્રોતાજન છું ને ભાઈ.'

ભરૂચના એક વકીલે કહ્યું કે 'આપ જો મૂર્તિપૂજાનું મંડન કરવા લાગો તો અમે અાપને શંકરનો અવતાર માનવા માંડીએ.' જવાબ મળ્યો કે 'કાશીનરેશે પણ મને વિશ્વનાથની પદવીની લાલચ બતાવી હતી. પણ એવી લાલચને વશ બની સત્યનો ત્યાગ કેમ જ કરું!'

એક દિવસ એમના ભાવિક પંડિત કૃષ્ણરામને તાવ આવ્યો ને એ એક કોટડીમાં જઈ સૂતો છે એવી ખબર પડતાં જ સ્વામીજીએ ત્યાં જઈ એનું માથું ચાંપવા માંડ્યું. ભક્તે ના પાડી. સ્વામીજીએ કહ્યું કે 'ભાઈ! આમાં કોઈ દોષ નથી. પરસ્પર સહાયતા સેવા કરવી એ તો મનુષ્યનો ધર્મ છે.'

પ્ર ચારનો એક દાયકો પૂરો થયો. હવે સંગઠનની પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો. સં. 1932માં એમણે મુંબઈ નગરીમાં જઈ ચૈત્ર સુદી પાંચમના દિને ગિરગામમાં ડૉ. માણેકચંદ્રની વાડીમાં સંધ્યાકાળે આર્યસમાજ નામની સંસ્થાની સ્થાપના કરી, અર્થાત્ ધાર્મિક અને સામાજિક સુધારણાનું કલ્પતરુ રોપ્યું.

ત્યાંથી અમદાવાદ થઈ વડોદરે ગયા, અને ગુજરાતી મહારાષ્ટ્રી પંડિતો તેમજ રાજ્યાધિકારીઓની હાજરીવાળી જાહેર સભામાં પહેલું જ વેદ-વ્યાખ્યાન દેતાં, પ્રારંભમાં વેદનું મંત્રોચ્ચારણ કર્યું. તે સાંભળતાંની વારે જ 'શિવ! શિવ!' એવા ઉદ્ગારો સંભળાયા અને સ્વામીજીએ નજર કરી તો દક્ષિણ પંડિતોને ઊઠી દૂર ઊભેલા દીઠા. કારણ પૂછતાં તેમણે કહ્યું કે 'આંહીં તો બે મુસલમાનો બેઠા છે, બીજા ઘણા શૂદ્રોની પણ હાજરી છે, તેમના દેખતાં-સાંભળતાં વેદોચ્ચાર થાય! અબ્રહ્મણ્યં! અબ્રહ્મણ્યં!'

મુસ્લિમો કોણ-કોણ હતા? એક હતા મુસ્લિમ જમીનદાર અને બીજા હતા રાજ્યના ગવૈયા મૌલાબક્ષ.

સ્વામીજીને આ સૂગ દેખી કેવળ હસવું જ આવ્યું. પોતાની કોઈ પણ સભામાં કે પોતાના આશ્રમ ઉતારા પર ન્યાતજાતની દીવાલ રચી સ્વામીજીએ કદી કોઈને પણ રોકેલા નહિ, બલકે જો મુસ્લિમ ભાઈ સંકોચ પામીને દૂર ઊભો રહેતો તો પોતે એને પ્રેમથી પાસે બોલાવી સન્મુખ બેઠક દેતા, મૌલવીઓ સાથે પણ પોતે ચર્ચામાં ઊતરતા. એવા અભેદના ઉપાસકને વડોદરાના દક્ષિણી પંડિતોની ક્ષુદ્રતા રમૂજ ઉપરાંત કશું જ ન પમાડી શકી, એટલે તેઓ પાછા આવીને બેસી ગયા.

વડોદરાના દીવાને એમને પોતાને ત્યાં ભોજન માટે નિમંત્રી જમાડ્યા પછી વિદાય દેતી વેળા એક હજાર રૂપિયાની ભેટ ચરણોમાં મૂકી. તેને નકારીને સ્વામીજીએ કહ્યું કે 'હું કુરીતિઓનું ખંડન કરનારો પોતે જ ઊઠીને આવી ભેટો લઈશ તો-તો ગોસાંઈઓની પધરામણીઓને સબળ આધાર મળી રહેશે.'

આવા કુચાલ રૂપે ધનની ભેટ લેવાની ના કહેનાર દયાનંદ બીજી તરફથી લોકસેવા અર્થે ધન માગતા ને લેતા એ દેખી વડોદરાના એક પંડિતે કહ્યું કે 'સાધુઓએ સુવર્ણ લેવું એ તો શાસ્ત્રવિરુદ્ધ છે!' તેના જવાબમાં સ્વામીજીએ શરૂઆત તો રમૂજથી કરી કે 'તો શું તમારા મત મુજબ હીરા-મોતી અને જવાહિરનું દાન સાધુઓને દેવું જોઈએ!' પછી સમજ પાડી કે 'જુઓ ભાઈ, શાસ્ત્રનો ભાવ સમજો, યતિઓએ કાંચનનો સંગ્રહ ન કરવો અે ભાવ છે, પણ પરોપકારને ખાતર દ્રવ્ય લેવામાં દોષ નથી. જેઓ પરહિતાર્થે પોતાની કાયાને અર્પણ કરે છે તેઓ કરોડો મણ કાંચન રાખવા છતાં અકિંચન જ છે. હવે લો મારી વાત. હું ગંગાતીરે ભમતો અેક કૌપીનધારી દિગમ્બર હતો તે દિવસોમાં મને એક કોડીનો પણ સ્પર્શ કરવાની જરૂર નહોતી. પરંતુ આજે જ્યારે મેં જનહિતનાં કાર્યોમાં અધિક ભાગ લેવા માંડ્યો છે ત્યારે હું લોકો પાસેથી ધન લઈ તેમના જ હિતાર્થે વાપરી નાખું છું. પણ જો અાપ એમ માનતા હો કે દ્રવ્યનો સ્વભાવ જ પાપમય છે, એને સ્પર્શતાં જ કોઈ ચેપ જેવું પાપ લાગી જાય છે તો-તો, આપ પણ ધનિક દેખાઓ છો એટલે, શું આપ પાપી છો?'

આવા પ્રસંગો બતાવે છે કે સ્વામીજીનો સંન્યાસધર્મ જ્યારે બીજા દાયકામાં સક્રિય લોકસેવાધર્મના રૂપમાં પરિણમ્યો ત્યારે એમનું કામ કપરું બન્યું હશે, એમને અનેક શંકાઓનાં સમાધાન કરવાં પડ્યાં હશે. અને લોકહિતનું દ્રવ્ય કેવી જવાબદારી ઊભી કરે છે તે તો તેમના રસાલાને માટે ચલાવાતા રસોડા વગેરેની વ્યવસ્થા પરથી દેખાય છે. પોતે જોખાવી-જોખાવીને

રોજ સીધુંસમાન આપતા અને વધી પડતી રસોઈના દુર્વ્યયને મોટું પાપ ગણાવતા. પોતે તો મિતાહારી હતા પણ સેવકોનેયે સાદાઈ-સંયમની મર્યાદામાં રાખતા. વધુ પીરસવાની કે અ ેઠું છાંડવાની મનાઈ કરતા. માલમલીદા નહોતા ઉડાવવા દેતા છતાં રોજિંદા મુકરર કરેલ સીધામાંથી થોડું-થોડું અલગ સંઘરાવી અમુક-અમુક આંતરે શિષ્યોને મિષ્ઠ ભોજન પણ ખવરાવતા. આવા પ્રસંગો બતાવે છે કે અ ા સર્વસ્વત્યાગી બ્રહ્મચારી ને મિતાહારી સાધુ બીજાઓની કક્ષાને સમજીને વર્તન કરનારા વ્યવહારકુશળ પણ હોવા જોઈએ.

બીજે બધે ઠેકાણે વેઠવા પડેલા સંતાપોનો અનુભવ પૂનામાં પણ મળી ગયો. પૂનાનગરીના સંસ્કારપ્રતિનિધિ રાષ્ટ્રભક્ત જસ્ટીસ મહાદેવ ગોવિંદ રાનાડેના અતિથિ બનનાર સ્વામીજીને પણ પ્રજાએ ન છોડ્યા. એમના પહેલા જ વ્યાખ્યાનને દિને એમના માનમાં વેદાવિભૂષિત પાલખીવાળી નગર–કીર્તનયાત્રાના વિરોધ તરીકે અજ્ઞાન લોકોએ ગર્દભાનંદ આચાર્યની સવારી કાઢી. સામસામાં સરઘસો અફળાયાં. વરસાદથી રસ્તે જામેલો કીચડ ઉપાડી-ઉપાડી એ લોકોએ સ્વામીજી પર તો ઠીક, શ્રી રાનાડેજી પર પણ ફેંક્યો. છતાં સ્વામીજીએ રાનાડેજી દ્વારા પોલીસોને કહાવી દીધું કે તોફાનીઓને શબ્દ પણ કહેવાનો નથી.

સં. 1933માં, એટલે કે પોતાની પચાસેક વર્ષની અવસ્થાની નજીક જતાં-જતાં પણ સ્વામીજીએ લખનૌ ખાતેના પડાવ દરમિયાન એક બંગાળી પાસેથી અંગ્રેજી ભણવાનો આદર કરેલો. આ પરથી એવું પણ એક અનુમાન થયું છે કે પોતે યુરોપની યાત્રા કરવા ઇચ્છતા હતા એ વાત ભ્રાંતિજન્ય લાગે છે. એવો સંકલ્પ હોત તો પોતે પાર ઉતાર્યા વગર રહેત જ નહિ અને તેને સારુ પ્રખર તૈયારી કર્યે જ રહેત. હકીકત તો અ ાટલી જ હતી કે સંગઠનનું કામ ઉપાડ્યા પછી પોતાનો પત્રવ્યવહાર બહોળો બન્યો હતો, રજિસ્ટર કાગળો પુષ્કળ આવતા, રૂપિયા પણ આવતા, પુસ્તકો છાપવા મોકલવાં પડતાં, પ્રૂફો મગાવવાં ને પાછાં વાળવાં પડતાં, તેને અંગે થોડાક અંગ્રેજી જ્ઞાનની જરૂર જણાતાં પોતે અ ે શીખતા હતા.

દિલ્હીમાં મહારાણી વિક્ટોરિયાનો મહોત્સવ થનાર હતો. અ ે નિમિત્તે હિન્દી રાજવીઓનો મોટો દરબાર મળવાનો હતો, પ્રતિષ્ઠિત પુરુષો પણ અ ાવનાર હતા. કહેવાય છે કે એ અવસરનો, ભારતવર્ષની અ ેકતા કરવા માટે લાભ ઉઠાવવાની પ્રેરણા સ્વામીજીને ઇંદોરનરેશે કરી હતી. રાજામહારાજાઓને પોતાના માર્ગ પર વાળવાની મહાન આશાએ સ્વામીજી તાબડતોબ દિલ્હી જઈ પહોંચ્યા.

રાજામહારાજાઓ ઉપર માંડેલી અ ાશાની મીટ તો ધૂળ મળી ગઈ, પણ એક દિવસ પોતે દેશના જુદા-જુદા ધાર્મિક સાંપ્રદાયિક નેતાઓને પોતાના ઉતારે એકઠા કરી એક સંમેલન ભર્યું, અને જુદા-જુદા સર્વ એકમત બની જાય, જુદી સંસ્થાઓ બંધ કરી દઈ એક જ સંસ્થામાં સમાઈ જઈ એક જ ધર્મનો પ્રચાર કરી ભારતવર્ષની એકતા સાધે, એવો પ્રસ્તાવ સ્વામીજીએ મૂક્યો. પણ મૂળભૂત મંતવ્યોમાં સર્વ એકમત ન થઈ શકવાથી અ ેકતાનું સ્વપ્ન તૂટી પડ્યું. 1933નું એ સંવત્સર હતું.

એ સ્વપ્નની ભસ્મમાંથી સાચું સુવર્ણ તો સ્વામીજીને આ મળ્યું, કે ત્યાં આવેલા પંજાબી આગેવાનોએ સ્વામીજીને પોતાના પ્રાંતમાં નવો પ્રચાર કરવા આવવા નિમંત્રણ દીધું. આ તકને સ્વામીજીએ તુરત ઝડપી લીધી. વીરનરોની ભૂમિ પંજાબ ધાર્મિક અંધાધૂંધીનો ભોગ થઈ પડી હતી. એક તરફ શીખ ધર્મ, બીજી તરફ ખેડૂતોમાં કબીરપંથ, મુસ્લિમ પંથ, અને ત્રીજો ખ્રિસ્તી પંથ, ત્રણેએ લોકોનાં મનને વશ કરવા જાણે કે હોડ બાંધી હતી. બહારથી અ ાવેલા આ ઈસાઈ પંથના પાદરીઓનો તો રાફડો ફાટ્યો હતો. તેઓની વટાળપ્રવૃત્તિ પુરજોશમાં ચાલતી હતી. તેઓને સરકારી પીઠબળ હતું તેમજ વિદેશી પૂંજીદાર વટાળ-સંસ્થાઓનો ધરખમ ટેકો હતો.

પહેલે જ મોરચે સ્વામીજીનું ચાંદપુર ગામના એક મેળામાં યુદ્ધ મંડાયું. એ પ્રદેશના કબીરપંથ ગામડિયાઓને વટલાવવા પાદરીઓ તેમજ મૌલવીઓ તૂટી પડતા હતા. ગામડિયા ફસાતા હતા. કયો પંથ સાચો તેની સ્પર્ધા કરવા એ મેળો યોજવામાં આવ્યો. સ્વામીજીને અરજ ગઈ કે આ ડૂબતી નૌકાને બચાવવા વેગે આવી પહોંચો.

પચાસ હજાર જેટલી મેદની મળી હતી. પાદરીઓ અને મૌલવીઓ કટક લઈને ઊતરી પડ્યા હતા. તેની વચ્ચે સ્વામીજીનો એકલવાયો પડાવ ભયથી કમ્પતો હતો.

સેવકોએ સ્વામીજીને કહ્યું, 'મહારાજ, મુસલમાનોનાં ધાડાં ઊમટ્યાં છે. કોમળ શબ્દે કામ લેવા જેવું છે.'

સ્વામીજીએ કહ્યું, 'જુઓ ભાઈ, સત્ય કાંઈ મારું ઉપજાવેલું નથી, એ તો સનાતન અને ઈશ્વરસરજ્યું છે. એ સત્યને પ્રકટ કરવામાં કોઈથી રંચ પણ ભય હું રાખતો નથી. તમે પણ ન ડરો. કોઈ માઈનો પૂત મારો વાળ વાંકો કરી શકનાર નથી.'

વાદની સભા ભરાઈ, મૌલવીઓ અને પાદરીઓના પ્રશ્નોના ઉત્તર દેતા સ્વામીજીએ એકલા પગે ખડા રહ્યા. એમની ગાંભીર્ય અને વિવેકથી શોભતી સીધીદોર વાણીની સુંદર અસર થઈ અને મેળાના વિસર્જન પછી પણ પાદરીઓ તેમજ મૌલવીઓ આવ્યા. તેમને આદરમાન દઈને સ્વામીજીએ વિવિધ વિષયો પર વાર્તાવિનોદ કર્યો.

આ વાર્તાલાપમાં તેજ હતું તેનું કારણ કે સ્વામીજીએ બાઇબલનું અથ-ઇતિ વાચન કર્યું હતું એટલું જ નહિ પણ પોતે બાઇબલનાં ઈસુ-વચનોમાંથી કડકડાટ ઉતારા કરી-કરી સંભળાવતા અને એ સૂત્રોનાં જ શસ્ત્રો વડે સામાવાળાઓના પ્રશ્નોનો સચોટ નિકાલ કરતા હતા.

દોઢ વર્ષ પોતે પંજાબમાં ગાળ્યું: લાહોર, અમૃતસર, લુધિઆના વગેરે અનેક શહેરોમાં વાસ કરી-કરી પોતાના માર્ગનું રહસ્ય ઠસાવ્યું. બ્રાહ્મસમાજનું પણ પંજાબમાં તો પરિબળ હતું, અને પોતે નિમંત્રણથી તેમના મંદિરમાં જઈને પણ વ્યાખ્યાનો આપ્યાં અને પુનર્જન્મમાં ન માનનારા એ સંપ્રદાયીઓને પ્રમાણો તેમજ દલીલોથી બતાવ્યું કે પુનર્જન્મ છે જ છે.

મૂર્તિપૂજાના ખંડનથી પંજાબી હિન્દુઓ તેમજ પુનર્જન્મની હિમાયતથી બ્રાહ્મસમાજીઓ એટલા તો દુભાયા કે સ્વામીજીના આતિથ્ય માટે ફાળામાં પૈસા દેવાની પણ ના પાડી, ઉતારા પણ મેળવવા મુશ્કેલ પડ્યા, કાશ્મીરના મહારાજા કોપશે એવી પણ ડરામણી દેખાડવામાં આવી, અને છેવટે મુસ્લિમોની કોઠીમાં ઉતારો મેળવવો પડ્યો તો ત્યાં બેસીને એમણે મુસ્લિમો રખે દુભાશે ખિજાશે એવા કોઈ ડરથી પોતાની વાતને છુપાવી નહિ.

ગોરા પાદરીઓને સ્વામીજી જડબાતોડ જવાબો દેતા છતાં સત્યથી કદી ન ચાતરતા. વૈદિક વર્ણવ્યવસ્થા પર ચર્ચા થતાં જ્યારે એક પાદરીને સ્વામીજીએ કહ્યું કે વેદોમાં તો ગુણકર્મ અનુસાર વર્ણો રચાયા છે, ત્યારે પાદરીએ પૂછ્યું કે 'જો મારાં ગુણકર્મ ઉત્તમ હોય તો હું બ્રાહ્મણ કહેવાઉં ખરો?'

'બેશક.' સ્વામીજીએ ખાતરી આપી.

લાહોરમાં એમનો મત પૂરતી સંખ્યામાં ઝિલાતાં ત્યાં પણ આર્યસમાજ સ્થાપવાનો નિર્ણય થયો, પણ સમાજ સ્થાપવા અગાઉ સમાજના નિયમોનું નવસંસ્કરણ કરવું જોઈએ એમ વિચારી સ્વામીજીએ નિયમો નક્કી કર્યા.

1. સર્વ સત્યો, સર્વ વિદ્યાઓ, તેમજ વિદ્યાથી ઓળખી શકાતા સર્વ પદાર્થોનું મૂળ પરમેશ્વર છે.

2. ઈશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર, સર્વશક્તિમાન, દયાળુ, અજન્મા, અનંત, નિર્વિકાર, અનાદિ, સર્વવ્યાપક અને પવિત્ર સૃષ્ટિકર્તા છે. એ જ ઉપાસના કરવા યોગ્ય છે.

3. વેદ સાચી વિદ્યાઓનું પુસ્તક છે. વગેરે વગેરે.

આ નિયમ ત્રીજો જો કાઢી નખાય, અથવા કંઈ નહિ તો 'સાચી' શબ્દ રદ કરો, તો અમે પણ સમાજમાં ભળી જઈએ, એમ બ્રાહ્મસમાજીઓએ કહ્યું, પણ સ્વામીજીએ ના કહી. આજે આપણને એ વાતનું વિસ્મય રહી જાય છે. વેદમાં સર્વ સાચી વિદ્યા જ ભરી છે એવો આગ્રહ આજે અસ્થાને ગણાશે, પણ સ્વામી દયાનંદ આર્યશાસ્ત્રોના તેમજ ઇતર ધર્મોના પૂરા તુલનાત્મક અભ્યાસને પરિણામે પોતાની પ્રખર બુદ્ધિ વડે એક એવી શ્રદ્ધા પર ઠર્યા હતા કે વેદ ઈશ્વરપ્રણીત છે. એ શ્રદ્ધા ભલે વિવાદાસ્પદ હોય, પણ પ્રામાણિક હતી, અને અેટલી જ્વલંત શ્રદ્ધા જો ન હોત તો કદાચ તે યુગના ઉકરડા સાફ કરવાનું અશક્ય બની જાત.

લાહોરની આર્યસમાજની રચનામાં એક મંગળ વાત બની. મુંબઈના સમાજની રચનામાં સ્ત્રીને સભ્યો બનવાનો અધિકાર મળેલો, પણ પ્રધાન અથવા મંત્રીપદની સાથે 'પુરુષ' શબ્દ લગાવીને અે બંધારણ ઘડનારાઓએ ધર્મમાં સમાનતાનો અાદર્શ સંકુચિત કરી નાખ્યો હતો. સ્વામીજીની સમજાવટથી લાહોરના નિયમોમાં 'પુરુષ' શબ્દ ઊડી ગયો.

એક વાર પોતે લાહોરના આર્યસમાજના સાપ્તાહિક સત્સંગ (અઠવાડિક સભા)માં આવ્યા ત્યારે પ્રાર્થના અને ઉપાસના ચાલી રહી હતી. ગુરુદેવને આવતા દેખી સભ્યોએ ઊભા થઈ સન્માન કર્યું. પ્રાર્થનાની સમાપ્તિ પછી સ્વામીજીએ કહ્યું : 'ઉપાસનાને સમયે ઉપાસકને ઈશ્વરના સત્સંગમાં નિમગ્ન બનવાનું હોય છે. પ્રભુથી મહાન કોઈ હોઈ શકે નહિ. આથી ઉપાસના સમયે ગમે તેવો ચમરબંધી આવતો હોય તોપણ ઊઠવું ન જોઈએ. એ સમયે તો કોઈનો આદરસત્કાર કરવો અે પણ ઉપાસનાધર્મનો અનાદર કર્યા બરોબર છે.'

આ સૂચનાનો તે દિવસથી કડક અમલ થવા લાગ્યો. ઇસ્લામમાં પણ આ જ તત્ત્વ છે. નમાજને ટાણે પહેલો આવનાર પહેલો ને પછી અાવનાર પછી જ બેસે, ભલે પછી એ બાદશાહ હોય. માલિકની પ્રાર્થના ચાલતી હોય ત્યારે કોઈ-કોઈને સત્કારી ન શકે. પોતે સમાજના સ્થાપક તરીકે પણ ઉપાસનાનું ગૌરવ વધુ વહાલું ગણ્યું એ અેમની સ્વચ્છ દૃષ્ટિ દાખવે છે.

આર્યસમાજમાં પદવીઓ એનાયત કરવાની દરખાસ્તનો પણ એમણે વિરોધ કરી કહ્યું કે મેં કોઈ નવો મત નથી ચલાવ્યો, ગુરુ-ગાદીનો મઠ નથી બનાવ્યો, હું તો મઠવાદીઓના મઠોથી લોકોને સ્વતંત્ર કરવા ચાહું છું. પદવીઓ તો હાનિકર્તા છે.

પોતે 'પરમ સહાયક'ની પદવી સ્વીકારવાની તો ના કહી, પણ લાહોરના આર્યસમાજના સભ્ય તરીકે સ્વીકારાયા પૂર્વે તો અે સભાની અંદર એક પ્રસંગે મત આપવાની પણ ના કહી હતી.

હતાશા

'વત્સ! મારું શરીર બહુ વખત હવે નહિ ટકે.' સ્વામીજીએ આ વચન સં. 1936ના શ્રાવણમાં અેક શિષ્યને યજ્ઞોપવીત આપતાં ઉચ્ચાર્યું.

'મહરાજ!' શિષ્યે પૂછ્યું 'આપના દેહ પર મોટો આઘાત પડ્યો જણાય છે.'

'હા બેટા! આ દેહ પર દારુણ વિષપ્રયોગો થયા છે. યોગપ્રક્રિયાઓ વડે, ઊલટી કરીને તેમજ બસ્તી-કર્મ દ્વારા અાવાં કાલકૂટ વિષોને દૂર કરી શકાય છે પણ લોહીમાં મળી ગયેલું ઝેર પૂરેપૂરું નથી નીકળી શકતું. એ કારણે જ શરીરની આધાર-શિલા તૂટી ગઈ છે. જો મને ઝેર ન દેવામાં અાવ્યું હોત તો હું બતાવી દેત કે સો વર્ષ સુધી તો મારા દેહની કાંકરી પણ ન ખરત.'

'તો ગુરુદેવ! આપ અાપની ચલાવેલી ધર્મનૌકાના પક્કા નાવિક બની રહે તેવા શિષ્યો કેમ નથી તૈયાર કરતા?'

સ્વામીજીએ ગંભીરભાવે કહ્યું : 'વત્સ! પહેલાં તો મેં પાઠશાળાઓ ચલાવી અનેક પંડિત શિષ્યો બનાવ્યા. એ લોકો મારી સામે હોય ત્યારે તો બહુ વિનય બતાવે છે, પણ મારાથી વેગળા પડે છે એટલે જેવા ને તેવા પૌરાણિકો બની રહે છે. હવે તો મને ખાતરી થઈ છે કે અા જન્મમાં મને લાયક શિષ્ય નહિ જ મળે. આનું પણ કારણ છે. હું તીવ્ર વૈરાગ્યવશ બની, યૌવનકાળમાં જ મારાં પૂજ્ય માતા-પિતાદિ પરિવારનો ત્યાગ કરી મૃત્યુને જીતવાને માટે યોગાભ્યાસ કરવા ચાલી નીકળ્યો, તેનાં જ ફળો હું ભોગવું છું. ઘર છોડતી વેળા મેં માતાની મમતાનો વિચાર ન કર્યો, પિતૃ-ઋણ પણ ન ઉતાર્યું. આ એવાં કર્મ છે કે જે મને સુયોગ્ય શિષ્ય મળવાના માર્ગમાં અંતરાય કરી રહ્યાં છે. પણ નિરાશાની કોઈ વાત નથી. મારા પરમ લક્ષ્યને પાર ઉતારનારાઓને આર્યસમાજ જ પેદા કરશે.'

આવી નિરાશા સાથે સંબંધ ધરાવતી એક દુઃખકથા છે. અમેરિકાવાસી કર્નલ ઑલકૉટ અને રૂસ રમણી મૅડમ બ્લેવેટ્સ્કી, જેઓ થીઓસોફીકલ સોસાયટી નામની અેક ધાર્મિક ભ્રાતૃભાવ પર ચાલતી આંતરરાષ્ટ્રીય સંસ્થાના સ્થાપકો હતા, તેમણે વિદેશ બેઠે-બેઠે સ્વામીજીના આર્યસુધારની વાતો જાણી હતી અને તેઓ સ્વામીજી સાથે પત્રવ્યવહાર પણ કરતાં હતાં. સ્વામીજીનાં તેઓ બન્ને શિષ્યો બન્યાં, અને થીઓસોફીકલ સોસાયટીને પણ તેમણે આર્યસમાજનું એક અંગ બનાવી દીધી. તેઓ બંને હિન્દ આવ્યાં અને સ્વામીજી સાથે સત્સંગ સાધી આત્મા, પરમાત્મા, યોગાભ્યાસ વગેરે વિષયોમાં ઊંડાં ઊતર્યાં. તેઓ પોતાને આર્ય કહેવરાવતાં, ભોંય પર બેસી ભોજન કરતાં, 'ઓમ્'નું પદક અને યજ્ઞોપવીત પણ ધારણ કરી ચૂક્યાં હતાં. થોડા દિવસ બાદ મૅડમ બ્લેવેટ્સ્કી સ્વામીજીની આજ્ઞા લઈ મુંબઈ ગયાં.

પછી સં. 1937માં મુઝફ્ફરનગર ખાતે આર્યસમાજના બીજા વાર્ષિકોત્સવ પર હાજર થઈને સ્વામીજીએ જે બે ભાષણો આપ્યાં તેમાં થીઓસોફીકલ સોસાયટીથી સાવધાન બનવાનો સ્પષ્ટ સૂર છેડ્યો, અને મૅડમ બ્લેવેટ્સ્કીના ચમત્કારોની પણ કડક સમાલોચના કરી. એ બેઉ ભાષણો આર્યસમાજીઓને થીઓસોફીકલ સોસાયટીથી અલગ થઈ જવાની ઘોષણારૂપ હતા.

આમ કેમ બન્યું? જેઓ પોતાને સ્વામીજીનાં શિષ્ય કહેવરાવતાં, પોતાની સોસાયટીના પ્રધાનાચાર્યપદે જેમણે સ્વામીજીને સ્થાપેલા, જેમની સભાનાં સર્વ કાર્યો પર સ્વામીજીની અનુમતિથી તેમના નામની મહોર લગાવાતી હતી, અને જેમણે દુનિયાની દેશી-વિદેશી સર્વ થીઓસોફીકલ સભાઓને અાર્યસમાજની શાખાઓ તરીકે ઓળખાવી હતી, તે બેઉ ગોરાં વિદેશીઓથી સ્વામીજીને એકાએક સાવધાન રહેવા જેવું શું લાગ્યું?

આર્યસમાજ અને થીઓસોફીકલ સોસાયટી વચ્ચેની આ ચિરાડનાં કારણો સ્વામીજી

અને મૅડમ બ્લેવેટ્સ્કી વચ્ચે થયેલા છેલ્લા પત્રવ્યવહારમાંથી જડી રહે છે. આ પત્રવ્યવહાર સન 1880 ઑક્ટોબરનો છે. પહેલો પત્ર મુંબઈથી મૅડમ બ્લેવેટ્સ્કી લખે છે તેમાંથી આટલા મુદ્દાઓ તરી આવે છે.

(1) કોઈ અન્ય સભા-સમાજના સભ્યો આર્યસમાજીને પોતાના સંઘમાં ભેળવવા માગે તો તેને સ્વામીજીએ એવો ઉત્તર દેવાનું સમાજીઓને કહ્યું કે સમાન નિયમોવાળો સંઘ હોય તો-તો વાંધો નથી, પણ ભિન્ન નિયમોવાળી સંસ્થાને ના કહી દેવી. આવા વલણને મૅડમ બ્લેવેટ્સ્કીએ રોમના પોપની જહાંગીરી જેવું જણાવ્યું.

(2) એક મત અને એક દેશવાળા આર્ય સભાસદો વચ્ચે જે મિત્રતા અને સ્નેહ જામી શકે તે વિદેશીઓના સમાજમાં સંભવે નહિ એમ સ્વામીજીએ કહ્યું તે પણ થી.સો.ને ઉદ્દેશીને જ કહ્યું છે.

(3) થીઓસોફીકલ સોસાયટીના વિદેશવાસી સભ્યો તો આર્યસમાજી ભાઈઓને ભાઈ સમાન ગણે છે, પણ હિન્દવાસી અંગ્રેજ સભાસદો, ખાસ કરીને સિમલામાં રહેનારા અંગ્રેજો, સ્વામીજી સિવાયના બીજા સર્વ આર્યસમાજીઓ સાથે બંધુભાવે વર્તાવ કરવાની ના પાડે છે. પોલીસના સરકારી વડા અધિકારી હૅન્ડરસને પણ અમારી સોસાયટીના સભ્ય બનીને એ જ વાત કહી કે હિન્દીઓ અને ગોરાઓ વચ્ચે પડેલી ખાઈને પૂરવાનું જે કામ થીઓસોફીકલ સોસાયટી કરી શકશે તે સ્વામી દયાનંદની અનુદાર હિલચાલથી નહિ થઈ શકે. આર્યસમાજને અમે ભાઈઓ બરાબર કેમ જ માની શકીએ? તેઓનું આમ કહેવું હોવાથી થી. સો.માં અમારે સભ્યો કરવા જોઈએ.

આના જવાબમાં સ્વામીજીએ લખેલો પત્ર પોતાના સોસાયટી સાથેના ભંગાણનાં સબળ કારણોને આગળ લાવનારો છે. દરેક મુદ્દાના જવાબ વાળતાં સ્વામીજી લખે છે કે —

(1) તમારા અમેરિકાથી આવેલા પત્રો અને તે પછીની હિન્દ ખાતેની આપણી મુલાકાતો દરમિયાન તમે જ નક્કી કરેલું કે અમે સંસ્કૃત ભણશું અને અમારી સભાને સમાજની શાખા જ બનાવી દેશું.

(2) મેં એક પણ તમારા સભ્યને આર્યસમાજી બનાવવાનો પ્રયત્ન નથી કર્યો, જ્યારે તમે અેવા કરેલા યત્નો અનેક છે.

(3) અમારા દેશવાસીઓની વચ્ચે જે સ્નેહભાવ જામી શકે તે બંધુભાવ અન્ય ભાષા બોલતા વિદેશીઓ સાથે ન જન્મે એ મેં કહ્યું છે ને હું માનું છું. એક ભાષાભેદને કારણે જ મારી અને તમ સરીખા યુરોપી મિત્રોની વચ્ચે પણ મેળ મળવાની કેટલી મુશ્કેલી પડે છે તે જોઈ લો.

(4) તમે મારી સંમતિ વગર મારું નામ તમારા સભાસદ તરીકે રાખ્યું છે તે બાબત મેં કર્નલ ઓલકોટને ઠપકો આપેલો.

(5) તમે ઈશ્વરને કર્તાહર્તા નથી માનતાં અે તો અા 1937ના ભાદ્રપદની નવી વાત થઈ. તમે તે પૂર્વે તો મારા પુછાણના જવાબમાં સ્પષ્ટ કહાવેલું કે તમે ઈશ્વરના કર્તૃત્વમાં માનો છો.

(6) તમે લખો છો કે અાર્યસમાજના નિયમની વિરુદ્ધ જતી તમારી સભાની મોટી વાત તો અે છે કે તમે પ્રત્યેક ધર્મને અાદર દઈ સર્વ ધર્મનાં લોકોને પોતાનામાં મિલાવી શકો છો, તેમના ધર્મમાં ઘાલમેલ નથી કરતાં, પણ બંધુ બનાવવા તેમને મેળવો છો, અને તમારી સભાના સભાસદ બનવાથી તેમને તેમના ધર્મમાર્ગમાં અડચણ કશી નથી પડતી.

હું પૂછું છું કે તમારો ધર્મ કયો છે? જો તમે કહેતા હો કે તમારો ધર્મ અમુક ધર્મથી વિરુદ્ધ છે, તો કોઈ વિધર્મી તેમાં ભળવા આવે નહિ; જો અેમ કહેતાં હો કે તમારો ધર્મ કોઈથી વિરુદ્ધ નથી, તો અન્યધર્મીઓને એમાં ભળવા જરૂર શી છે? અન્યધર્મીને અધર્મી

કહેવાવાળાઓ આપસમાં બંધુભાવ કઈ રીતે રાખી શકે? રાખે તો-તો તેમનો ધર્મ જાય છે; તેમ પોતાના ધર્મને પકડી રાખે તો તમારી સભાનો સભ્ય કેમ બની શકે? એક જ મનથી એક જ કાળે બે કાર્યો બની શકતાં નથી.

(7) આંહીંના અંગ્રેજો આર્યોને ઠીક લાગે તેમ માને, હું તો સર્વની સાથે મિત્રભાવે વર્તું છું. તેઓ અાર્ય ધર્મને તેમજ અા ભૂમિના ઇતિહાસને સમજશે તે દિવસે તેમનો ભ્રમ દૂર થશે.

(8) તમે કાશી મને લખેલ પત્રમાં જણાવ્યું હતું કે કદીક હું વેદને ત્યાગીશ તોપણ તમે વેદને નહિ ત્યજો.

(9) અમુક મનુષ્ય ઈશ્વરને કર્તાહર્તા માને તે જ કારણે જો અેની સાથે પ્રેમ ન થઈ શકતો હોય તો પછી તમારી સંસ્થાનો બંધુભાવનો સિદ્ધાંત ક્યાં રહ્યો!

આ પત્રવ્યવહાર છેલ્લા ગ્રંથિછેદનની ઘડીનો લાગે છે. પણ અઢી વર્ષનો પાછલો ઇતિહાસ તપાસનારા કહે છે કે આ ભંગાણનાં બીજ ક્યારનાં રોપાઈ ગયાં હતાં. કારણો એ લાગે છે કે એક તો દૂરવિદેશે બેઠાં-બેઠાં આ બે જણાંએ સ્વામીજીની જે મોહિની અનુભવી હોય તે આંહીં આવીને અનુભવ થતાં, સ્વામીજી પ્રત્યેનો મોટો વિરોધ દેખીને ઓછી પણ થઈ હોય. સ્વામીજી અંગ્રેજી ન જાણે, પેલાં બેઉ સંસ્કૃત કે હિન્દી ન જાણે, તેથી દુભિાષયાએ વિગતવાર સચ્ચાઈથી આ બેઉને સ્વામીજીનાં મંતવ્યો ન પણ સમજાવ્યાં હોય. ત્રીજું મૅડમ બ્લેવેટ્સ્કી જે ચમત્કારો બતાવતાં તેને મળેલી મહત્તા સ્વામીજીને નાપસંદ હતી. કારણ કે એ ચમત્કારોને સ્વામીજી યોગસિદ્ધિ ગણતા નહિ તેમ ચમત્કારો બતાવવા તે ઉચિત પણ સમજતા નહિ. પણ અેક મોટું કારણ તો એ લાગે છે કે થીઓસોફીકલ સભામાં સરકારી હાકેમો ને રાજપુરુષો ભળવા લાગ્યા હતા અને તેમને આ સભાના પ્રધાન આચાર્યસ્થાન પર સ્વામીજી જેવા કટ્ટર રાષ્ટ્રવાદી પુરુષનું વર્ચસ્વ હોય એ ખટકતું હશે.

બાકી તો કશા જ આશ્ચર્યની વાત નથી કે સર્વ કોઈ પંથના અનુયાયીઓને એકત્રિત કરવાના ઉદ્દેશવાળી થીઓસોફીકલ સભા અને ચોક્કસ પ્રકારની કડક ધાર્મિક માન્યતાઓ પર મંડાયેલો અાર્યસમાજ, એ બેઉ વચ્ચેનો મૂળ સંબંધ કૃત્રિમ હતો. વ્યવહારમાં એ ટકી શકે નહિ. વિચ્છેદ અનિવાર્ય હતો. દહીંદૂધમાં પગ રાખી શકાતો નથી.

તે વાતને જતી કરીએ, તો જે સમયે આ વિચ્છેદ બન્યો તે સમયની સ્વામીજીની મનોદશામાં વેદનાનું વલોણું ઘૂમી રહ્યું હતું. મેરઠ અાર્ય સમાજના ઉત્સવ પરના છેલ્લા વ્યાખ્યાનમાં એ વેદના આ શબ્દોમાં વ્યક્ત થઈ —

'લોકો કહે છે કે તમે તો જે કોઈ આવે તેની અાર્યસમાજમાં ભરતી કરી લો છો. મારો સ્પષ્ટ ઉત્તર આ છે, કે હું તો વેદને જ સર્વોપરી માનું છું – વેદ એક જ એવું પુસ્તક છે કે જેના ઝંડા તળે સમસ્ત આર્યો આવી શકે છે, એથી કરીને જે મનુષ્ય એમ કહે કે પોતે વેદમાં માને છે અને અાર્ય છે તેને અાર્યસમાજમાં અપનાવી જ લેવો. એવા વિશ્વાસુનો અસ્વીકાર ન જ કરી શકાય. લોકો ભેદો પર વધુ નજર રાખે છે, પરંતુ તમે સૌ ભેદમૂલક કરતાં સુમેળમૂલક વાતો પર વધુ ધ્યાન દેજો.

'ને હવે તો તમારે સ્વાવલંબી બનવું જોઈએ. અત્યારે તો એવી અવસ્થા આવી ગઈ છે કે કોઈ પ્રતિપક્ષી આવે તો તમે તાર પર તાર કરીને મને જ તેડાવો છો. કોઈ સંશય પેદા થયો કે મારા પર જ લટકી રહો છો. ઉપદેશ કરાવવો હોય તોપણ મારા પર જ ભાર મૂકો છો. પરસ્પર ફાટફૂટ થાય, વૈમનસ્ય વધે, અણબનાવ અને વૈર પેદા થાય તો તેને મટાડવાની ચિંતા પણ મારે જ કરવી પડે છે ને દોડ્યા આવીને શાંતિ સ્થાપવી પડે છે. પણ મહાશયો! હું કંઈ સદાકાળ રહેવાનો નથી. મારું શરીર પણ ક્ષણભંગુર છે. આ દેહના કાચા ઘડાને પણ અંતે તો કાળના

હાથે જ તૂટવાનું છે. વિચારો, મારી આંખ મિંચાયે તમે પાછળથી શું કરશો? તમારી ત્રૂટિઓને તમે જ સ્વાવલંબનથી ઝટ પૂરી કરી લો. મને શ્રદ્ધા છે કે એવા સમર્થો તમારામાંથી પેદા થશે અને આર્યસમાજનો મોટો વિસ્તાર થશે, એ વાડી ફૂલોથી લચી પડશે અને લીલીછમ રહેશે; પણ એ નિહાળવા હું નહિ હોઉં.'

આ વાણીમાં ભવિષ્યના ભણકારા હતા. સાંભળીને સર્વ આંખો છલછલી ઊઠી.

'ઝે ર દઈને કે હથિયાર ચલાવીને જો કોઈ મને નહિ મારી નાખે, તો આ મારો દેહ મનુષ્યની આવરદાની છેલ્લામાં છેલ્લી અવધિ સુધી જીવતો રહેશે; લગારે કરમાશે નહિ; ઢીલો પણ પડશે નહિ.'

મૃત્યુ સામેનો આ પડકાર સાઠ વર્ષની ઉંમરે મહર્ષિજીએ જોધપુરનગરમાં ઉચ્ચાર્યો. જીવનનાં છેલ્લાં ત્રણ વર્ષ એ રાજસ્થાનમાં ઘૂમતા હતા અને રાજામહારાજાઓને ઠેકાણે લાવવા મથતા હતા. રાજાઓ તેમને અપૂર્વ સન્માન આપતા હતા.

રાવરાજા તેજસિંહ જેવા જોરાવર સેવકો કોઈ વાર સ્વામીજીના પગ ચાંપવા બેસતા અને એ પગની પિંડીઓમાં આંગળી ખૂંચાડવા મથતા. પણ એ પિંડીઓના લોખંડી ગઠ્ઠાઓ ઊલટા તેઓની આંગળીઓને સમસમાવી મૂકતા. મૃત્યુ ભોંઠું પડીને પાછું વળી જાય એવો એ પહાડી દેહ આર્યધર્મના અમર સ્થંભ સરખો ઊભો હતો. પરંતુ વિધાતા એ વખતે જુદી જ વેતરણ કરી રહ્યો હશે.

ત્રણ-ત્રણ વાર રૂબરૂ આવીને જોધપુરનરેશ જશવંતસિંહજીએ સ્વામીજીને પોતાના દરબારમાં પગલાં કરવા વિનવ્યા. એ વિનવણીને વશ થઈ એક દિવસ સ્વામીજી દરબારમાં દાખલ થાય છે તો રાજાજીની પાસે વારાંગના 'નન્નીજાન'ને બેઠેલી ભાળી. સ્વામીજીને આવતા દેખીને તુરત જશવંતસિંહજીએ ઇશારત કરી. નન્નીજાન પાલખીમાં પેસી ગઈ. ઝપાટાભેર પાલખી દરબારગઢમાંથી અલોપ થઈ ગઈ.

સ્વામીજીએ એને જોઈ લીધી. એમનું હૃદય વીંધાવા લાગ્યું. લગારે થડક્યા વગર નિર્ભય યોગીએ ફિટકારનો ધોધ વહેતો કર્યો કે 'જોધાણનાથની આ દશા? રાજન્! કેસરીસિંહની ગુફામાં કૂતરીઓ દાખલ થઈ શકે? અરે એ વેશ્યાઓને પેટે જન્મેલી રાજપુત્રીઓ પણ કયો ધંધો કરવાની? વેશ્યાનો! પોતાના જ વીર્યના સંતાનને વારાંગના બનાવવા રાજી હોય એવો કોઈ માનવી હશે? જોધપુરના ધણી! આપને આ ન છાજે. છોડી દો. છોડી દો.'

પીડાતે હૃદયે સ્વામીજી ચાલ્યા ગયા. તે દિવસ સાંજરે ભરી સભામાં પોતે બોલ્યા કે 'આપણા દેશના મોટા પુરુષોનું સત્યાનાશ તો ક્યારનુંયે વળી ગયું હોત. પરંતુ તેઓના પાપના માંચડા તો તેઓના ઘરમાં રહેલી પેલી જોગમાયા જેવી પત્નીઓના પતિવ્રતને લીધે જ હજુ ટકી રહ્યા છે. કુલવંતી એ આર્ય સતીઓએ જ પોતાના ધર્મ વડે પાપી ભરથારોની રક્ષા કરી છે.'

*

મહારાજા પ્રતાપસિંહજીને સ્વામીજીએ નીચે પ્રમાણે પત્ર લખ્યો :

'માન્યવર શૂરવીર મહારાજા શ્રી પ્રતાપસિંહજી! આનંદિત રહો. આ પત્ર બાપુને પણ વંચાવજો.

'મને બહુ જ શોક થાય છે કે જોધપુરાધીશ અત્યારે આળસ વગેરે વિલાસમાં ગરક છે અને આપ તથા બાપુ રોગીઅલી બન્યા છો. આ રાજ્યમાં સોળ લાખથી વિશેષ વસ્તી છે. એના રક્ષણ અને કલ્યાણનો મોટો બોજો આપ સહુ ઉઠાવી રહ્યા છો. એનો સુધારો-બગાડો પણ આપ ત્રણ જણા ઉપર ટકી રહ્યો છે. છતાં આપ ત્રણે જણા શરીરની રક્ષા પ્રત્યે બહુ જ ઓછું ધ્યાન આપો છો એ કેટલું શોચનીય!

'હું માગું છું કે મારા કહ્યા મુજબ આપ આપની દિનચર્યા સુધારી લ્યો, કે જેથી માત્ર મારવાડના જ નહિ, પણ આખા આર્યાવર્તના કલ્યાણમાં આપની કીર્તિ બોલાય. પછી તો જેવી આપની મરજી!

લિ.

એક બાજુ આ પત્ર લખાઈ રહ્યો છે. બીજી બાજુ સાપણી પોતાની દાઢમાં ઝેર ભરી રહી છે. નન્નીજાનના મનસૂબામાં સ્વામીજીનો કાળ રમવા લાગ્યો છે. એ સમજતી હતી કે સ્વામીએ ભલભલેરાઓને પણ વેશ્યાના સંગ તજાવ્યા છે. મહર્ષિને એણે પોતાનો જમદૂત જાણ્યો, એના હૃદય–અંધકારમાં કાવતરું શરૂ થઈ ચૂક્યું.

જોધપુર આવ્યાને પાંચમો જ મહિનો જાય છે ત્યાં સ્વામીજીનો વફાદાર સેવક કલ્લૂ પાંચસો-છસો રૂપિયાનું દ્રવ્ય ચોરીને અલોપ થાય છે. જોધપુરમાં જાણ થઈ. મહારાજા જશવંતસિંહજીની આજ્ઞા છૂટી કે ચોરને પાતાળમાંથી પણ પકડી આણો. પરંતુ એ ન પકડાયો. ડંખ દઈને કાળો વીંછી સરકી જાય તેમ એ સરકી ગયો. એને મારવાડના પહાડની કે માર્ગોની લગારે પિછાન નહોતી. છતાં એ શી રીતે – ક્યાં છુપાયો! સ્વામીજીને સંદેહ ગયો, કાવતરાનો પહેલો દાવ પોબાર! બીજો દાવ રમાય છે.

સંવત 1940ના આસો વદી ચૌદશની રાત્રિએ સ્વામીજીએ પોતાના રસોયા પાસેથી દૂધ લઈને પીધું. પોઢી ગયા. જરા વાર આંખો મળી. ત્યાં તો પેટમાં વેદના ઊપડી. જાગી ઊઠ્યા. ત્રણ વાર ઊલટી કરી; પણ પાસે સૂતેલા સેવકોને ન જગાડ્યા. પ્રભાતે પોતે ઊઠ્યા; વેદના ઊપડી. ઊલટી કરી. પણ જીવ મોળો પડવા લાગ્યો. જઠરમાં શૂળા ભોંકાવા લાગ્યા. રાજના દાક્તર દોડ્યા આવ્યા; કૈંક ઔષધિઓ આપી. પણ કોણ જાણે શા ભેદથી ઉપચારની અસર ઊંધી જ થતી ગઈ. ગળું સુકાવા માંડ્યું. લોહીના બિન્દુએ બિન્દુમાંથી જાણે કે જીવન શોષાતું ગયું, છતાં ન અરેરાટ, ન સિસકાર કે ન ગભરાટ. વહાલું વહાલાને ભેટે તેમ જાણે કે યોગી મૃત્યુને આલિંગન લઈ રહ્યો છે. આખરે બહુ દવાઓને પરિણામે એમનો આત્મારામ થોડા દિવસ ટક્યો. પણ બિછાનામાં કાળી બળતરા ઊઠતી હતી. પિંજરના દ્વારમાંથી પ્રાણપંખી પાંખો ફફડાવવા લાગ્યું.

આવી દશામાં સ્વામીજીને આ વિષપ્રયોગના કાવતરાની જાણ થઈ. એ મહાજ્યોતને બુઝાવનારા પોતાના રસોયા જગન્નાથને એમણે પોતાની પાસે બોલાવ્યો. જગન્નાથે અપરાધ કબૂલ કર્યો. સ્વામીજીની ગંભીર મુખમુદ્રાની એક રેખાયે ન બદલી. દયાર્દ્ર શબ્દે એમણે કહ્યું, 'ભાઈ જગન્નાથ, મને બીજું કાંઈ નથી, પણ મારા જીવનનું કામ અધૂરું રહી ગયું. તને ખબર નથી કે તારે હાથે કેટલા બધા જીવોને નુકસાન થયું છે. પણ કાંઈ નહિ, ભાઈ! લે આ થોડા રૂપિયા હું તને આપું છું. એ લઈને તું તાબડતોબ આ રાજ્યના સીમાડા છોડી દે. નેપાળમાં જઈને છુપાઈ જા. નહિતર, અહીં જો જરાયે વાત ફૂટશે તો તારા લોહીનું બિન્દુયે બિન્દુ નીચોવી લેશે. જગન્નાથ, ભાઈ, જા! વાર ન લગાડ. મારા તરફથી નિર્ભય રહેજે. હું તારી વાત બહાર નહિ પાડું.'

પંદર વરસ વેશ પલટીને જગન્નાથે તિબેટમાં કાઢ્યાં તેના પુરાવા મળે છે.

ત્રીજે દિવસે સ્વામીજીને પાલખીમાં બેસાડી આબુરાજ લઈ જવામાં આવ્યા. જોધાણનાથ પગે ચાલીને વળાવવા આવ્યા. એના હૃદયમાં ઊંડી દિલગીરી વ્યાપી હતી. વિદાય દેતી વખતે તેનું હૈયું ભરાઈ આવ્યું. કેમ કે ભારતવર્ષની સત્યજ્યોતને બુઝાવવાનું પાતક એના રાજદ્વાર પર ચડતું હતું.

સ્વામીજીએ મહારાજાને દિલાસો દીધો, 'રાજન, ચિંતા ન કરશો. પ્રભુનાં નિર્માણ મિથ્યા નથી થતાં.'

સંધ્યાસમયે એમણે જોધપુરના પાદરને છેલ્લા રામ-રામ કર્યા. આબુમાં એક નિપુણ દાક્તરની દવા હાથ બેઠી. દીવડામાં તેલ પુરાવા લાગ્યું. ત્યાં બીજી ફૂંક લાગી. સરકારી તબીબી ખાતાનો લાલરંગી હુકમ છૂટ્યો કે દાક્તર લક્ષ્મણદાસે તાબડતોબ અજમેર ચાલ્યા જવું. દાક્તરે

રાજીનામું આપ્યું. કોણ જાણે શો સંકેત કામ કરી રહ્યો હતો. રાજીનામું નામંજૂર થયું, દાક્તર ગયા. સ્વામીજીને પણ અજમેર ઉઠાવી ગયા. પણ પછી તો દાક્તરે હાથ ખંખેરી નાખ્યા.

સાંજ પડતી આવે છે. જીભ પર, મોંમાં, માથામાં અને દેહને રોમેરોમે ફોલ્લા ઊપડ્યા છે, છતાં સ્વામીજીએ વાળંદને બોલાવી શિર પર મુંડન કરાવ્યું, નખ ઉતરાવ્યા, એક શિષ્યનો અાધાર લઈને પોતે પલાંઠી વાળી બેઠા, પછી અત્યંત વત્સલતા સાથે કહ્યું, 'બેટા આત્માનંદ, તારે કાંઈ જોઈએ છે?'

આત્માનંદજીનાં નેત્રોમાંથી અશ્રુધારા ચાલી. એણે રડતાં-રડતાં કહ્યું, 'આપને પ્રભુ આરામ આપે અેથી વધીને બીજી કશી ઇચ્છા આ ત્રણે ભુવનમાં મારે નથી રહી.'

મહર્ષિજીએ હાથ લંબાવીને અાત્માનંદજીના મસ્તક પર મૂક્યો, બોલ્યા, 'બેટા, ગભરાવું નહિ. કર્તવ્યનું પાલન કરતાં સદા અાનંદમાં રહેજે. સંસારમાં સંયોગવિયોગ તો સ્વાભાવિક છે.'

પોતાની સગી જનેતા મરતી હોય ને જેમ ધાવણાં બચ્ચાં રડે તેમ ચેલા રડ્યા. મહર્ષિએ બબે રૂપિયા અને બે દુશાલા મંગાવી બંને શિષ્યોને ભેટ દીધાં. બંને જણાએ એ વસ્તુઓ પાછી મૂકી દીધી. પછી મહર્ષિજીએ તે દિવસનાં વારતિથિ પૂછ્યાં. ઓરડાની ચોમેર નજર કરી લીધી. વેદપાઠ આરંભ્યો. એ સ્વરોના ગુંજનમાં કંઠમાં કે ઉચ્ચારમાં ક્યાંયે નિર્બળતાનો અંશ પણ નહોતો.

વેદના મંત્રો પૂરા કરી પુલકિત અંગે સંસ્કૃતમાં પરમાત્માની યશગાથાઓ ઉપાડી. સમાધિમાં બેઠા. મુખમંડળ ઉપર પ્રસન્નતાનો ઝળહળાટ પથરાઈ ગયો. અાખરે કમળ શાં નેત્રો ઉઘાડી 'હે દયામય, તારી ઇચ્છા! ઓ દેવાદિદેવ તારી જ ઇચ્છા! વાહ પ્રભુ, કેવી તારી લીલા!' એમ ગુંજારવ કરતાં-કરતાં, જન્મોજન્મનાં કર્મોને ખાક કરી, સં. 1940ની કાર્તિકી અમાસ ને મંગળવારે એ આત્માની જ્યોત મહાજ્યોતમાં મળી અને જગત ઉપર સંધ્યાનાં અંધારાં ઊતર્યાં.

મ હર્ષિજીનું જીવનચરિત્ર વીરત્વની વિધવિધ ઘટનાઓથી ભરપૂર છે. મણિ-રત્ન જેવું એ માનવ-જીવન પોતાના પ્રત્યેક પાસામાંથી કેવું ઝલકી રહ્યું છે, જગતના રોષ તિરસ્કાર અને દ્વેષનું ઝેર ઘોળી-ઘોળીને પીતાં-પીતાં તેના બદલામાં એ યોગીવરે પોતાના અ ાત્મ-મંથનમાંથી કેવું અમૃત વલોવી વલોવીને આપ્યું છે, તેની સાક્ષી દેતા આ જીવન–પ્રસંગો છે. આચરણની ઝીણવટમાં જ મહત્તાની કસોટી છે. એ કસોટીની જ્વાળા વચ્ચે સળગતાં મહર્ષિ દીપી ઊઠે છે. એના સિદ્ધાંતો સાથે મતભેદ ધરાવનારાઓને પણ એની મહાનુભાવતાની આ ઘટનાઓ સત્યનું ભાન કરાવે છે. મતભેદો તો જગતમાં પડ્યા રહેશે. ગગનમાં ચડશે કેવળ આવી જીવન–ફોરમો.

હજારો વર્ષો થયાં અબોલ બની ગયેલા ગંગાજીના કિનારાઓ ઉપર ફરી વાર શુદ્ધ વેદ-મંત્રો ગુંજી ઊઠ્યા છે, ઋષિમુનિઓનો વારસદાર વીર દયાનંદ રાજપૂતોનાં ગામડે-ગામડાં ચીરતો ઘૂમે છે. ચાલીસ-ચાલીસ, પચાસ-પચાસ રાજપૂતો પંક્તિમાં ગોઠવાઈને ગંગા-તીરે ખડા થાય છે. એ તમામને યજ્ઞોપવીત પહેરાવતા દયાનંદજી ગાયત્રીના સિંહનાદ ગજાવે છે. અને કેટલોય કાળ વીત્યા પછી પહેલી જ વાર, સંસ્કૃતિ માતાનાં સ્તન પરથી દૂર ફેંકાયેલાં, ધાવણાં, નિ:સહાય સંતાનો સરખી સ્ત્રીજાતિને આજ ગાયત્રી–જપ કરવાનો અધિકાર પણ મહર્ષિ દયાનંદે જ અર્પણ કર્યો.

ક્ષમાવીર

સોંરો ગામમાં એક વાર સ્વામીજી ઉપદેશ આપી રહ્યા છે. તે વખતે એક કદાવર, પહેલવાન, વિકરાળ જાટ આવી પહોંચ્યો. મોં ઉપર રોષ સળગે છે : ભવાં ચડી ગયાં છે : ખભા પર ડાંગ રહી ગઈ છે; લાલઘૂમ નેત્રો ફાડતો ને હોઠ પીસતો એ રાજપૂત સભાને ચીરીને સડસડાટ સ્વામીજીની સન્મુખ આવી ઊભો રહ્યો. એના મોંમાંથી અંગાર ઝરવા લાગ્યા કે 'રે ધૂર્ત, તું સાધુ થઈને મૂર્તિપૂજાનું ખંડન કરે છે? ગંગામૈયાને નિન્દે છે? દેવોની વિરુદ્ધ બકવાદ કરે છે? હવે બોલ જલદી, તારા કયા અંગ ઉપર આ ડાંગ લગાવીને તને પૂરો કરી નાખું?'

આખી સભા થરથરી ઊઠી. પણ સ્વામીજીએ તો રતિ-માત્ર ચલાયમાન થયા વિના, એની એ જ ગંભીર મુખમુદ્રા રાખીને હસતાં-હસતાં ઉત્તર આપ્યો :

'ભાઈ! મારો ધર્મપ્રચાર જો તને અપરાધ જ લાગતો હોય, તો એ અપરાધ કરનાર તો આ મારું મસ્તક જ છે. એ માથું જ મને આવી વાતો સુઝાડે છે. માટે તારે સજા કરવી હોય તો એ અપરાધી માથા ઉપર જ તારી ડાંગ ફટકાર બેટા!'

એ ક્ષમાવીરનાં નેત્રોની જ્યોત પેલા જાટનાં નેત્રોમાં પડી. ધગધગતો અંગાર જાણે કે જળધારા વડે બુઝાઈ ગયો. સ્વામીજીના ચરણોમાં એ ઢળી પડ્યો. રડવા લાગ્યો. સ્વામીજી બોલ્યા, 'વત્સ! તેં કશુંય પાપ નથી કર્યું. અથવા કદાચ તેં મને માર્યો હોત તોપણ શી ચિંતા હતી? જા, પ્રભુ તને સન્મતિ દેજો!'

*

સેંકડો રાજપૂતોને યજ્ઞોપવીત દેતા-દેતા સ્વામીજી ગામે-ગામ ઘૂમી રહ્યા હતા. એક વખત કર્ણવાસમાં એમનો પડાવ હતો. ગંગાસ્નાનના મેળા પર હજારો માનવી એકઠાં થયેલાં હતાં. બરોલીના ઠાકોર રાવ કર્ણસિંહ પણ આવેલા. આ રાવને વૈષ્ણવ પંથનો એવો તો નાદ લાગેલો કે પોતાના નોકર ચાકરને—અરે ગાય, ભેંસ તેમજ ઘોડાઓને કપાળે ને કંઠે પણ તે બલાત્કાર કરીને તિલક કંઠી લગાવી રહ્યા હતા. એક રાત્રિએ એના મુકામ પર રાસલીલા રમાતી હતી. સ્વામીજીને પણ પંડિતો બોલાવવા આવ્યા.

સ્વામીજીએ કહ્યું, 'એવા હલકા કામમાં હું ભાગ નહિ લઈ શકું. આપણા પૂજનીય પુરુષોનો તમે વેશ ભજવી રહ્યા છો, એ કૃત્ય તો ધિક્કારને પાત્ર કહેવાય.'

રાવ કર્ણસિંહને આ અપમાનનો ઘા વસમો લાગ્યો. બીજે દિવસે સાંજરે પોતાના મંડળને લઈ ખુન્નસભર્યો રાવ આવી પહોંચ્યો. સ્વામીજી ઉપદેશ કરી રહ્યા છે. શ્રોતાઓ શ્રવણમાં તલ્લીન છે. રાવને આવેલા જોઈ સ્વામીજીએ સત્કાર કર્યો કે 'આવો.'

'ક્યાં બેસીએ!' કડક સ્વરે રાવ ગરજી ઊઠ્યા.

'જ્યાં આપની ખુશી હોય ત્યાં.' હસીને સ્વામીજી બોલ્યા.

'તમારી પડખે જ બેસીશું.'

'ખુશીથી; આવો, બેસો.' કહી સ્વામીજીએ પોતાના આસન પરથી પોથી હટાવી લીધી.

પણ રાવને તો ટંટો જ મચાવવો હતો. એના મદોન્મત્ત કંઠમાંથી વચનો નીકળ્યાં કે 'સંન્યાસી થઈને રાસલીલામાં હાજરી ન આપી તેની લજ્જા નથી આવતી?'

મંદ-મંદ હસતા મહર્ષિએ જવાબ વાળ્યો :

'રાવ મહાશય, આપના પૂજ્ય પૂર્વજોના વેશ લઈને હલકાં મનુષ્યો નાચે અને આપ ક્ષત્રિયો બેઠા-બેઠા એ નાટક ઉપર ખુશી થાઓ, એની લજ્જા તો આપને જ આવવી ઘટે. કોઈ સાધારણ લોકો પણ પોતાનાં કુટુંબીજનોના વેશ જોઈને કદી ખુશી થાય ખરા કે?'

'અને તમે ગંગામૈયાની પણ નિંદા કરો છો, ખરું કે?'

'ના ભાઈ, હું ગંગાની નિંદા નથી કરતો પણ ગંગા જેવી અને જેટલી છે તેવી અને તેટલી જ હું એને વર્ણવી બતાવું છું.'

'એટલે! ગંગા કેટલી છે?'

કમંડળ ઉઠાવીને સ્વામીજી બોલ્યા, 'જુઓ, મારે માટે તો આ કમંડળ ભરાય તેટલી જ.'

કર્ણસિંહના હોઠ કમ્પી રહ્યા હતા.

સ્વામીજી ફરી વાર બોલ્યા, 'રાવ સાહેબ, આપના કપાળમાં આ તિલક શાનું છે?'

'એ 'શ્રી' છે. એને ન ધારણ કરનાર ચંડાળ છે.' રાવે ડોળા ફાડ્યા.

'આપ ક્યારથી વૈશ્નવ થયા?'

'કેટલાંયે વર્ષો થયાં.'

'અને આપના પૂર્વજો પણ વૈશ્નવ હતા કે?'

'ના.'

'ત્યારે આપના કથન પ્રમાણે તો આપના પૂર્વજો તેમજ થોડાં વર્ષ પૂર્વે આપ પોતે પણ ચંડાળ જ હતા એમ ઠર્યું!'

રાવનો હાથ તલવારની મૂઠ ઉપર ગયો અને એણે ત્રાડ દીધી, 'મોં સંભાળીને બોલ!'

બીજા દસબાર હથિયારબંધ લોકો હતા તેના પંજા પણ પોતપોતાની તલવાર પર ગયા. શ્રોતાઓ ડરી ગયા. પણ સ્વામીજીએ તો પોતાની ગંભીર વાણીમાં શરૂ રાખ્યું કે 'શીદને ડરો છો? કશી ચિંતા નથી. મેં સત્ય જ કહ્યું છે.'

રાફડામાંથી ભભૂકતા ફણીધરની માફક રાવ કર્ણસિંહ ફુંકાર કરતા ગાળોનો વરસાદ વરસાવવા લાગ્યા. એનો જમણો હાથ વારંવાર ખડગની મૂઠ પર જવા માંડ્યો. પરંતુ સ્વામીજીએ તો મોં મલકાવીને જ શાંત વાણી ઉચ્ચારી કે 'રાવ સાહેબ, વારંવાર ખડગ શા માટે ખખડાવો છો? જો શાસ્ત્રાર્થ જ કરવો હોય તો પછી આપના ગુરુજીને તેડી લાવો; પણ જો શસ્ત્રાર્થ જ કરવો હોય તો પછી અમને સંન્યાસીને શીદ ડરાવો છો? જઈને જયપુર-જોધપુરની સાથે બાખડો ને!'

કોપ–જ્વાળામાં સળગતો રાવ તલવાર ખેંચીને સ્વામીજીની સામે ધસ્યો. એક વાર તો સ્વામીજીએ ધક્કો દઈને દુશ્મનને પાછો નાખ્યો, ત્યાં તો ચોગણો કોપ કરીને રાવ ફરી વાર ધસ્યો. સ્વામીજી પર તલવાર ફરવાની જરાયે વાર નહોતી. પણ સ્વામીજીએ ઊભા થઈને ઝપાટામાં પોતાનો પંજો પહોળો કરી રાવના હાથમાંથી તલવાર ઝાલી ઝૂંટવી લીધી અને તલવારની પીછીને જમીન ઉપર ટેકવી મૂઠ પર એક એવો દાબ દીધો કે 'કડાક' કરતા એ તલવારના બે ટુકડા થઈ ગયા. રાવનું કાંડું પકડીને સ્વામીજીએ કહ્યું, 'કેમ, હવે હું તમારા પર પ્રહાર કરીને બદલો લઉં, એવી તમારી ઇચ્છા છે ખરી?'

રાવનું મોં ઝંખવાણું પડ્યું.

'રાવ સાહેબ! તમારા અત્યાચારથી ચિડાઈને હું તમારું બૂરું ચિન્તવું નહિ. હું સંન્યાસી છું. જાઓ, પ્રભુ તમને સન્મતિ આપે!'

તલવારના બંને ટુકડા સ્વામીજીએ દૂર ફગાવી દીધા. રાવ રવાના થઈ ગયા. આ ઉગ્ર ઘટના બની તે વેળા પચાસ માણસો સ્વામીજી પાસે બેઠા હતા. તેઓએ એવો આગ્રહ કર્યો કે રાવને અદાલતમાં ઘસડવા જોઈએ.

સ્વામી કહે કે 'એ કદી ન બને. બિચારો તે પોતાની ક્ષત્રીવટ ચૂક્યો, પણ હું મારા બ્રાહ્મણત્વમાંથી શા માટે લથડું?'

*

'ભક્તજનોએ આવીને સ્વામીજીને વિનવ્યા કે લોકો આપની જિંદગી લેવા વારંવાર હુમલા કરે છે. તો આપ અહીં ઉઘાડા સ્થાનમાં ન રહેતાં અમારા અંદરના ખંડમાં રહો.' સ્વામીજી કહેતા કે 'ભાઈ! અહીં તો તમે રક્ષણ કરશો પણ હું બીજે જઈશ ત્યાં કોણ બચાવવાનું હતું? મને તો પ્રભુ જેવડો ચોકીદાર મળ્યો છે. મને કશો ભય નથી.'

*

એક દિવસ સભાની વચ્ચોવચ એક કાલિનો ઉપાસક બ્રાહ્મણ નશામાં ચકચૂર થઈને આવ્યો અને ગાળો દેતાં-દેતાં સ્વામીજીની સામે પગરખું ફેંક્યું. પગરખું તો સ્વામીજીને ન વાગતાં વચ્ચે જ પડી ગયું પણ ત્યાં બેઠેલા સાધુઓની આંખોમાં ખુન્નસ ભરાઈ આવ્યું. તેઓ આ બ્રાહ્મણને પકડીને મારવા માંડ્યા. સ્વામીજીએ તેઓને અટકાવીને કહ્યું કે 'શા માટે? મને કંઈ જ દુ:ખ નથી. અને કદાપિ જોડો મને વાગ્યો હોત તોપણ એ ક્યાં રામબાણ હતું?'

*

'મહારાજ, અેકલા-એકલા અાપ હસી કાં રહ્યા છો?' એક દિવસ ભક્તોએ પૂછ્યું.

'જુઓ, એક માણસ અહીં ચાલ્યો અાવે છે. હમણાં તમને એનો તમાશો બતાવું.' સ્વામીજીએ જવાબ દીધો.

ત્યાં તો અેક બ્રાહ્મણ મિષ્ટાન્ન લઈને અાવી પહોંચ્યો. 'સ્વામીજી! નમો નારાયણ!' કહીને એણે મિષ્ટાન્નની ભેટ ધરી.

સ્વામીજીએ કહ્યું, 'લ્યો, થોડું તમે પણ ખાઓ; હું પણ ખાઉં.'

પરંતુ પેલા માણસે મીઠાઈ ન લીધી. સ્વામીજીએ ત્રાડ મારીને કહ્યું 'ખાઓ, કેમ નથી ખાતા?'

બ્રાહ્મણ કાંપી ઊઠ્યો. એણે બે હાથ જોડ્યા. સ્વામીજીએ પાસે બેઠેલા એક કૂતરાને બટકું ખવરાવ્યું, તુરત જ કૂતરો ઢળી પડ્યો.

હસતા-હસતા પોતાના ભક્તોને આ ઘટના બતાવીને પોતે બોલ્યા કે 'આટલા માટે હું હસતો હતો. અા વિષ–પ્રયોગ જોયો?'

ભક્તો પોલીસને બોલાવવા ઊઠ્યા. સ્વામીજી કહે કે 'એ ન જ બને. જુઓ, એ બાપડો થરથરે છે. એને એટલી સજા બસ થશે.'

બ્રાહ્મણને છોડી દેવામાં અાવ્યો.

*

'છોકરાઓ!' અમૃતસરમાં અેક દિવસ અેક પાઠશાળાના શિક્ષકે પોતાના નાની વયના વિદ્યાર્થીઓને શીખવ્યું, 'ચાલો, આજે આપણે અેક સ્થળે કથા સાંભળવા જવાનું છે. તમે તમારાં દફતરોમાં ઈંટોના ટુકડા ભરી લો. ત્યાં હું ઇશારો કરું કે તુરત જ તમે એ કથા કહેનારની ઉપર ઈંટોનો મારો ચલાવજો હો! કાલે તમને લાડુ અાપવામાં આવશે.'

કથાકાર તો મહર્ષિ દયાનંદ વિના બીજો કોણ હોય! બાળકો સહિત ગુરુજી કથામાં ગયા. સાંજ પડી અને અંધારું થયું કે તત્કાળ ગુરુજીએ આજ્ઞાંકિત છોકરાઓને ઇશારત કરી. તત્કાળ સ્વામીજીના માથા પર ઈંટોનો વરસાદ વરસવા લાગ્યો. આખી સભા ખળભળી ઊઠી. પણ સ્વામીજીએ સૌને શાંત પાડ્યા. પોલીસના અધિકારીઓએ એ બાળકોમાંના કેટલાએકને પકડીને સ્વામીજીની પાસે હાજર કર્યા. પોલીસના પંજામાં સપડાયેલા એ બટુકો ચોધાર રડતા હતા. ડૂસકાં ભરતાં-ભરતાં તેઓએ કબૂલ કર્યું કે 'અમારા પંડિતજીએ અમને લાડુની લાલચ દઈને આ કૃત્ય અમારે હાથે કરાવ્યું હતું.'

સ્વામીજીએ એ જ પળે લાડુ મંગાવ્યા, બાળકોને વહેંચી દીધા અને કહ્યું કે 'બચ્ચાઓ, તમારા પંડિતજી તો હવે કદાચ તમને લાડુ નયે અાપે એમ સમજીને હું જ અાપી દઉં છું.

ખાઓ અને અાનંદ કરો.’

*

એક વખત વ્યાખ્યાન ચાલી રહ્યું છે, ઇસ્લામના સિદ્ધાંતો ઉપર નિખાલસ દિલે શાંત ચર્ચા થાય છે. અેવામાં એક તરુણ મુસલમાન ત્રાડ દેતો ઊભો થઈ ગયો. તલવારની મૂઠ પર હાથનો પંજો પસારીને એ બોલ્યો, ‘અય સ્વામી, મોં સંભાળીને બોલજો. ખબરદાર અમારા ધર્મ વિશે એક પણ બદસખૂન બોલ્યા છો તો!’

‘બેટા!’ અત્યંત કોમળ સ્વરે સ્વામીજી બોલ્યા, ‘બેટા! તારા મોંમાં તો હજુ દૂધિયા દાંત છે. જો હું તારી અેવી ત્રાડોથી ડરતો હોત તો આટલું જોખમ શિર પર ઉઠાવીને શીદ ઘૂમત? બેસી જા, ભાઈ.’

લજ્જા પામીને યુવક બેસી ગયો.

*

અજમેરનો પાદરી શૂલબ્રેડ સાહેબ સ્વામીજીનાં નિખાલસ સત્યોની ઝાળને સહન નહોતો કરી શકતો. રાતી પીળી મુખમુદ્રા કરીને એણે સ્વામીજી સન્મુખ ચેતવણી ઉચ્ચારી કે ‘કેદમાં પડશો, કેદમાં.’

હસીને સ્વામીએ જવાબ દીધો : ‘બંધુ, સત્ય ખાતર કેદ પકડાવું એ તો લગારે લજ્જાની વાત નથી. અેવી વાતોથી તો હું હવે નિર્ભય બની ગયો છું. મારા વિરોધીઓ કદાચ મને તુરંગની કોટડીમાં નખાવશે, તો અે વેદના સહેતાં-સહેતાં ન તો હું મારા પ્રતિપક્ષીઓનું બૂરું વાંચ્છવાનો કે ન તો મારા દિલમાં કશી દિલગીરી થવાની. પાદરીજી, લોકોનો ડરાવ્યો હું સત્યને નહિ છોડું. ઈસુ ભગવાનનેયે ક્યાં નહોતું લટકવું પડ્યું?’

*

એક દિવસ એક બ્રાહ્મણે આવીને સ્વામીજીને પાનનું બીડું અર્પણ કર્યું. ભાવિક મનુષ્યની સ્નેહ–ભેટ સમજીને સ્વામીજીએ બીડું મોંમાં મૂક્યું. લગાર રસ લેતાં જ પોતે પામી ગયા કે પાનમાં ઝેર છે. એ પાપીને કશુંયે ન કહેતાં પોતે ગંગાકિનારે જઈ, ઊલટી કરી, ઝેર ઉતારી નાખ્યું. કાંઈયે ન બન્યું હોય તેમ આવીને પાછા આસન પર શાંત મુખમુદ્રા ધરી બેઠા. પણ પાપ ન છૂપ્યું. અપરાધી ઝલાયો. તહસીલદારે એ પાપીને પકડી ગિરફતાર કર્યો. તહસીલદારે માન્યું કે સ્વામીજી પોતાના પર પ્રસન્ન થશે. પણ સ્વામીજીએ તો અેની સાથે બોલવુંયે બંધ કર્યું, ચકિત બનેલા તહસીલદારે સ્વામીજીની નારાજીનું કારણ પૂછ્યું. જવાબ મળ્યો કે ‘ભાઈ! મારે ખાતર તમે એક પામર મનુષ્યને કેદમાં પૂર્યો તેથી હું ઉદાસ છું. હું અહીં મનુષ્યને બાંધવા નથી અાવ્યો, મુક્ત કરવા આવ્યો છું. બીજાઓ પોતાની સજ્જનતા ત્યજે, પણ તેથી હું મારી ખાનદાનીને શા સારુ ગુમાવું?’

તહસીલદારે બ્રાહ્મણને છોડી દીધો.

*

કાશીના મહારાજાની સરદારી નીચે બનારસી પંડિતોએ આવીને એક વાર દયાનંદજીને શાસ્ત્રાર્થ માટે ઘેરી લીધા. પોતાના વિજયની જૂઠી તાળીઓના હર્ષનાદ કરીને સંધ્યાકાળે પંડિતોની ટોળીએ શોર ઉઠાવ્યો. ગડબડ મચી ગઈ. પચાર હજાર શ્રોતાઓની મેદનીમાંથી સ્વામીજીને શિરે ઇંટો, પથ્થરો, છાણ અને ખાસડાંની તડાપીડ બોલી. સાધુવર શબ્દ સરખોયે ન બોલ્યા. ફૂલો વરસતાં હોય તેવી પ્રસન્ન મુખમુદ્રા રાખીને બેઠા રહ્યા. પંડિતો પણ પોતાનો દિગ્વિજય થયો માની ચાલ્યા ગયા. ઈશ્વરસિંહજી નામના અેક પંડિતે જ્યારે દયાનંદ ઉપર અાવું વીતક વીત્યાની વાત સાંભળી, ત્યારે અેણે મનસૂબો કર્યો કે, ‘ચાલો, જોઈએ તો ખરા કે અત્યારે દયાનંદ ઉપર આ અપમાનની શી અસર થઈ છે. એના બ્રહ્મજ્ઞાનીપણાનું માપ તો

કાઢીએ.'

ઈશ્વરસિંહજી ઉદ્યાનમાં પહોંચ્યા. જુએ છે તો શીતળ સુમધુર ચાંદનીમાં સ્વામીજી કુંજર શી ગતિએ ટેલી રહ્યા છે.

પંડિતનો સ્નેહભાવે સત્કાર કરીને સ્વામીજીએ જ્ઞાનવાર્તાઓ માંડી, મધુર વિનોદ રેલાવ્યો. ન મુખપર ઉદાસીનો છાંટો, ન વ્યાકુળતા, ન ખેદ, કે ન લગારે છૂપો રાગ. જાણે કશુંય બન્યું નથી. ઈશ્વરસિંહજીએ એવી વિજયવંત સાધુતાનાં દર્શન કર્યાં. યોગીવરના નિર્મળ ચિદાકાશમાં નિરાશાની નાની સરખીયે વાદળી ન ભાળી. પંડિતજીથી બોલાઈ ગયું, 'મહારાજ! આજ સુધી હું આપને પંડિત જ માનતો હતો. આજે એ પંડિતાઈને પેલે પાર જઈને મેં જાણે કે સાચા વીતરાગનાં દર્શન કર્યાં.'

*

મથુરાપુરી આખી ખળભળી ઊઠી છે. જાણે કોઈ શયતાન આવીને ધર્મને નરકમાં ઘસડી જાતો હોયની, એવી વ્યાકુળતા મથુરાના પંડાઓમાં મચી રહી છે. સ્વામીજીએ આહ્વાન દીધું છે કે 'સુખેથી શાસ્ત્રાર્થ કરવા ચાલ્યા આવો.'

પાંચસો પંડા આવ્યા, પણ શાસ્ત્રાર્થ કરવા નહિ, ગાળા-ગાળી અને મારામારી મચાવવા. અગાસી ઉપર ઊભા-ઊભા સ્વામીજી મોં મલકાવી રહ્યા છે અને જમાવટ કરીને નીચે ઊભેલા લાઠીદાર ચોબાઓ ગાળોનો મારો ચલાવે છે. મકાન ઉપર ચોકી કરતા ક્ષત્રિય સેવકોએ સ્વામીજીને કહ્યું કે 'મહારાજ, થોડીક રજા આપો. આ પંડાઓને પાંસરા કરીએ.'

સ્વામીજી કહે છે કે 'ના ભાઈ, આ ધર્માંધતા ઉપર દયા ઘટે, કોપ ન ઘટે. બાકી તો મારા આંહીં આવવાનો આટલોયે લાભ શું ઓછો છે, કે આ આળસુના પીર, ઊંઘતા, પશુવત પંડાઓમાં પણ આટલી જાગૃતિ આવી! આટલી સંખ્યામાં એ બાપડા એકઠા મળ્યા એ ફાયદો કાંઈ કમ નથી.'

*

સ્વામીજી વ્યાખ્યાન દઈ રહ્યા છે. એવે ભરસભામાં એક કસાઈએ અને કલાલે આવી, બૂમો પાડીને ઉઘરાણી કરવા માંડી કે 'અય સ્વામીજી, હવે તો બહુ દિવસ વાયદા દીધા. આટલો બધો આંકડો ચડ્યો છે, માટે હવે તો પૈસા ચુકાવો.'

આવું સાંભળીને સ્વામીજીના સેવકોની આંખોમાં ખૂન ભરાયું. સ્વામીજી બોલ્યા કે 'ખામોશ પકડો, એને શબ્દ પણ ના કહેશો હો.'

સભા જેમની તેમ ચાલુ રહી. શાંતિથી વ્યાખ્યાન ખતમ થયું એટલે સ્વામીજીએ એ બન્નેને ગળે પોતાના હાથ વીંટ્યા, પૂછ્યું 'ભાઈ, સાચું કહેજો હો, આ તમને કોણે શિખાવેલું?'

હાથ જોડીને બન્ને બોલ્યા; 'બાપુ! માંગીલાલ મુનીમે. અમને બદલો દેવાનું પણ એમણે વચન દીધું છે.'

'કશી ફિકર નહિ.' એટલું જ કહી, હસીને સ્વામીજીએ બન્નેને છોડી દીધા.

*

મુંબઈમાં સ્વામીજીનાં પગલાં થયાં. વલ્લભી સંપ્રદાયના ગોસાંઈ મહારાજોએ માન્યું કે આપણો કાળ આવ્યો. સ્વામીજીને સલાહો મળી કે 'મહર્ષિજી, વલ્લભપંથીઓની છેડ ન કરતા હો!'

દયાનંદજી કહે છે કે 'ભાઈ, અસતને તો ઇંદ્રના આસન પર પણ દીઠું નહિ મેલું. મારું ભલે થવું હોય તે થાઓ!'

*

'બલદેવસિંહ! બચ્ચા! તારી આંખોમાં આજ હું મારું મોત ઉકેલી રહ્યો છું.' ઓચિંતા

એક દિવસ પોતાના બહાર જઈ આવેલા સાથી પ્રત્યે મહર્ષિ મુંબઈમાં બોલી ઊઠ્યા.

બલદેવને માથે જાણે વીજળી પડી.

'બોલ બચ્ચા! આજ ગોસાંઈને ત્યાં ગયો હતો?'

બલદેવે ચકિત બનીને ડોકું ધુણાવ્યું.

'શી શરતે મને વિષ દેવાનું ઠર્યું છે?'

'એક હજાર રૂપિયે.' લાઇલાજ બનેલા બલદેવે પૂરેપૂરું અંતર ખોલી નાખ્યું.

'જો બચ્ચા, પરમેશ્વર જેનો રખવાળ છે એને કોઈ ન મારી શકે હો! કાશીમાં મને હળાહળ ઝેર દીધેલું હતું. રાવ કર્ણસિંહે પાનમાં વિષ ભેળવી ખવાડ્યું હતું. બીજા કૈંકે એ પ્રયોગો મારા પર અજમાવ્યા છે, છતાં હું જીવું છું; ને યાદ રાખજે, હું હમણાં નથી મરવાનો.'

બલદેવસિંહ સ્વામીજીના ચરણોમાં લોટી પડ્યો.

*

મુંબઈમાં વ્યાખ્યાન ચાલી રહ્યું છે. વલ્લભ સંપ્રદાયના ટોળાએ ઈંટ, પથ્થર અને ધૂળના પ્રહારો સ્વામીજીના માથા પર શરૂ કરી દીધા. સહુએ સ્વામીજીને વ્યાખ્યાન બંધ કરવાની સલાહ દીધી. જવાબમાં સ્વામીજી બોલ્યા :

'મારાં ભાંડુઓએ ફેંકેલા ઈંટ-પથ્થર તો મારે મન ફૂલોની વૃષ્ટિ સમાન છે. બાકી વ્યાખ્યાન તો ઉચિત સમયે જ સમાપ્ત કરીશ; અધૂરું તો નહિ મેલાય. ભલે પથ્થરો વરસતા.'

માર સહેતાં-સહેતાં સ્વામીજીએ બરાબર મુકરર સમયે જ વ્યાખ્યાનની સમાપ્તિ કરી.

*

1857માં ન્યાયમૂર્તિ સ્વ. મહાદેવ ગોવિન્દ રાનડેએ સ્વામીજીને પૂનામાં નિમંત્ર્યા, ત્યાં જઈને સ્વામીજીએ પંદર વ્યાખ્યાનો દીધાં. વિદાયને દિવસે પ્રજાએ પાલખીમાં વેદ પધરાવી, હાથીને હોદ્દે સ્વામીજીને બેસાડી, ધર્મ–સવારી કાઢી. નગરની બદમાસ ટોળીએ આની સાથોસાથ 'ગર્દભાનંદ સવારી' ચડાવી. કોલાહલ કર્યો. અપશબ્દોની ઝડી વરસાવી. વરસાદમાં ભીંજેલી ધરતી પરથી કાદવ ઉપાડી-ઉપાડીને છાંટ્યો. સ્વામીજી અને સ્વ. જસ્ટીસ રાનડે, બન્ને જણા કાદવમાં ખરડાયા. જસ્ટીસ રાનડેએ હુકમ આપ્યો હોત તો પલકમાં એ ટોળું તુરંગનાં દ્વાર દેખત. પણ સ્વામીજીએ હસીને કહ્યું 'રાનડેજી, કશી ચિન્તા નહિ. કશું યે કષ્ટ આ બાપડાઓને દેશો નહિ.'

*

મિરજાપુરમાં છોટુગિર નામનો એક ગોસાંઈ રહેતો હતો. ભારી જલદ પ્રકૃતિનો એ આદમી હતો. એક વખતે એ જબરદસ્ત ટોળું લઈને સ્વામીજીના મુકામ પર ચડી આવ્યો. આવતાંની વાર જ સ્વામીજીના પગ ઉપર પગ રાખીને એ તો બેસી ગયો અને ફાવે તેમ બકવાદ કરવા લાગ્યો.

સ્વામીજીએ પૂછ્યું, 'આ કોણ છે?'

'કાશી વિશ્વનાથ જેવા જ અહીંના એક પ્રાચીન મહાદેવના પૂજારી છે.'

સ્વામીજી સમજી ગયા કે આ ભાઈ લડાઈ મચાવવા જ આવ્યા છે. એટલે તો પોતે વધુ નિર્ભય બનીને કાશીવિશ્વનાથનું ખંડન કરવા મંડ્યા. સ્વામીજીની પાસે પતાસાંનો ડબો પડ્યો હતો તેમાં હાથ ઘાલીને આ ગોસાંઈ એક-એક પતાસું ઉઠાવીને અજીઠે હાથે પતાસાં બુકડાવવા લાગ્યો.

સ્વામીજી શાંત સ્વરે બોલ્યા, 'અરે ભાઈ, પતાસાં ખાવાં હોય તો મૂઠો ભરીને એકસામટાં લઈ લેને! મારાં બધાં પતાસાં શીદને અજીઠાં કરી રહ્યો છો?'

ગોસાંઈ માન્યો નહિ. એટલે સ્વામીજીએ ત્રાડ નાખીને સેવકોને આજ્ઞા કરી કે 'બહારનો

દરવાજો બંધ કરી દો. હું એકલો જ આ બધાને હમણાં સીધા કરી નાખું છું.'

વિકરાળ આકૃતિ દેખીને છોટુગિરનું હૃદય કમ્પી ઊઠ્યું. એણે પોતાનો કાળ ભાળ્યો. ખસીને એ દૂર બેસી ગયો. ટોળું દિગ્મૂઢ બની ઊભું રહ્યું.

છોટુગિરનો ઘમંડ તે વખતે તો તૂટી ગયો. પણ એની દ્વેષ–જ્વાળા ઓલવાઈ નહિ. એક રાત્રિએ એણે બે પહેલવાનોને સ્વામીજી પર હુમલો કરવા મોકલ્યા. રાત્રિને શાંત સમયે સ્વામીજી એક ભક્તને ધર્મનું રહસ્ય સમજાવી રહ્યા હતા. એવામાં આ ગુંડાઓએ આવીને ઠઠામશ્કરી આદરી દીધી. એક બે વાર તો સ્વામીજીએ એને કોમળ વાણીમાં સમજાવ્યા; પણ જ્યારે એમણે જોયું કે ભલમનસાઈ ફોગટ જાય છે, ત્યારે પોતે સિંહગર્જના કરી. અને એ તો આત્મસિદ્ધ બ્રહ્મચારીની ત્રાડ! છાતી વિનાના એ બન્ને માનવપશુઓ કાંપી ઊઠ્યા, પરસેવે ભીંજાયા.

સ્વામીજીએ સૌમ્ય સ્વરે કહ્યું કે 'જાઓ, સુખેથી ચાલ્યા જાઓ. અમે સંન્યાસી છીએ. અમારો ધર્મ કોઈને મારવાનો નથી.'

*

ફરી વાર સ્વામીજી કર્ણવાસમાં આવી ચડ્યા છે, બરૌલીના પેલા ઠાકોર રાવ કર્ણસિંહ પણ ત્યાં શરત્પૂર્ણિમાનું સ્નાન કરવા આવ્યા છે. એની રિયાસત સાથે તો નાચરંગને માટે વેશ્યાઓ પણ શામિલ છે. સ્વામીજીના મુકામથી દોઢસો જ કદમ પર રાવનો ઉતારો છે.

રાવના અંતરમાં આગલા પ્રસંગનું વેર ખટકતું જ હતું. મતિ ગુમાવીને એણે પોતાના ત્રણ નોકરોને તલવારો આપી સ્વામીજીનો વધ કરવા મોકલ્યા.

અધરાતનો સમય છે. ચોમેર ચુપકીદી છવાયેલી છે. કેવળ ગંગામૈયા ઘેરે રવે ગુંજે છે અને વાયુની કોઈ-કોઈ લહરીના ચુંબને-ચુંબને ઝાડ પરના પાંદડાં ખડખડ હસે છે. સ્વામીજી ધ્યાનમગ્ન છે. થોડે અંતરે પોતાના ભક્ત કૈથલસિંહ ગાઢ નિદ્રામાં પડ્યા-પડ્યા નસકોરાં બોલાવે છે.

એ સમયે કર્ણસિંહના ત્રણ નોકરો હાથમાં નાગી તલવાર લઈને ચૂપચાપ ચાલ્યા આવ્યા. આવ્યા છે તો ખરા, પણ અંગો થરથર ધ્રૂજે છે. કલેજાં ધબકારા મારે છે. તલવારો તો તીક્ષ્ણ છે, પણ એક નિર્દોષ વીતરાગ પર એ તલવારો ચલાવવા જેટલી તીક્ષ્ણ હિમ્મત તેઓના હાથમાં નથી રહી.

બહુ વાર સુધી તેઓ થંભી રહ્યા. આખરે થાક્યા. છાતી ન ચાલી. પાછા વળીને રાવની પાસે આવ્યા. રાવે ધમકાવી ફરી વાર મોકલ્યા.

તે વખતે સ્વામીજીની સમાધિ ઊતરી ગઈ હતી અને રાવે પોતાના નોકરોને દીધેલ ધમકી પણ સ્વામીજીએ કાનોકાન સાંભળી હતી. બીજી વાર પણ નોકરો પાછા વળ્યા. પણ રાવની જીદ તો આજે ઋિષના દેહની સાથે મોતની હિચકારી રમત રમી નાખવા જ ચાહતી હતી. એણે નોકરોને ફરી વાર ધમકાવીને ધકેલ્યા.

એ આવ્યા. સ્વામીજીએ બીજું કાંઈ જ ન કર્યું. ઊઠીને એક ગગનભેદી હુંકાર ગજવ્યો. જમીન પર એક લાત મારી. તલવારધારીઓની ભુજામાંથી તલવારો પડી ગઈ. એ નાઠા.

કૈથલસિંહજીની આંખ ઊઘડી ગઈ. સ્વામીજીને એણે વિનવ્યા : 'હત્યારાઓ હજુ ફરી વાર આવશે હો મહારાજ! માટે ચાલો, ક્યાંક છુપાઈને રાત વીતાવીએ.'

જવાબમાં સ્વામીજીના મુખમાંથી ગીતાપાઠ ગુંજી ઊઠ્યો :

नैनं छिन्दन्ति श��ाणि
नैनं दहति पावक: ।।

'કૈથલ! ભાઈ! સંન્યાસી તે ગઢગુફાના આશરા ક્યાં સુધી શોધતો ફરશે? મારો

રક્ષણહાર તો પ્રભુ જેવડો હજાર હાથવાળો બેઠો છે. તું ગભરા નહિ ભાઈ, હું જો ધારત તો એ ત્રણેના હાથમાંથી તલવારો છીનવીને તેઓનાં માથાં વાઢી લેત.'

*

તે દિવસે જ રાજઘાટ ઉપર પંજાબી સેનાની એક ટુકડીનો પડાવ હતો. તે લોકોને રાવ કર્ણસિંહના આ અત્યાચારની જાણ થઈ ગઈ. તેઓનું ખૂન તપી અાવ્યું. પચીસ પંજાબી વીરો શસ્ત્રો બાંધીને સ્વામીજીની પાસે આવી ગરજ્યા અને હાથ જોડીને કહેવા લાગ્યા કે 'એક વાર અમને આજ્ઞા આપો ને પછી જોઈ લો, કે અમે એ સાધુઓના શત્રુને કેવો સ્વાદ ચખાડીએ છીએ. ભલે અમારી નોકરી તૂટી જાય, પણ એને તો પૂરો કરીને જ પાછા ફરશું.'

પ્રેમભરપૂર શબ્દો વડે સ્વામીજીએ એ સૈનિકોને શાંત કર્યા અને સત્સંગમાં બેસી એક શીતળ ઉપદેશ સંભળાવ્યો.

*

અમૃતસરમાં છ-સાત હજાર મનુષ્યોની મેદની જામી છે. અાજે પંડિતો અને મહર્ષિજીની વચ્ચે પ્રશ્નોત્તરીનો મામલો મચવાનો છે, મહર્ષિજી બેઠા છે. થોડી વારમાં પંડિતોનું ટોળું જયનાદ કરતું દાખલ થયું. સાત આઠ તિલકધારી પંડિતો બગલમાં પુસ્તકો દબાવીને સન્મુખ બેસી ગયા. ત્યાં તો ચારે બાજુથી પંડિતોના ચેલાઓએ ઈંટ-પથ્થરનો મારો ચલાવ્યો. સભામંડપમાં ધૂળની મોટી ડમરી ચડી. પોલીસો દોડ્યા આવ્યા. પંડિતો પલાયન કરી ગયા. સેવકો કોપાયા. ટોળાને પીટવા ઊઠ્યા.

સ્વામીજીએ સૌમ્ય નેત્રે આનંદભર શબ્દો કહ્યા : 'ગરમ ન થશો, બચ્ચાઓ! અા તો મદિરા-પાનનો નશો કહેવાય. અને મારું કાર્ય તો વૈધનું ગણાય. દારૂડિયાને વૈધ મારે નહિ, ઔષધ આપે. વળી હું તો આર્યધર્મની ફૂલવાડીનો પામર માળી છું. ફૂલવાડીમાં ખાતર પૂરતાં-પૂરતાં માળીનાં અંગ ઉપર પણ ધૂળકચરો છવાય, એમાં શી તાજ્જુબી છે! અને અેની ચિંતા નથી. હું તો ઝંખું છું એટલું જ કે અા ફૂલવાડી સદા લીલીછમ રહે અને ફાલ્યા કરે.'

ત્યાગવીર

વડોદરામાં રાજ્યના દીવાને એક દિવસ સ્વામીજીને જમવા બોલાવ્યા. જમાડીને વિદાય દેતી વખતે દીવાને એક હજાર રૂપિયા સ્વામીજીના ચરણોમાં ભેટ ધર્યા.

સ્વામીજીએ થેલીને પાછી ઠેલી કહ્યું, 'ભાઈ, હું તો આવી કુરીતિઓનું ખંડન કરી રહ્યો છું. હું પોતે જ ઊઠીને જો આ સ્વીકારીશ તો પેલા ગોસાંઈઓને પોતાની પધરામણીઓનો કેવો મજેનો બચાવ મળી જશે!'

*

સ્વામીજીના પ્રભાવમાં અંજાયેલા તે કાળના એક વાઇસરૉય સાહેબે સ્વામીજીના જાનનાં જોખમોની કથા જ્યારે સાંભળી ત્યારે સ્વામીજીના રક્ષણ માટે કાયમી સિપાહીઓ નીમવાની તેમજ રેલગાડીની મુસાફરી માટે પહેલા વર્ગનો પાસ કઢાવી આપવાની એ નામદારે ઇચ્છા બતાવી. સ્વામીજીએ આભાર માનીને ઉત્તર દીધો કે 'અ◌ે સહાયને હું નહિ સ્વીકારી શકું. એથી તો લોકો મને રાજસત્તાનો નોકર અથવા તો ખ્રિસ્તીઓનો પાદરી માની બેસે.'

વાઇસરૉય : તો શું આપ રાજ્યની નોકરીમાં કાંઈ બૂરું સમજો છો?

સ્વામીજી : હું તો સંન્યાસી છું. મેં તો પરમેશ્વર રૂપી સાચી સરકારની નોકરી જ સ્વીકારી લીધી છે.

વાઇસરૉય : ત્યારે શું અત્યારની સરકારને આપ સાચી નથી માનતા?

સ્વામીજી : એટલે કે આ સરકાર પરિવર્તનશીલ છે અને મારી ઈશ્વરી સરકારનો નિયમ તો અટલ અને અ◌ેનો ઇન્સાફ અદલ છે. મનુષ્યોના ન્યાયનિયમો તો સમયાનુસાર બદલે છે.

*

ઉદેપુરમાં મહર્ષિજી એકાન્તમાં બેઠેલા ત્યાં મહારાણા પધાર્યા. એમણે અ◌ાવીને કહ્યું, 'સ્વામીજી, જો ફક્ત મૂર્તિપૂજાનું ખંડન છોડી દો તો એકલિંગ મહાદેવના મહંતની ગાદી આપને સોંપી દઉં. આપ લાખોની નીપજના ધણી થશો. આખું રાજ્ય આપને ગુરુ કરી માનશે.' દુભાયેલા મહર્ષિએ ઉત્તર દીધો : 'રાણાજી, આવી લાલચ બતાવીને અ◌ાપ શું મને મારા પ્રભુથી વિમુખ બનાવવા ચાહો છો? આપનું નાનકડું રાજ્ય અને કૂબા જેવડો એ શિવ-મઠ, કે જેમાંથી તો હું એક જ દોટ દઈને બહાર નીકળી જઈ શકું છું, તે શું મને અનંત ઈશ્વરની આજ્ઞા ઉથાપવા જેટલો નિર્બળ બનાવી શકશે? ફરી વાર મને આવું કહેવાનું સાહસ ન કરતા. લાખો મનુષ્યોનો પ્રભુ પ્રત્યેનો વિશ્વાસ કેવળ મારા વિશ્વાસ પર જ ટકી રહ્યો છે, જાણો છો રાણાજી?'

તે ઘડીથી રાણા સ્વામીજીના પરમ ભક્ત બની ગયા.

*

લાહોરમાં આર્યસમાજનું અધિવેશન ભરાયું. સમાજીઓએ દરખાસ્ત કરી કે આર્યસભાના સંસ્થાપકને કંઈક પદવી આપવી. બીજાઓએ અનુમોદન પણ આપ્યું.

હસીને સ્વામીજી બોલ્યા : 'ભાઈ, મેં કોઈ નવો પંથ ચલાવવા માટે આ ગુરુ–ગાદીનો મઠ નથી સ્થાપ્યો. હું તો ઊલટું ભોળા મતવાદીઓને મઠોથી અને મહંતોથી સ્વતંત્ર બનાવવા મથું છું. મારે કે અન્ય કોઈને પણ પદવીઓ ન ઘટે. પદવીઓનાં પરિણામ બૂરાં જ સમજવાં.'

બીજી દરખાસ્ત આવી : તો પછી એકલા સ્વામીજીને આ સમાજના 'પરમ સહાયક' સ્થાપવા.

સ્વામીજી કહે : 'તો પછી પરમ પિતા પરમેશ્વરને કયા પદે સ્થાપશો? પરમ સહાયક તો અ◌ે એક જ છે. મારું નામ લખવું હોય તો ફક્ત અદના સહાયકોના પત્રકમાં જ લખજો.'

સામર્થ્યવીર

એક દિવસ દયાનંદજી યમુના-તીરે ધ્યાન ધરીને બેઠા છે. એવામાં કોઈક સ્ત્રીએ સ્નાન કરીને આવતાં પદ્માસન વાળીને બેઠેલા સ્વામીજીને ભાળ્યા અને એમને પરમહંસ સમજી એમના ચરણો પર પોતાનું મસ્તક ઢાળી નમસ્કાર કર્યા. પગ ઉપર કોઈ મનુષ્યના માથાનો ભીનો સ્પર્શ થતાં જ સ્વામીએ નેત્રો ખોલ્યાં. ચમકીને 'અરે માતા! અરે મૈયા!' એવા શબ્દો ઉચ્ચારતા પોતે ઊભા થઈ ગયા, અને ગોવર્ધન પર્વત તરફ જઈને એક મંદિરના નિર્જન ખંડિયેરમાં ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી એમણે અન્નજળ વિના, ધ્યાનચિંતનમાં જ તન્મય રહી એ સ્ત્રીસ્પર્શના પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું.

*

એક દિવસ કેટલીએક સ્ત્રીઓ મોહક શણગારો સજીને સ્વામીજી પાસે આવી. સ્વામીજીએ પૂછ્યું, 'બહેનો ક્યાંથી આવો છો!'

'મહારાજ, અમે સાધુઓની પાસે થઈને આંહીં આવીએ છીએ.'

'સાધુઓની પાસે શા માટે?'

'આપ કહો તો આપની પાસે આવીએ.'

'મારી પાસે શા માટે?'

'ઉપદેશ લેવા માટે?'

'બહુ સારું. તો તમારા પતિઓને જ મોકલજો. એ આંહીંથી ઉપદેશ લઈ જઈને તમને સંભળાવશે. તમે પોતે હવે પછી આંહીં ન આવશો.'

ત્યાર પછી એ સ્ત્રીઓ ફરી કદી ન ડોકાઈ.

*

પોષ માસની કડકડતી ઠંડીમાં, જ્યારે ઝાડપાન પર ઠાર પડતો હોય, ઝરાનાં નીર જામીને બરફ બની જતાં હોય, સૂસવતો પવન કાતિલ શરની માફક શરીરને વીંધતો હોય, તેવે સમયે ગંગાની હિમ જેવી રેતીમાં કેવળ એક કૌપીનભર, પદ્માસન વાળીને સ્વામીજી આખી રાત બેઠા રહેતા. એમને આવી દશામાં દેખીને કોઈ ભક્તજન એમની કાયા ઉપર કામળી ઓઢાડી જતો, તો સ્વામીજી તુરત એ કામળીને અળગી કરી નાખતા.

એવી એક રાત્રિને સમયે, બદાયુંના ગોરા કલેક્ટર સાહેબ તેમના મિત્રની સાથે ગંગાકિનારે ફરવા નીકળ્યા છે. એમનાં ગૌર શરીરો તો જ્યારે ગરમ વસ્ત્રોમાં દટાઈ ગયાં હતાં ત્યારે તેઓએ ગંગાના તટ પર આ લંગોટધારી તપસ્વીની પ્રચંડ, તેજસ્વી કાયાને સમાધિની લહેરમાં વિરાજમાન દીઠી. બંને અંગ્રેજો ટગર-ટગર જોઈ રહ્યા.

સ્વામીજીની સમાધિ છૂટી ત્યારે કલેક્ટર સાહેબે પૂછ્યું, 'આપને ઠંડી નથી લાગતી?'

સ્વામીજી જવાબ દેવા જતા હતા ત્યાં બીજો અંગ્રેજ વચમાં બોલી ઊઠ્યો 'એને તે ઠંડી શાની લાગે? રોજ માલ-માલ ઉડાવતો હોય ને!'

હસીને સ્વામીજી બોલ્યા. 'સાહેબ, અમે હિંદુઓ તો દાળરોટલી ખાઈએ એમાં માલ-માલ શો હોય? પણ આપ તો ઈંડાં જેવા પૌષ્ટિક માલ આરોગો છો અને શરાબ પણ ઉડાવો છો. એટલે જો માલ-માલ ખાવાથી જ ઠંડી સહન કરી શકાતી હોય તો ચાલો, કપડાં ઉતારીને થોડી વાર મારી બાજુમાં બેસી જાઓ.'

ઝંખવાણો પડીને અંગ્રેજ આડી વાત નાખવા લાગ્યો કે, 'તો પછી આપ બતાવો, આપને ઠંડી કેમ નથી લાગતી?'

સ્વામીજી બોલ્યા, 'આપ કહો, આપનું મોં ઉઘાડું રહે છે છતાં તેને કેમ ઠંડી નથી

લાગતી? સતત ખુલ્લું રાખવાની આદતને લીધે જ. એ જ પ્રમાણે મારા દેહને પણ આદત પડી છે. અેમાં બીજું કશુંય જાદુ નથી.'

નમસ્કાર કરીને બંને ગોરા ચાલ્યા ગયા.

*

નદીના દૂર-દૂરના કોઈ નિર્જન આરા પર જઈને સ્વામીજી સ્નાન કરતા. કૌપીન એક જ હોવાથી પ્રથમ કૌપીનને ધોઈ, સૂકવી, પોતે સિદ્ધાસન વાળીને રેતીમાં બેસી જતા. કૌપીન સુકાઈ જાય ત્યારે પોતે ઊઠી, સ્નાન કરી, કૌપીન બાંધી પોતાને મુકામે જતા.

એક દિવસ કેટલાએક મલ્લો સ્વામીજીના શરીરબળની નામના સાંભળીને એમને શોધતા ચાલ્યા આવે છે. સ્વામીજી તે વખતે સ્નાન કરવાની તૈયારીમાં હતા. મલ્લરાજોને નિહાળી પોતે વાતનો મર્મ સમજી ગયા. કૌપીન તે વખતે ભીનું હતું. જમણે હાથે કૌપીનને જોરથી નીચોવીને મલ્લોને કહ્યું : 'તમારામાંથી જેને પોતાના કૌવતનું ગુમાન હોય તે અા કૌપીન નીચોવીને એમાંથી પાણીનું એક ટીપું કાઢી બતાવે.'

બધાએ એક પછી એક કૌપીનને નીચોવી જોયું. એક બિન્દુ પણ ન ટપક્યું!

*

કાશીમાં સ્વામીજી મુસલમાન મતની પણ ત્રૂટીઓ બતાવી ખંડન કરતા હતા. તેથી મુસલમાનોને એમના ઉપર ભારી રોષ ચડેલો. એક દિવસ સાંજરે ગંગાતટ પર આસન લગાવીને સ્વામીજી બેઠા હતા. દૈવયોગે મુસલમાનોની એક ટોળી ત્યાં થઈને નીકળી. પોતાના ધર્મના ટીકાકારને ઓળખ્યો. બે પહેલવાનો ધસી અાવ્યા. સ્વામીજીને ઉપાડીને ગંગામાં ફેંકવા લાગ્યા. બન્ને જણાએ બન્ને હાથ વતી સ્વામીજીનાં બે બાવડાં પકડ્યાં અને અે રીતે એમને ઝુલાવીને પ્રવાહમાં ફગાવી દેવા જતા હતા, ત્યાં તો સ્વામીજીએ પોતાની બન્ને ભુજાઓ સંકોડીને પોતાના શરીરની સાથે દબાવી દીધી. બન્ને મલ્લોના ચારે હાથ સ્વામીજીની બગલમાં સપડાઈ ગયા! પછી તો મગદૂર શી કે હાથ સરકાવી શકે? એમ ને અેમ સ્વામીજીએ જોરથી ઉછાળો મારી ગંગામાં ઝંપલાવ્યું. પેલા બંને જણને પણ સાથે ઘસડતા ગયા. પોતે પાણીમાં ડૂબકીઓ મારીને બન્ને મલ્લોને થોડાં ગળકાં ખવરાવ્યાં અને પછી છોડી દીધા. મુશ્કેલીથી બન્ને જણા બહાર નીકળ્યા. કાંઠે ઊભેલું ટોળું આથી ખૂબ ચિડાઈ ગયું. બધા હાથમાં પથ્થરો લઈને સ્વામીજીના બહાર નીકળવાની રાહ જોતા બેઠા. દૂર પાણીમાં પડ્યા-પડ્યા સ્વામીજી દુશ્મનોની આ મતલબ સમજી ગયા, એટલે પોતે પણ શ્વાસને રૂંધીને પદ્માસન લગાવી પાણી પર બેઠક જમાવી. અંધારું થઈ ગયું. પેલા સમજ્યા કે બાવો ડૂબી મૂઅો. મલકાતા-મલકાતા ચાલ્યા ગયા. એટલે સ્વામીજીએ પણ પાણીમાંથી નીકળીને અધૂરી રહેલી સમાધિ ફરી વાર લગાવી.

*

નગરની બજારમાં એક ફાટેલો સાંઢ લોકોની પછવાડે દોડતો, કૈકને કચરતો ને પટકતો ધસ્યો આવે છે. લોકો અોટલા પર ચઢી ગયા છે અને 'સ્વામીજી! ખસી જાઓ, ચડી જાઓ!' એવી ચીસો પાડે છે. વગર થડક્યે સ્વામીજી સીધા ને સીધા સાંઢની સામે ચાલ્યા ગયા. તદ્દન નજીક ગયા એટલે સાંઢ પોતાની મેળે રસ્તો છોડીને ગરીબ ગાયની માફક ચાલ્યો ગયો. લોકોએ આવીને પૂછ્યું કે 'મહારાજ, સાંઢ શીંગડે ચડાવત તો?'

'તો બીજું શું? શીંગડાં પકડીને દૂર ધકેલી દેત!'

*

જોધપુરમાં મહર્ષિએ મુસલમાન મતનું ખંડન ચલાવ્યું. સાંભળીને જુલા ખાં નામના એક મુસ્લિમના રોમેરોમમાં જ્વાળા ઊઠી, રોષે ભરાઈને અે ગાજી ઊઠ્યા : 'અય સ્વામી! અત્યારે જો મુસલમાનોની રાજસત્તા હોત તો તમે જીવતા ન જાત.'

'ખાં સાહેબ!' સ્વામીજીએ ખાં સાહેબને ધીરેથી ઉત્તર દીધો, 'જો એવો અવસર આવે તો હું કદી થરથરી ન જાઉં, કે ન તો ચૂપચાપ બેઠો રહું. પણ બે-ચાર વીર રાજપૂતોની પીઠ થાબડીને અેવાં તો શૂરાતન ચડાવું કે મુસલમાનોના હોશ ઊડી જાય, ખબર છે ખાં સાહેબ?'

ખીજે બળતા ખાં સાહેબે મૂંગા રહેવું જ ઉચિત માન્યું.

*

ગંગાના ઊંડા જળમાં એક દિવસ સ્વામીજી લેટી રહ્યા છે. એવામાં તેમની લગોલગ થઈને એક મસ્ત મગરમચ્છ નીકળ્યો. કિનારેથી ભક્તજનોએ બૂમાબૂમ કરી મૂકી કે 'મહારાજ, ભાગજો! મગર આવે છે.' લગારે ખસ્યા વગર સ્વામીજીએ મસ્ત દશામાં પડ્યા-પડ્યા જવાબ દીધો કે 'કશી ફિકર નહિ કરતા. હું જો એને નથી સતાવતો તો પછી એ મને શા માટે છેડવાનો હતો?'

પશુબળ ઉપર પણ નિર્દોષતાની આટલી ચોટ નાખનાર દયાનંદ વિશ્વપ્રેમ અને અહિંસાની કેટલી ઊંચી કક્ષાએ પહોંચ્યા હશે એ કલ્પવું કઠિન નથી.

*

એક ગામડામાં સ્વામીજીએ ઉતારો કર્યો. લોકોએ હોંશે-હોંશે એમની પરોણાગત કરી. અેવે વખતે તેઓનો કોઈ ઉત્સવ-દિન આવી પડ્યો. રાત્રિઅે તેઓએ સ્વામીજીને પણ મંદિરે બોલાવ્યા. નગર બહારના એક ઉજ્જડ સ્થળે આવેલા મંદિરમાં ભયાનક દેવીની પ્રતિમા ઊભી છે, પાસે ઉઘાડી તલવારે એક કાળભૈરવ શો પૂજારી ઊભો છે, મદ્યમાંસની સામગ્રી પણ તૈયાર છે. સન્મુખ અશ્લીલ નૃત્યલીલા ચાલે છે. સ્વામીજી પામી ગયા કે આ તો શાક્તધર્મીઓનો અખાડો!

પૂજારી સ્વામીજીને કહે કે 'દેવીને નમન કરો!'

સ્વામીજી કહે, 'આ જન્મે તો અે નહિ બને.'

'એ...મ!' કહી પૂજારી ધસ્યો. સ્વામીજીની બોચી પકડી શિર નમાવવા મથ્યો. ચકિત બનેલા સ્વામી ઊંચે જુએ તો ચોમેર ઉઘાડી તલવારવાળા નર–પિશાચો ઊભા છે. તલવાર ચલાવે તેટલી જ વાર છે.

સ્વામીજીએ છલંગ મારી. પૂજારીના હાથમાંથી તલવાર ઝૂંટવી લીધી. ડાબા હાથનો ધક્કો મારીને પૂજારીને દીવાલ સાથે અફળાવ્યો, તલવાર વીંઝતા-વીંઝતા મંદિરના ચોગાનમાં જઈ પડ્યા. જુઅે તો ત્યાં પણ કુહાડા અને છરા ઉગામીને ટોળું ઊભું છે ને બારણા ઉપર તાળું મારેલું છે. મોતને અને સ્વામીજીને અઢી આંગળનું અંતર છે. કેસરીસિંહ કૂદે તેમ સ્વામીજી કૂદ્યા. દીવાલ પર પહોંચ્યા. બહાર ભૂસ્કો માર્યો. એક રાત ને અેક દિવસ આજુબાજુના ગીચ જંગલમાં છુપાઈ રહ્યા. બીજી રાત્રિઅે પોબાર ભણી ગયા.

*

એક વાર છ-સાત અલમસ્ત મિત્રોએ જઈને સ્વામીજીને કહ્યું, 'મહારાજ, આજ તો અાપના પગ દબાવવાનો ભાવ થાય છે.'

સ્વામીજી સમજી ગયા. છોકરાઓ મારું શરીર-બળ માપવા માગે છે! બોલ્યા 'પગ તો પછી દાબજો. પ્રથમ તો તમે બધા ભેળા મળીને મારા આ પગને ભોંય પરથી જરા ઉઠાવી જુઓ!'

સ્વામીજીએ પગ પસાર્યા. સાત-આઠ યુવકો મંડ્યા જોર કરવા. પરસેવે નીતરી ગયા પણ પગ ન ચસક્યો.

*

'મહારાજ!' રાવળપિંડીના સરદાર વિક્રમસિંહજીએ કટાક્ષ કીધો, 'આપ કહો છો કે

શાસ્ત્રોમાં બ્રહ્મચર્યનો બહુ મહિમા ગાયેલ છે. આપ પોતે પણ આપને અખંડ બ્રહ્મચારી કહેવરાવો છો; છતાં અાપના દેહમાં એ વજ્રકછોટાનો અેવો કશો પ્રતાપ તો અમે ભાળતા નથી!'

મહર્ષિજીએ તે વખતે તો અે સમસ્યાનો કશો ઉત્તર ન દીધો. એમનું રૂંવાડુંયે ન ફરક્યું. લાંબી વાર સુધી સરદાર સાહેબની સાથે પોતે વાર્તાલાપ ચલાવ્યો. પછી જ્યારે નમસ્કાર કરીને સરદાર પોતાની ઘોડાગાડીમાં બેસી ગયા ત્યારે મહર્ષિજીએ છાનામાના જઈને પાછળથી ગાડીને પકડી લીધી.

ડુંગર જેવડા ઘોડા ચસકતા નથી! સરદાર ચાબુક લગાવે છે. ફરી-ફરી ચાબુકના પ્રહાર કરે છે, પણ ઊછળી-ઊછળીને ઘોડા થંભી જાય છે. ગાડી જાણે કે ધરતીની સાથે જડાઈ ગઈ છે. સરદાર જ્યાં પાછળ નજર કરે ત્યાં હનુમાનજતિ શા' સ્વામીજીને હસતા જોયા. ગાડી છોડી દઈને સ્વામીજીએ કહ્યું, 'હવે તો સમસ્યા ટળીને?'

વિસ્મય પામતા સરદાર ચાલ્યા ગયા.

*

'આજે મારી અવસ્થા પચાસ વર્ષ વટાવી ગઈ છે. પરંતુ તમારામાંથી કોઈ પણ માઈનો પૂત હોય તે ચાલ્યો આવે! કાં હું એનો હાથ પકડું ને અે છોડાવી દે; અથવા હું મારો હાથ અક્કડ રાખું તે કોઈ વાળી અાપે. ચાલ્યા આવો, હું બ્રહ્મચર્યનો પરચો બતાવું.'

ગુજરાનવાલાની અે ગંજાવર સભામાંથી એક પણ શીખ બચ્ચો, એક પણ મલ્લરાજ, મહર્ષિનો આ પડકાર ઝીલવાની હામ તે દિવસે ભીડી શક્યો નહોતો.

*

મેરઠ નગરમાં મહારાજે શ્રાદ્ધનું ખંડન કરનારું એક જાહેર ભાષણ દીધું. તેથી ત્યાંના શ્રાદ્ધલોલુપ લાડુભટજીઓ ખિજાયા. જે માર્ગથી સ્વામીજી પોતાના ઉતારા પર જવાના હતા તે માર્ગે ડાંગો લઈ-લઈને અલમસ્ત બ્રાહ્મણો ઓડા બાંધી બેસી ગયા. કહેવા લાગ્યા કે 'આજ દયાનંદ નીકળે તો જીવતો ન જાય.'

સ્વામીજીના પ્રેમીઓને આ વાતની જાણ થઈ. વ્યાખ્યાન પૂરું થયે ભક્તોએ વિનવ્યું કે 'મહારાજ! થોડી વાર ઠેરી જાઓ. રસ્તે જોખમ છે.'

હસીને સ્વામી બોલ્યા, 'ના રે ના! એ બાપડા કશુંયે કરી શકવાના નથી. હું તદ્દન બેધડક છું. ને વળી મેં એક માણસને અત્યારે સમય અાપ્યો છે, એટલે હું રોકાઈ ન શકું.'

એમ કહી એ જ ગલ્લી વીંધીને મહારાજ પોતાની હંમેશાંની ગંભીર ગતિથી ચાલ્યા ગયા. ડંડાબાજો અેકબીજાના મોં સામે જોતા રહ્યા. કોઈએ ઉચ્ચાર સરખો ન કર્યો.

*

'સ્વામીજી! ભલા થઈને જોધપુર જવાનો વિચાર છોડી દો. એ લોકો આપને ઈજા કરશે.'

'મારાં આંગળાંને જલાવીને મશાલ બનાવે તોયે શું? હું જરૂર-જરૂર જઈશ અને સત્યનો સંદેશો આપીશ.'

ગયા, પાખંડ ઉપર વજ્રપ્રહારો કર્યા, કશી ઈજા વગર પાછા આવ્યા.

મહર્ષિનો પડાવ જ્યારે કાશીમાં હતો, ત્યારે ત્યાંના પંડિતોએ ઠરાવ કર્યો કે કોઈએ પાપીની પાસે ન જવું, એનું મોં પણ ન જોવું!

એક મહામહોપાધ્યાયજીને એવો ગર્વ રહ્યો હતો કે જો મારી સાથે વાદવિવાદ થાય તો હું તો અે દુષ્ટને સીધો કરી નાખું! પરંતુ સ્વામીનું મોં જોવાથી તો પોતાને પાપ લાગે! તેથી એ બાપડા પંડિત સ્વામીજીની પાસે જઈ શકતા નહિ. આખરે મોં જોવું જ ન પડે અને વિવાદ થઈ શકે તેવી યુક્તિ એમને અેકાએક સૂઝી ગઈ : યુક્તિ એ કે એક દિવસ રાત્રિઅે અંધારામાં સ્વામીજી પાસે અાવીને પંડિતજી ચર્ચાનું આહ્વાન દેવા લાગ્યા. એણે શરત મૂકી કે 'હું અા છરી લાવ્યો છું. આપણામાંથી શાસ્ત્રાર્થમાં જે હારે તેનાં નાકકાન એ વડે કાપી નાખવાં.'

હસીને સ્વામીજી બોલ્યા : 'પંડિતજી, મારી પણ એક શરત છે : આ ચપ્પુ પણ રાખીએ, આપણામાંથી જે હારે તેની જીભ પણ ચપ્પુ વડે કાપી લેવી. કેમ કે નાકકાન તો બિચારાં આ વાતમાં નિર્દોષ છે. વાદવિવાદમાં જે કાંઈ દોષ થશે તે તો જીભનો જ થશે!'

ઝંખવાણા પડીને પંડિત પાછા વળ્યા.

*

છપરા ગામના પંડિતો પણ સ્વામીજીની સામે ઊઠ્યા અને જગન્નાથ નામના એક પ્રસિદ્ધ પંડિતની સહાય લેવા ગયા. પંડિત બોલ્યા, 'હું તો ઘણોયે દયાનંદનો સામનો કરવા તૈયાર છું, પણ મારે એ દુષ્ટનું મોં જોવાથી પ્રાયશ્ચિત્ત કરવું પડે એ મોટી પીડા છે ને?'

આ સમાચાર જાણીને સ્વામીજી હસતા-હસતા બોલ્યા, 'અરે ભાઈ અેવું હોય તો મારા પાપી મોં પર પડદો ઢાંકી દેજો, પણ એને જરૂર આંહીં તેડી જ લાવજો.'

*

સિંહાસન ઉપર બેસીને સ્વામીજી ઉપદેશ દેતા અને ઉપદેશ પૂરો થયે કોઈને પ્રશ્ન પૂછવા હોય તો તેને બેસવા માટે પોતાની સન્મુખ ખુરસી મુકાવતા. અેક દિવસ એક પંડિત કહેવા લાગ્યો કે 'અમને નીચું આસન શા માટે અાપો છો? તમારા આસન જેટલી જ ઊંચી ખુરસી અમને પણ મળવી જોઈએ.'

સ્વામીજીએ હસીને કહ્યું, 'ભાઈ, હું તો વ્યાખ્યાન દેવાની સુગમતા ખાતર જ ઊંચે બેસણે બેસું છું. છતાંયે જો અાપને અપમાન લાગતું હોય તો સુખેથી એ ખુરસીને મેજ ઉપર ચડાવી, મારા કરતાંયે ઊંચેરા બની અાપ બેસી શકો છો. બાકી તો શું કોઈ ચક્રવર્તી રાજાના મુગટ ઉપર બેસનાર માખી અથવા મચ્છર કાંઈ ઊંચાં બની જતાં હશે? આસનની ઊંચાઈ-નીચાઈ વિચારવાં આપને ન શોભે.'

*

અલીગઢમાં એક દિવસ એક પંડિત મંદિરના ચબૂતરા ઉપર બેસીને સ્વામીજીની સાથે શાસ્ત્રાર્થ કરવા મંડ્યો. સ્વામીજીના કરતાંયે ઊંચા બેસણાનો અા ઘમંડ બીજા સજ્જનોથી ન સહેવાયો. પંડિતને તેઓ સભ્યતાની રીત સમજાવવા લાગ્યા. પણ હઠીલો પંડિત પલળ્યો નહીં. સ્વામીજીએ પ્રસન્ન વાણીમાં લોકોને કહ્યું કે 'શા સારુ એ બિચારા જીવને સતાવો છો? એમાં કશી હાનિ નથી. ભલેને એ પંડિત ઊંચે આસને બેઠા. ઊંચા આસનથી જ કંઈ કોઈને મહત્તા મળી જતી નથી. એમ તો જુઓને, પેલો કાગડો તો પંડિતજીના કરતાંયે ઊંચેરા પેલા ઝાડ ઉપર બેઠો છે!'

સાંભળીને પંડિત મહાશય નીચે પધાર્યા.

*

દિનાપુર શહેરમાં મુસલમાનોએ સ્વામીજીના આંદોલન ઉપર કોપ–દૃષ્ટિ કરવા માંડી છે. ભક્તોએ કહ્યું, 'મહારાજ, એ લોકની વિરુદ્ધ આપ કાંઈ ન બોલશો. વાત-વાતમાં તેઓ લડવા ખડા થઈ જાય છે.' તે વખતે સ્વામીજી કાંઈ ન બોલ્યા પણ સાંજરે ભરસભામાં તેમણે ઉચ્ચાર્યું —

'છોકરાઓ મને કહે છે કે મુસલમાન મતનું ખંડન ન કરો. પણ હું સત્યને શી રીતે છુપાવું? વળી જ્યારે મુસલમાનોનું પરિબળ ચાલતું હતું ત્યારે તેઓએ તો આપણું ખંડન ખડગથી કર્યું હતું. છતાં અાશ્ચર્યની વાત છે કે અાજે મને તો શબ્દોથીયે ખંડન કરવાની મના થઈ રહી છે!'

*

'સ્વામીજી!' એક કૃષ્ણભક્ત ચપટી ધૂળ લઈને આવ્યો, 'સ્વામીજી! કૃષ્ણ ભગવાને બાળપણમાં માટી ખાધી હતી, એટલે હું એ બાળ-લીલાની આ પ્રસાદી આપને ચખાડવા આવ્યો છું.'

હાજરજવાબી સ્વામીજી બોલ્યા, 'ભોળા ભાઈ, છોકરાં તો માટી ખાય! કૃષ્ણે કદાચ નાનપણમાં ખાધી હશે, પણ એટલા માટે આપણાથી–ઉમરલાયક મનુષ્યોથી તે અેવી નાદાની થાય ખરી?'

*

મધપૂડાને મધમાખીઓ વળગે તેમ દિલ્હીમાં સ્વામીજીની ચોગરદમ મનુષ્યોની ગિરદી વીંટળાવા લાગી. મૂર્તિપૂજાના ખંડનથી ખુશ થનારા ઇસ્લામીઓ પણ દોડ્યા આવ્યા. પણ સ્વામીજી તેઓના અજ્ઞાનને ઓળખતા હતા. એક મુસ્લિમ સજ્જને આવીને કહ્યું : 'આપ હિન્દુઓની મૂર્તિપૂજાનું ખંડન કરો છો અે બહુ સારું કાર્ય છે. અમારા મજહબને અનુકૂળ જ થઈ રહ્યું છે.'

'ભાઈ, તમે ભૂલો છો.' સ્વામીજીએ જવાબ વાળ્યો; 'હું તો તમામ મૂર્તિપૂજાનું ખંડન કરું છું; અને ઇસ્લામનેય મૂર્તિપૂજા ક્યાં નથી? હિન્દુઓની પ્રતિમા તો ચાર આંગળથી માંડીને બહુ તો એક હાથ જેટલી ઊંચી હોય છે. એને તો હરકોઈ પ્રકારે હટાવી શકાશે, પરંતુ મુસલમાનોની મૂર્તિઓ તો કબરો, હજીરા અને મિનારાને સ્વરૂપે મોટાં-મોટાં મકાનો જેવડી ઊભી છે. અેટલે ખરી મુશ્કેલી તો એ તમારી મૂર્તિપૂજાને હટાવવામાં જ પડે છે!'

ચકોર મુસલમાન આ શબ્દોના આંતરિક મર્મને સમજી જઈ ચૂપ બન્યો.

સ્વમાનપ્રેમી

જ માલપુર જંક્શનના ચોગાનની અંદર સ્વામીજી એક વાર ગાડીની રાહ જોતાં-જોતાં ટેલી રહ્યા છે. એક અંગ્રેજ એન્જિનિયર પણ પોતાની પત્ની સહિત ત્યાં ઊભો છે. આ કૌપીનધારી સાધુને પોતાની સમક્ષ નિર્લજ્જપણે ટેલતો દેખીને મડમ સાહેબને ગુસ્સો ચડ્યો. તેના ગોરા ભરથારે સ્ટેશનમાસ્તરને આજ્ઞા કરી કે ‘આ નાગડાને અમારી નજરથી બહાર હટાવો.’

સ્ટેશનમાસ્તર તો મહર્ષિને ઓળખતો હતો. એણે આવીને સ્વામીજીને યુક્તિપૂર્વક વિનવ્યા કે ‘મહારાજ, ગાડીને હજુ વાર છે. આપ પેલી બાજુ આવીને ખુરશી પર જરા આરામ કરશો?’

સ્વામીજી સમજી ગયા, બોલ્યા કે ‘જેણે આપને મારી પાસે મોકલ્યા છે તેમને જઈને કહો કે અમે તો એ યુગના મનુષ્ય છીએ કે જે યુગમાં તમારા દાદા આદમ અને દાદી હાવાં, એડનના બગીચામાં તદ્દન નગ્ન શરીરે રઝળવામાં જરાયે લજ્જા નહોતાં પામતાં!’

આટલું કહીને સ્વામીજીએ તો લટાર મારવાનું ચાલુ જ રાખ્યું. પછી જ્યારે પેલા ગોરા એન્જિનિયરને સ્વામીજીના નામની ખબર પડી, ત્યારે તો એણે તત્કાળ સ્વામીજીની પાસે આવીને વિનયથી વંદન કરી ભાવભર્યા શબ્દો ઉચ્ચાર્યા કે ‘આપશ્રીનાં દર્શનની ઘણા કાળની ઉમેદ આજે તૃપ્ત થઈ.’

*

આગ્રામાં ખ્રિસ્તી ધર્મના બિશપની સાથે સ્વામીજીને ચર્ચાના પ્રસંગો પડેલા હતા. ઉદાર દિલના મહર્ષિ એક વખત ખ્રિસ્તીનું દેવળ જોવા ગયા. અંદર દાખલ થાય છે ત્યાં દરવાજે ઊભેલા ખ્રિસ્તીએ કહ્યું, ‘મહારાજ, પાઘડી ઉતારીને પ્રવેશ કરો.’

સ્વામીજીએ થંભીને ઉત્તર દીધો, ‘અમારા દેશની રીતિ પ્રમાણે તો માથા પર પાઘડી બાંધીને જવું એ જ સભ્યતાનું ચિહ્ન છે. એટલે મારા દેશની સભ્યતા વિરુદ્ધ હું નહિ વર્તું. હા, આપ કહો તો જોડા ઉતારી નાખું.’

ખ્રિસ્તીએ કહ્યું, ‘ત્યારે તો બંને ઉતારી નાખો.’

સ્વામીજી દરવાજેથી જ પાછા ફરી ગયા. સ્વમાનનો ભંગ એ એમને માટે તો જીવતું મોત હતું.

*

જયપુર રાજ્યના એક મોટા અધિકારીને એક સજ્જને કહ્યું કે ‘ચાલો સ્વામીનાં દર્શન કરવા.’

પેલા અધિકારીએ જવાબ દીધો કે ‘તમે તો દર્શનનું કહો છો, પણ હું જો મારું ચાલે તો એને કૂતરાને મોંએ ફાડી ખવરાવું!’

શ્રાદ્ધ અને મૂર્તિપૂજાના ખંડનથી જયપુર નરેશ પોતે પણ સ્વામીજી ઉપર કોચવાયા. સ્વામીજીને માથે રાજ-રોષનું ચક્કર ફરવા લાગ્યું.

ઠાકુર લક્ષ્મણસિંહજી નામના ભાવિક ક્ષત્રિયે જયપુર રાજના કચવાટની વાત જાણ્યા પછી મહર્ષિને વિનવ્યા કે ‘આવી હાલતમાં આપને આંહીં રહેવું ઉચિત નથી. આપના શિર પર જોખમ ભમે છે.’

સ્વામીજી બોલ્યા, ‘ઠાકોર! મારે માટે મા ડરો. પણ આપને પોતાને જ જો જયપુરપતિની નારાજીનો ડર હોય તો સુખેથી આપ મારી કને આવવું બંધ કરી શકો છો. આપ રાજના તાબેદાર છો. પણ હું તો કોઈ માનવીનો નોકર નથી. મારા આત્માને તો કોઈ મનુષ્ય

છીનવી શકવાનો જ નથી. તો પછી મારી કને બીજી અેવી કઈ વસ્તુ છે કે જે છિનવાઈ જવાનો મને ડર હોઈ શકે?'

*

લાહોરમાં નવાબ નિવાજિશ અલ્લીખાનની કોઠીમાં જ મહારાજનો ઉતારો હતો. ત્યાં જ બેસીને મહારાજે લોકો સમક્ષ મુસલમાન મતની વિવેચના ચલાવી. નવાબ પોતે પણ એ વ્યાખ્યાનમાં આવી ચડ્યા. વ્યાખ્યાન થઈ રહ્યા બાદ એક સજ્જને સ્વામીને કહ્યું, 'આપને કોઈ હિન્દુ, મુસલમાન કે ખ્રિસ્તી પણ ઊતરવાનું મકાન દેતો નથી. ઉપકાર માનો નવાબ સાહેબનો કે અેણે ઉતારો દીધો. છતાં ઊલટું આપે તો એને દુ:ખ લાગે તેવી રીતે એના જ છાંયડા તળે મુસ્લિમ પંથની ચર્ચા કરી. નવાબ સાહેબ પણ એ સાંભળી રહ્યા હતા!'

સ્વામીજી બોલ્યા, 'ભાઈ, હું તો આંહીં કાંઈ મુસલમાન ધર્મની કે બીજા કોઈ ધર્મની યશગાથાઓ ગાવા નથી અાવ્યો; હું તો અાવ્યો છું વેદધર્મનો ખુલ્લો પ્રચાર કરવા. અને નવાબને ભાળ્યા પછી તો ઊલટો હું જાણી-બૂઝીને જ આર્યધર્મની મહત્તા સમજાવી રહ્યો હતો. એનો મને શો ડર છે? એક નારાયણ સિવાય મને બીજા કોઈની ધાસ્તી નથી.'

*

એક દિવસ સ્વામીજીના રસોયાનો કાકો મહેમાન આવ્યો. એ પોતાના ભત્રીજાને ભંભેરવા લાગ્યો કે 'તારો સ્વામી જમી રહ્યા બાદ તારે જમવું પડતું હશે. એ રીતે તો રસોઈ અજીઠી બની ગઈ ગણાય. માટે હવેથી તું સ્વામીજીને ચોકાની બહાર બેસાડીને ભોજન દેતો જાજે.'

ત્યાં તો સ્નાન કરીને સ્વામીજી આવી પહોંચ્યા, આવીને પોતાની મેળે જ ચોકાની બહાર બેસી ગયા, બહાર જ થાળી મંગાવી.

રસોયો પૂછે છે, 'મહારાજ, ત્યાં કેમ બેઠા?'

'ભાઈ, તને અને તારા કાકાને તો ન્યાત બહાર મુકાવાનો ભય છે. પણ હું તો હરકોઈ ઠેકાણે ભોજન પામી શકીશ. મને કશો ડર નથી. તમને હું શા માટે નાહક જોખમમાં ઉતારું!'

રસોયો તાજ્જુબ બન્યો. સ્વામીજીએ વાત શી રીતે જાણી લીધી! ન સમજી શકાયું.

ચમકારા

વિધાર્થીઓને સાથે લઈને ઘૂમતા-ઘૂમતા સ્વામીજી કાસગંજમાં આવ્યા. પોતે જ્યાં હોય ત્યાં હંમેશાં પોતાની પહેલી દૃષ્ટિ એ બટુકોનાં જ સુખસાધન પર ફરી વળતી. આ વખતે પોતે જોયું કે બટુકોને સૂવાની જગ્યા પર પવનને રોકવાની પૂરી સગવડ નથી. એટલે ત્યાં એક દીવાલ ખડી કરવાનું સેવકોને પોતે કહી દીધું. પણ મજૂરો ન મળવાથી દીવાલ ચણાઈ નહિ. ફરી પોતે કહ્યું કે 'કાંઈ નહિ. ઘાસનું વાછટિયું કરીને ભિડાવી દો ને!' પણ પોતે જોયું કે સેવકોને વાછટિયું બનાવતાંયે આવડતું નથી. તુરત પોતે સ્વહસ્તે એ વાછટિયું બનાવવા મંડી પડ્યા અને એની કારીગીરી સેવકોને સમજાવી દીધી. પોતે કશું અસાધારણ નિરભિમાનીપણું બતાવી દેતા હોય કે શિષ્યોને ટોંણો મારતા હોય એવો લગારે દેખાવ ન થવા દીધો.

*

ફરૂકાબાદના મૅજિસ્ટ્રેટ સ્કોટ સાહેબને મહર્ષિજી ઉપર ભારી મમતા જામી. વ્યાખ્યાનો કદી ચૂકે નહિ. અને વ્યાખ્યાન બંધ હોય તે દિવસ દર્શન ભૂલે નહિ.

ફરૂકાબાદની બજારમાં એક સડક પહોળી થઈ રહી હતી. સડકને કાંઠે એક મઢી હતી. એ મઢીમાં લોકો હંમેશાં ધૂપદીવો કરતા હતા. અંધશ્રદ્ધાળુ આર્યસમાજીઓએ આવીને સ્વામીજીને સૂચવ્યું કે 'મહારાજ, સ્કોટ સાહેબ આપને અત્યંત આધીન બની ગયા છે. એમને લગાર ઇશારો કરો તો લોકોના વહેમોને નાહક પોષી રહેલી આ મઢીને સહેલાઈથી ઉખેડી શકાશે.'

સ્વામીજીએ કોચવાઈને ઉત્તર વાળ્યો : 'બંધુ, આવી ઊંધી મોંપાટ મને કાં લેવરાવો? એ તો નીચતાનો રસ્તો કહેવાય. મુસલમાન બાદશાહોએ સેંકડો મંદિરોને મૂર્તિઓ સાથે જમીંદોસ્ત કરી નાખ્યાં, તોયે તેઓ મૂર્તિપૂજાને અટકાવી નથી શક્યા એ વાત કાં ભૂલી જાઓ! આપણું કામ તો ભાઈ, મનુષ્યોના હૃદય–મંદિરોમાંની મૂર્તિઓને હટાવવાનું છે, ઈંટ-પથ્થરનાં દેવાલયો તોડવાનું નહિ.'

*

મુરાદાબાદના પાદરી પાર્કર સાહેબે મહર્ષિજી સાથે પંદર દિવસ સુધી ધર્મચર્ચા ચલાવી. છેલ્લો સવાલ એ હતો કે 'સૃષ્ટિ સરજાઈ ક્યારે?'

પાદરી સાહેબ કહે, 'પાંચ હજાર વર્ષો પૂર્વે.'

બાજુના ખંડમાંથી એક બિલોરી પથ્થર લાવીને મહારાજે શ્રોતાઓની સન્મુખ ધર્યો. બ્રિટિશ ઇન્ડિયન એસોસીએશનના સભાસદો બેઠા હતા તેમને સ્વામીજીએ પૂછ્યું, 'આપ તો ભૂસ્તરવિદ્યાના પારગામી છો. કૃપા કરીને કહો જોઉં, આ પથ્થરને આ દશાએ પહોંચતાં કેટલો કાળ લાગ્યો હશે?'

'એક લાખ વર્ષો.' વિદ્વાન ગોરાઓએ ઉત્તર દીધો.

'તો હવે બોલો પાદરી મહાશય, સૃષ્ટિ સરજાયે પાંચ જ હજાર વર્ષો થયાં હોય તો પથ્થર ક્યાંથી આવી પડ્યો?'

પાદરીની જીભના લોચા વળવા લાગ્યા.

*

સર સૈયદ અહમદ નામના ખાનદાન, જ્ઞાનપિપાસુ મુસ્લિમ સજ્જને એક વાર સ્વામીજીને પ્રશ્ન કર્યો, 'મહારાજ, બીજી વાતો તો ઠીક, પરંતુ થોડાએક હવનથી આખી હવા પવિત્ર બની જાય, એ વાતનો ઘૂંટડો મારે ગળે નથી ઊતરતો.'

સ્વામીજીએ સામો સવાલ કર્યો, 'સૈયદ મહાશય, આપને ઘેર રોજ કેટલાં માણસોની

રસોઈ રંધાય છે?'

'પચાસથી સાઠની.'

'એટલાને માટે રોજ કેટલી દાળ ઓરો છો?'

'છ-સાત શેર.'

'એટલી દાળમાં હિંગ કેટલી નાખો છો?'

'બહુ તો રૂપીઆભાર.'

'એમ કેમ? એટલી થોડી હિંગ આટલી બધી દાળને શી રીતે સુવાસિત કરી શકે?'

'બેશક, એ તો કરે છે જ.'

'તો પછી, ખાં સાહેબ, થોડીએક હિંગની માફક થોડો-એક હવન પણ ઘણી મોટી હવાને શુદ્ધ કેમ ન કરી શકે!'

મુસ્લિમે કાન પકડીને કબૂલ કરી લીધું.

અશ્રુધારા

એક દિવસ સાંજરે ગંગાના તટ ઉપર બેસીને સ્વામીજી સૃષ્ટિસૌંદર્ય જોતા હતા. તે વખતે એક મરેલા બાળકને લઈને એક સ્ત્રી કિનારે આવી. પોતાના બચ્ચાના મૃતદેહને હાથમાં ઉપાડીને એ બાઈએ પાણીમાં પ્રવેશ કર્યો. થોડા ઊંડા પાણીમાં જઈને એણે એ શબ ઉપર લપેટેલું કપડું ઉતારી લીધું અને 'હાય! હાય!' એવા આર્તનાદ કરતાં-કરતાં એણે શબને પ્રવાહમાં વહેતું મેલ્યું.

સ્વામીજીએ જોયું કે એ ખાપણના ટુકડાને ધોઈ સુકાવીને, રડતી-રડતી અે માતા ઘેર ઉપાડી જાય છે. આ દેખાવ જોઈને એમનું હૃદય ચિરાઈ ગયું. એમણે વિચાર્યું કે અરેરે! દેશની શું અાટલી ગરીબી, કે આ જનેતાએ પોતાના કલેજાના ટુકડા સરખા પેલા પ્યારા બાળકને તો નદીમાં ફેંકી દીધું, છતાં વસ્ત્રનો ટુકડો ન જવા દીધો! ગરીબીનો આથી વધુ સજ્જડ પુરાવો બીજો કયો હોઈ શકે!

તે જ પળે એમણે પ્રતિજ્ઞા કરી કે આ ગરીબોની ભાષામાં જ મારા જ્ઞાનનો પ્રચાર કરી એમનાં દુ:ખોને ફેડવા, ઇલાજો લઈશ.

*

ભાગલપુરમાં મુકામ હતો તે વેળા એક રાત્રિઅે સ્વામીજીએ ભોજન ન લીધું, ભોજન મોકલનાર ભક્તે કારણ પૂછતાં જવાબ મળ્યો કે 'ભાઈ! ભોજન આજે ભાવે તેમ નથી, અહીં મેળામાં આવનાર લોકો પંડાઓને પોતાની દીકરીઓ સુધ્ધાંનાં પણ દાન કરે, એટલું બધું અજ્ઞાન આ દેશમાં પ્રવર્તેલું જોઈને મને ધાનનો કોળિયો ઝેર જેવો લાગે છે!'

એવી અંધારી અજ્ઞાન–રાત્રિમાં આ દેશ ફસાયેલો હતો અને એવાં અંધારાં ભેદીને દયાનંદને પોતાનો જીવનપંથ કાપવાનો હતો.

*

ગુજરાતના એક ગામડાના લોકો આવી વિનવવા લાગ્યા કે 'મહારાજ, નગરવાસીઓ તો ઉત્તમ પદાર્થો વડે અાપનાં સ્વાગત કરે છે. અમો કિસાનોની પાસે તો એવા ફળ-મેવા ક્યાંથી હોય? એક વાર પધારો તો પોંક ખવરાવીએ.'

સ્વામીજી બોલ્યા, 'ભાઈ, ધનવાન અને નિર્ધન વચ્ચે મારી દૃષ્ટિઅે કદી ભેદ દીઠા નથી. ઊલટાનો તમારો પોંક મને વધુ મીઠો લાગશે. આજ તો નહિ કાલે આવીશ.'

કિસાનો રથ જોડીને આવ્યા. પણ સ્વામીજી રથમાં ન બેઠા. પગપાળા જ ચાલ્યા. રસ્તે એટલી ઝડપથી ચાલતા કે કિસાનો પાછળ રહી જતા. માર્ગે પોતે સાદી વાણીમાં ઉપદેશ આપતા આવે છે કે 'બાળવિવાહ ન કરો. જેમ કાચા લણેલા મોલ એળે જાય છે તેમ કાચી ઉંમરે પરણાવેલાં સંતાનો પણ વહેલાં નાશ પામે છે.'

વડલાને છાંયડે સ્વામીજી ભોંય ઉપર જ બેસી ગયા. લોકો વીંટળાઈ વળ્યા. મીઠાશથી પોંક ખાધો. કિસાનો કહે 'મહારાજ, અમ જેવા કંગાલો પર મહેર કીધી.'

'ભાઈ, તમે કંગાલ શાના? તમે તો પરિશ્રમી છો. તમારી આજીવિકા નિર્દોષ છે. તમે જ પરસેવો રેડીને ઉગાડેલ અનાજ ઉપર રાય અને રંક સહુ ગુજારો કરે છે.'

*

ફરૂકાબાદમાં જ્ઞાન-ચર્ચા ચાલી રહી છે, એવે ટાણે એક સ્ત્રી પોતાના મરેલા બાળકને મેલાં, ફાટલાં વસ્ત્રો લપેટીને દાટવા લઈ જાય છે. સ્વામીજીએ પૂછ્યું, "માતા! મૃત્યુનુંયે આટલું અપમાન! તારા પ્રાણ સરખું બાળક મરી ગયું અને તારે ગળેથી અેક સ્વચ્છ, સફેદ વસ્ત્રનો ટુકડોયે ન છૂટ્યો!"

સ્ત્રી રડી પડી. બોલી. “ટુકડો ક્યાંથી કાઢું? પૈસા નથી.”
સાંભળીને સ્વામીજીની આંખોમાંથી પણ દડ-દડ આંસુની ધારા ચાલી.

* * *